Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૩ ● અંક : ૨૧૫
તા.૧૧-૦૯-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૬ સૂર્યાસ્ત : ૦૬:૪૯

તાપમાન: ડીસા ૩૫.૨, અમદાવાદ ૩૪.૨, ગાંધીનગર ૩૫.૦, વડોદરા ૩૪.૪, સુરત ૩૩.૪, નલિયા ૩૨.૦

ચાંદી : ૪૧૨૦૦ સોનું : ૩૦૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# "અડીખમ ગુજરાત" ભાજપ દ્વારા ચૂંટણીના શ્રીગણેશ

## અમદાવાદમાં અધ્યક્ષ અમિત શાહનો 'ટાઉન હોલ' કાર્યક્રમ: યુવા મતદારોને આકર્ષવા માટે ભાજપની કવાયત : ૨૫૦ થી વધુ સ્થળે વીડિયો કોંન્ફરન્સથી સંવાદ




અમદાવાદ

વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે યુવા મતદારોને આકર્ષવા માટે ભાજપે કવાયત હાથ ધરી દીધી છે. એજ રણનીતિના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અડીખમ ગુજરાતના નામે યુવા ટાઉનહોલ કાર્યક્રમથી આજે લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો. રાજયના ૨૫૦ જેટલાં સ્થળોએથી દોઢ લાખ કરતા વધારે યુવાનો સાથે વીડિયો કોંન્ફરન્સના માધ્યમથી અમિત શાહે તેમના સવાલોના જવાબ આપ્યા હતા તેવો ભાજપ દ્વારા દાવો કરાયો છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતનો વિકાસ કર્યો હોવાનું ટાઉન હોલ કાર્યક્રમમાં અમિત શાહે જણાવ્યું હતું.અનામત એક સંવૈધાનિક વ્યવસ્થા છે, એક સમયે તેના પર્સેન્ટેજ વધતા હતા. સુપ્રીમની ખંડપીઠે એક ઓર્ડર આપી ગાઈડલાઈન આપી. ૧) જે અનામત આપી હોય ૫૦ ટકાથી વધુ ન મળે ૨) એસ-એસટીની અનામતમાં કોઈ ફેરફાર ન થાય, ઓબીસીમાં ઉમેરો થઈ શકે છે, અમે પાટીદાર યુવાનોને એક ન્યાયિક પ્રક્રિયા છે તેને લઈને આગળ વધવા કહ્યું હતું, પાટીદાર આંદોલન પહેલું નથી પહેલા પણ થયા છે. ૨-૩ આંદોલન રાજનીતિમાં પરિણમ્યા છે. હવે પાટીદાર આદોલનમાં કેવા ફેરફારો આવે છે તે જોજો. દલિત અત્યાચારોના આંકડો હોમ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પર જોશો તો ગુજરાતમાં ઓછો મળશે. ઉનાની ઘટના કમનસીબ છે.

## વિચાર વૈભવ...

કેટલાક લોકો પોતાને બધી જ બાબતોમાં નિષ્ણાંત-હોશિયાર- પ્રવીણ માનતા હોય છે અને એની પાસે આવનાર કોઈને પણ, કોઈ ને કોઈ ક્રિયામાંથી 'દોષ' બતાવીને એને નાનો ચીતરવા પ્રયત્નશીલ રહેતા હોય છે. અર્થાત્ એમના સ્વભાવમાં 'દષ્ટિદોષ' જ હોય છે.. સંત સ્વભાવ કોઈના દોષ જોતો નથી. કોઈમાં શું સારૂં છે એની જ નોંધ લે છે.

સંત હઝરત અલી ત્રણે ટાઈમ, નિયમિત શાંતિથી સ્વછતાથી મનથી નમાજ પઢતા. તેમની નમાજનો ખુબ જ પ્રભાવ હતો. કેટલાક રૂઢિચુસ્ત અનુયાયીઓ તો તેમને નમાજ પઢતા જોઈને જ ભાવવિભોર થઈ જતા...

એકવાર, હઝરત અલીની નમાજ પૂર્ણ થઈ. આસપાસ પવિત્રતા હતી. ત્યાં એક બંદગીદારે પૂછ્યું, 'બાબા મારી નમાજમાં ક્યાં - કેટલીવાર-કેવી ભૂલ થાય છે એ મને કૃપા કરીને કહો!'

સંત હઝરતે કહ્યું, 'જો ભાઈ! મને કોઈની ભૂલ- ચૂક જોવાની બિલકુલ આદત નથી અને નમાજ જેવી ઈબાદતમાં ભૂલ તો હોય જ ક્યાંથી? આમ છતાં હું નમાજ પઢતો હોઉં ત્યારે ધ્યાનથી જોજે અને તારી ભૂલ સમજાય તો, સમજીને સુધારી લેજો!'

સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### ભારતીય ટીમમાં કુલદીપ, ચહેલ ઇન : અશ્વિન અને જાડેજા આઉટ

નવી દિલ્હી

બીસીસીઆઈની પસંદગી સમિતિએ ઓસ્ટ્રેલિયાની સામે રમાનારી વનડે શ્રેણીની શરૂઆતની ત્રણ મેચો માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી હતી. પાંચ મેચોની શ્રેણીની પ્રથમ મેચ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે રમાશે જ્યારે છેલ્લી વનડે મેચ પહેલી ઓક્ટોબરના દિવસે રમાશે ત્યારબાદ ત્રણ ટી-૨૦ મેચો રમાશે. શરૂઆતની ત્રણ મેચોમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજાને સ્થાન આપવામાં આવ્યું નથી. આ સિરીઝ માટે ચાઈનામેન કુલદીપ યાદવની પસંદગી કરવામાં આવી છે. શ્રીલંકાને તેના ઘરમાં જ હારમાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર અશ્વિનને પાંચ મેચોની વનડે શ્રેણીમાં આરામ આપવાનો નિર્ણય કરાયો છે. હવે પ્રથમ ત્રણ મેચમાં પણ જગ્યા આપવામાં આવી નથી. હાલમાં જ શ્રીલંકાની સામે વનડે ટી-૨૦ શ્રેણીમાં રમી ચુકેલા મોટાભાગના ખેલાડીઓ સ્થાન જાળવવામાં સફળ રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની સામે ટીમ ઈન્ડિયામાં ઝડપી બોલર ઉમેશ યાદવ અને મોહમ્મદ સામીની વાપસી થઈ છે. શ્રીલંકાની સામે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એન્ટ્રી કરનાર શાર્દુલ ઠાકુરને ટીમમાં જગ્યા મળી નથી. શ્રીલંકાના પ્રવાસ માટે પસંદગી પામેલા મનિષ પાંડે, કેદાર જાદવ, કુલદીપ યાદવ, અક્ષર પટેલને ટીમમાં જગ્યા મળી છે.

## વર્તમાન મોદી સરકારનું અંતિમ ફુલ બજેટ રહેશે

# આગામી સપ્તાહથી બજેટ કવાયત વિધિવત શરૂ થશે

### ૨૦૧૯માં સામાન્ય ચૂંટણી યોજાશે : જેટલી સતત પાંચમુ બજેટ રજૂ કરશે : બજેટ કવાયતને લઇ તૈયારી શરૂ થઇ

નવીદિલ્હી

જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદ ભારતના પ્રથમ કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯ ઉપર કામ આગામી સપ્તાહમાં શરૂ થશે. નાણામંત્રાલય દ્વારા જુદી જુદી પ્રક્રિયાઓ માટે સમય મર્યાદા જારી કરી દીધી છે. ફેબ્રુઆરી મહિનામાં બજેટ રજૂઆત સાથે આ પ્રક્રિયા ચાલશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા આ સંપૂર્ણ બજેટ તરીકે રહેશે. પહેલી જુલાઈના દિવસે ભારતના સૌથી મોટા ટેક્સ સુધારા જીએસટીને અમલી બનાવી દેવામાં આવ્યા બાદ હવે સામાન્ય ચૂંટણી પહેલા સરકારના છેલ્લા સંપૂર્ણ બજેટ તરીકે પણ આને ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે બજેટની પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે. કસ્ટમ ડ્યુટી, સેન્ટ્રલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સના વડાઓ હેઠળ ટેક્સ રેવેન્યુ પ્રોજેક્શનની પ્રક્રિયા યોજાઈ ચુકી છે. એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ જીએસટીમાં મર્જ કરી દેવામાં આવ્યા બાદ આના આંકડા પણ ઉપયોગી સાબિત થનાર છે. જીએસટીના રેટ કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે બજેટની પ્રક્રિયા ખુબ જ ઉપયોગી સાબિત થઇ શકે છે. પ્રત્યક્ષ કરવેરામાં ફેરફાર માટે દરકાસ્ત આવી રહી છે જેમાં પર્સનલ ઈન્કમટેક્સ અને કોર્પોરેટ ટેસ્ટ ઉપરાંત કસ્ટમ ડ્યુટીનો સમાવેશ થાય છે. નવી સ્કીમ સાથે બજેટમાં આ ટેક્સને નવીરીતે રજૂ કરવામાં આવી શકે છે. નાણામંત્રી અરુણ જેટલીનું આ સતત પાંચમું બજેટ રહેશે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા મોદી સરકારનું આ અંતિમ સંપૂર્ણ બજેટ રહેશે. ચૂંટણી વર્ષમાં મર્યાદિત ગાળા માટે જરૂરી સરકારી ખર્ચ માટે મંજુરી અથવા તો વોટ ઓન એકાઉન્ટની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે જ્યારે નવી સરકાર દ્વારા સંપૂર્ણપણે બજેટ રજૂ કરવામાં આવે છે.

## સરહદ પર માર્ગ નિર્માણની પ્રક્રિયા પણ ઝડપી

# ચીનનો સામનો કરવા સરહદે રેલ્વેની જાળ બિછાવવા તૈયારી

### ચીન સરહદ ઉપર આવેલા વિસ્તારોમાં માર્ગ પ્રોજેક્ટની સાથે સાથે રેલ્વેની જાળ બિછાવવા સર્વે કામગીરી કરાઈ

નવીદિલ્હી

ડોકલામ વિવાદ બાદ ભારતે જ્યાં એકબાજુ ચીની સરહદથી જોડાયેલા વિસ્તારોમાં માર્ગો સાથે સંબંધિત પ્રોજેક્ટોને ગતિ આપી દીધી છે. બીજી બાજુ રેલવેની જાળ બિછાવવા માટે પણ સર્વેની કામગીરી ઝડપી કરી દેવામાં આવી છે. ચીન ઝડપથી સરહદી વિસ્તારોમાં માર્ગો અને રેલવેની જાળ બિછાવી રહ્યું છે જેમાં તેને હાલમાં ભારત પર વ્યૂહાત્મક લીડ મળેલી છે. હવે ભારત પણ તેનો સામનો કરવા માટે સરહદ ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ચીની સરહદ સાથે જોડાયેલા વિસ્તારોમાં વ્યૂહાત્મક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ચાર રેલવે લાઈનની યોજનાને અમલી બનાવવાની તૈયારી ચાલી રહી છે.

આ ચાર લાઈનો ઉપર સર્વે માટે સરકારે ૩૪૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી દીધી છે. જેમાં સંરક્ષણ મંત્રાલય તરફથી ૮૭ કરોડ રૂપિયા ૨૦૧૬-૧૭ માટે જારી કરવામાં આવી ચુક્યા છે. રેલવે રાજ્યમંત્રી રાજેન ગોહને ગયા વર્ષે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતું કે, જે ચાર સ્ટેટેજીક રેલવે લાઈનની તૈયારી ચાલી રહી છે તેમાંથી એક વેસ્ટર્ન ફ્રન્ટ ઉપર અને બાકી ત્રણ ઈસ્ટર્ન ફ્રન્ટ ઉપર બનાવવામાં આવનાર છે. સર્વેની કામગીરી વધુ ઝડપી કરી દેવામાં આવી છે. બીજી બાજુ ડોકલામ જેવા પડકારોને પહોંચી વળવા માટે આવનાર કેટલાક વર્ષોમાં નવી વ્યૂહરચના સાથે ભારત આગળ વધનાર છે. ડોકલામ જેવા ભાવિ વિવાદોને ટાળવા સરહદ ઉપર માર્ગ નિર્માણની કામગીરી તીવ્ર કરવામાં આવી છે. ઉંચાઈ ઉપર સ્થિતિ કેટલાક મહત્વપૂર્ણ માર્ગોના નિર્માણને વર્ષ ૨૦૨૦-૨૧ની સમય મર્યાદા પહેલા પૂર્ણ કરી લેવામાં આવનાર છે. ભારત ચીન સરહદ ઉપર કુલ ૬૧ રોડ પ્રોજેક્ટો ચાલી રહ્યા છે જેને ૨૦૨૧ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે. સરકારે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)ની નાણાંકીય ક્ષમતાને વધારી દીધી છે.

## સતત ત્રીજા દિવસે સર્ચ બાદ કામગીરી પૂર્ણ કરાઈ

# સઘન સુરક્ષા વચ્ચે બાબાના ડેરામાં સર્ચ કામગીરી પૂર્ણ

### ફટાકડાની ફેક્ટ્રી, વિસ્ફોટકો, સુરંગ અને દવા પ્રથમ બે દિવસ દરમિયાન મળ્યા બાદ નવી નવી ચીજો મળી આવી

સિરસા

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને સાવચેતીના પગલારુપે આજે પણ ડેરા સચ્ચા સૌદાના હરિયાણાના સિરસા નજીક હેડક્વાર્ટરમાં સર્ચ ઓપરેશન આજે સતત ત્રીજા દિવસે હાથ ધરવામાં આવ્યા બાદ મોડેથી સર્ચ કામગીરી પૂર્ણ જાહેર કરાઈ હતી. હવે હાઈકોર્ટને રિપોર્ટ સોંપવામાં આવશે. આજે પ્રક્રિયા વહેલી સવારે શરૂ થઇ ગઇ હતી. મોટી સંખ્યામાં અધિકારીઓ અને સુરક્ષા જવાનો આમા જોડાયા હતા. શનિવારના દિવસે એક ગુફા અને ગુરમિત રામ રહીમ સિંહના ગુપ્ત સ્થળોનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. મહિલા શિષ્યોની હોસ્ટેલના ક્વાર્ટરો અંગે પણ માહિતી મળી હતી. તે પહેલા તપાસ દરમિયાન ગેરકાયદે હથિયાર બનાવવાની ફેક્ટરી પકડી પડાઈ હતી. એકે ૪૭ના કારતુસના ખાલી બોક્સ, ફટાકડાઓના જંગી જથ્થાને પણ કબજે કરવામાં આવ્યો હતો. વોકીટોકીનો જથ્થો પણ મળી આવ્યો હતો. રેપના મામલામાં જેલની હવા ખાઇ રહેલા વિવાદાસ્પદ ગુરમીત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના હેડક્વાટર્સમાં વ્યાપક સર્ચ ઓપરેશન આજે ત્રીજા દિવસે પણ યથાવતરીતે જારી રહ્યુ હતુ. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશ બાદ શુક્રવારના દિવસે શરૂ થયેલા વ્યાપક ઓપરેશન આજે ત્રીજા દિવસે જારી રહેતા તપાસનો દોર રહ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનો, અર્ધલશ્કરી દળના જવાનો અને નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ આ ઓપરેશનમાં જોડાયા હતા. ગઇકાલે બીજા દિવસે સર્ચ ઓપરેશન દરમિયાન ડેરામાં એક ગેરકાયદે ફટાકડા ફેક્ટરી મળી આવ્યા બાદ તેને સીલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## ૫ લાખથી વધુના મુદ્દામાલની ચોરીથી પ્રજામાં ફફડાટ

# ભાભરમાં એક રાતમાં છ બંધ મકાનના તાળાં તૂટ્યાં

### ૫ શિક્ષક અને ૧ નર્સને રજાઓમાં વતન જવું ભારે પડ્યું



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભરની ગોકુલધામ સોસાયટીમાં શનિવારની રાત્રે તસ્કરોએ તરખાટ મચાવી છે બંધ મકાનોના તાળા તોડી અંદાજે ૫ લાખથી વધુનો મુદ્દામાલ ચોરી જતાં શહેરમાં ફફડાટ વ્યાપી ગયો છે.ભાભર-સૂઈગામ હાઈવે રોડ પાસે આવેલ ગોકુલધામ નામની સોસાયટીમાં રહેતા પાંચ શિક્ષકો અને એક નર્સ શનિ-રવિની રજા માણવા પોતે પોતાના વતન ગયા હતા.જેમાં ચૌધરી દિનેશભાઈ ગગાભાઈ, ચૌધરી માનજીભાઈ ગંગારામભાઈ, ચૌધરી અરવિંદભાઈ ભેમાભાઈ, ચૌધરી વસંતભાઈ, પટેલ વિજયભાઈ અરવિંદભાઈ અને ચૌધરી દિનેશભાઈ મડાણાના બંધ મકાનમાં શનિવારની રાત્રે કોઈક અજાણ્યા ચોર ઈસમોએ તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો.મકાનમાં રહેલ તિજોરી-કબાટ તોડીને સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી અંદાજે ૫ લાખની ચોરી કરીને ગોકુલધામ સોસાયટીમાં તરખાટ મચાવ્યો હતો.સવારે ચોરી થયાની પાડોશીઓને જાણ થતાં મકાન માલિકોને બોલાવ્યા હતા.જેમાં મકાન માલિકો વતનમાંથી બપોર સુધી ન આવી શકતા તેમના મકાનમાં કેટલી ચોરી થઈ તે જાણી શકાયું નથી.જ્યારે ચોરીને લઈને અન્ય પ્રજામાં ફફડાટ ફેલાયો છે.

### પોલીસ લાપરવાહ

ભાભરમાં અગાઉ પણ અનેક ચોરીના બનાવો બનેલા છે.જેના હજુ સુધી ભેદ ઉકેલાયા નથી ત્યાં ગત શનિવારની રાત્રે તસ્કરોએ એક સાથે અગાઉની જેમ છ મકાનોના તાળા તોડ્યા હતા.તેમ છતાં બપોર સુધી પોલીસે ઘટના સ્થળે જવાની પણ તસ્દી લીધી ન હતી તેથી શહેરમાં પોલીસની કામગીરી વિવાદોમાં સપડાઈ છે.જ્યારે શહેરમાં વધતા જતા ગુનાખોરીના 'ગ્રાફ' ને લઈ પ્રજાના જાનમાલ સામે જોખમ મંડરાયું છે.

## કોરિયન કટોકટી વચ્ચે દલાલ સ્ટ્રીટમાં વેચવાલી રહી શકે છે

મુંબઈ

શેરબજારમાં ઉત્તર કોરિયાની કટોકટી અને વૈશ્વિક પરિબળો વચ્ચે હાલ પ્રવાહી અને ઉથલપાથલવાળી સ્થિતિ જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. શેરબજારમાં રેંજ આધારિત કારોબારને લઈને રોકાણકારો સાવધાન થયેલા છે. કિમ જોંગના નેતૃત્વમાં ઉત્તર કોરિયા ટૂંક સમયમાં જ આઈસીબીએમ મિસાઈલનું પરીક્ષણ કરી શકે છે તેવી દહેશતના કારણે મૂડીરોકાણકારો બજારમાં પ્રવેશ કરવાથી દૂર જોવા મળી રહ્યા છે.

# અંબાજી ટ્રસ્ટ દ્વારા ગબ્બર ખાતે ૧૦૧ ધજાઓ ચડાવાઈ





યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પુનમ નો મેળો પુર્ણ થયા બાદ હાલ માં શ્રાદ્ધપક્ષ શરૂ થયો હોવા છતાં અંબાજી મંદિર માં હજ્જારો ની સંખ્યા માં યાત્રીકો નો ઘસારો જોવા મળી રહ્યો છે. આજે સવાર થી જ અંબાજી મંદિર નાં ચાચરચોક માં શ્રદ્ધાળુંઓ ની ભારે ભીડ જોવા મળી હતી ને ચાચરચોક પણ લાલ ધજાઓ થી ભરાયેલું જોવા મળ્યુ હતુ. આજે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ ની તમામ સંસ્થાઓ નાં કર્મચારીઓ સહીત મંદિર ટ્રસ્ટ નાં વહીવટદાર માં અંબા નાં મનાતા મુળ સ્થાન એવાં ગબ્બર ગઢે પગપાળાં યાત્રા કરી ધજા ચઢાવવાં પ્રયાણ કરાયુ હતુ. આ પુર્વે ધજા ની પણ વિધિવત પુજા કરી સંસ્કૃત પાઠશાળા નાં ભુદેવો સહીત મંદિર ની સંસ્થા નાં કર્મચારીઓ મોટી સંખ્યા માં જોડાયા હતા ને ગબ્બર જવાનો માર્ગ બોલ માડી અંબે જય જય અંબે નાં નાદ થી ફરી એક શ્રાદ્ધપક્ષ માં પણ ગુંજેલુ જોવા મળ્યો હતો. અંબાજી મંદિર દ્વારા ૧૦૧ જેટલી ધજાઓ ગબ્બર ખાતે લઈ જવામાં આવી હતી. જેમાં તળેટી માં ૫૧ શક્તિપીઠો ઉપર પણ ધજા ચઢાવવા નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વહીવટદાર નાં જણાવ્યા અનુસાર મંદિર ની સંસ્થા નાં કર્મચારીઓ મેળા ની કામગીરી માં રોકાયેલાં હોવાથી દર્શન થી વંચીત રહ્યા હતા. ત્યારે આજે આ તમામ સ્ટાફે ધજા ચઢાવી પોતાની ઈચ્છા પુર્તી કરી છે.

**સૂર્યોદય - ૬.૨૬ સૂર્યાસ્ત - ૬.૪૯**

## તિથિદર્શન

ભાદરવા વદ-૬ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : છઠ્ઠ સોમવાર નક્ષત્ર : ભરણી સવારે ૯.૨૦ પછી કૃતીકા યોગ: વ્યાઘાત કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.)બપોરે ૨.૫૯ પછી વૃષભ (બ.વ.ઉ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**શનૈઃ પંથાઃ શૈને કન્યા શનૈઃ પર્વ લંઘનમ્**
**શનૈઃ વિદ્યા શનૈર્વિત્તં પંચૈતાનિ શનૈઃ શનૈઃ**

લાંબો પંથ હોય, તો ધીમે ધીમે ચાલીને પંથ કપાય છે, કામળો- ગોદડી પણ ધીમે- ધીમે ટાંકા લેવાથી ધરાય છે, પર્વત ઓળંગવો હોય તોપણ ધીમે ધીમે ઓળંગાય છે, વિદ્યાપ્રાપ્તિ માટે પણ ધીરજ ધરવી જોઈએ. વિદ્યા પ્રાપ્તિ ધીમે ધીમે થાય છે અને ધનપ્રાપ્તિ માટે ધીમે ધીમે પ્રયત્ન કરવો જોઈએ. આજકાલ જીવનમાં કોઈને ધીરજ- સંયમ રહ્યાં નથી. વૃક્ષો પરથી ફળો વહેલાં ઉતારી, પકવી જલદી મલાઈ- આવક- ફળ ખાઈ જવાની વૃત્તિ બધાં જ ક્ષેત્રમાં પેસી ગઈ છે. વિદ્યાર્થીઓને વાંચ્યા વિના ટ્યૂશન કે શોર્ટકટથી ગેર- રીતિથી સારા ટકા ઉતાવળે લઈ લેવા છે. વેપારીઓ- ધંધાદારીઓને ટૂંકે રસ્તે- છેતરપિંડી કરી જલ્દી 'કરોડપતિ' થવું છે. આઈપીએલ, ક્રિકેટરોને 'ફિક્સિંગ'ની કમાણી કરવી છે. કલાકારોને પોતાની કલા વેચી કમાઈ લેવું છે. સાધુ- સંતો પણ ટૂંકે રસ્તે 'ચમત્કારો' વેચતા થયા છે. કોઈ પણ કાર્યમાં સંયમ- ધીરજ અને સમજપૂર્વકનો સ્વાશ્રય જરૂરી છે. નીતિ- નિયમ અને નિષ્ઠાથી જ સારું અને સાચું પરિણામ મળે છે. ધીરજ અને શાંતિથી જ ધ્યેય પર પહોંચાય છે, એ સમજાવવા અહીં વ્યવહારુ ઉદાહરણ આપવામાં આવ્યાં છે.

## કેન્દ્રીય મંત્રી શ્રી અર્બુદા કન્યા કેળવણી મંડળની મુલાકાતે



તા.પ્રતિનિધિ થરા

શ્રી અર્બુદા કેળવણી મંડળ- રૈયા સંચાલિત શ્રીમતિ નાથીબેન પચાણભાઈ કન્યા કેળવણી સંકુલની મુલાકાત કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી તથા પૂર્વ રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે લેતાં મંડળના ઉત્સાહી પ્રમુખ અને સહકારી આગેવાન થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલે પાઘડી પહેરાવી શાલ, શ્રીફળ, ફુલહારથી બંને મહાનુભાવોનું સંસ્થા વતી સ્વાગત કર્યું હતું. આ કન્યા સંકુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ હર્ષ વ્યક્ત કરી કેન્દ્રીય મંત્રીના આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ઈશ્વરભાઈ તરક, ઈશ્વરભાઈ ગાંગોળ, ઈશ્વરભાઈ, સગથાભાઈ પટેલ, પેથાભાઈ પટેલ, શિવાભાઈ પટેલ, નારણભાઈ પટેલ, દેવાભાઈ પટેલ, રઘુભાઈ પટેલ, જીવણભાઈ પટેલ, દાંનાભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીએ કન્યા કેળવણીના આ મહા અભિયાનમાં તમામ પ્રકારની સહાય કરવાની ખાત્રી આપી હતી. ગૃહમાતા તથા નિયામક બહેનએ બંને મહાનુભાવોને મુલાકાત લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સર્વોદય પ્રવૃતિના જનક અને સંવર્ધન આચાર્ય વિનોબા ભાવેની જન્મજયંતી છે.

પવનાર આશ્રમમાંથી ગ્રામોદ્ધારની વણથંભી પ્રવૃતિઓ ઉપાડી ભારતભરમાં પદયાત્રા કરીને તેમને જે અનન્ય સિધ્ધિ હાંસલ કરી તેનાથી તેમનું નામ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ખ્યાતનામ બન્યું.

તેમનો જન્મ તા. ૧૧-૯-૧૮૯૫ના રોજ મહારાષ્ટ્રના એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનું પુરૂ નામ હતું વિનાયક નરસિંહરાવ ભાવે 'તુર્કોબા' અને 'જ્ઞાનોબા' જેમ એમનું વહાલસોયું નામ 'વિનોબા' ગાંધીજીએ પાડયું હતું. આચાર્ય વિનોબા ભાવે ઉત્તમ કોટિના સંત અને આધ્યાત્મિક પુરૂષ હતા.

તા.૧૬-૧૧-૧૯૮૨ ના રોજ એમનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણી સંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ :** આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન :** આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઇ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા :** આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઇની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા :** આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન :** આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર :** આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ :** આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન :** આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## લાખણી તાલુકા ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી

ડીસા

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ અને મહામંત્રી અમરતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી, જીલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ મીતાબેન સોની, બ.કાં. જીલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડયા સાથે પરામર્શ કરી બનાસકાંઠા જીલ્લા ભારતીય જનતા પાર્ટી લાખણી તાલુકા મહિલા મોરચાની નિમણૂંક કરેલ છે. તેમ અખબારી યાદીમાં જીલ્લા ભાજપ મીડીયા વિભાગના ઈન્ચાર્જ દૈવત બારોટે જણાવ્યું છે.

પંચાલ ગીતાબેન પ્રવિણભાઈ પ્રમુખ મહિલા મોરચો, પટેલ મણીબેન નારણભાઈ ઉપપ્રમુખ, ગુજરાતી ચંન્દ્રીકાબેન ઉપપ્રમુખ, વજેગઢ ઠાકોર સીતાબને ઉપપ્રમુખ, વજીર વર્ષાબેન ઉપપ્રમુખ, ખોલવાડીયા વસંતબેન મહામંત્રી, પ્રજાપતિ હંસાબેન રમેશભાઈ મંત્રી મહિલા મોરચો, પ્રજાપતિ કમીબેન મંત્રી માજીરાણા લાલીબેન મંત્રી ભાખડીયાલ ઠાકોર ગીતાબેન મંત્રી, મોચી સંગીતાબેન મંત્રી, પરમાર રેખાબેન કોષાધ્યક્ષ, ઠાકોર અમરીબેન કકા.સદસ્ય વિગેરેની વરણી કરવામાં આવી.

## ડીસા બસ સ્ટેન્ડના સમય પત્રક ઉપર કુચડો



વિનોદ બાંડીવાલા

### મુસાફરોની રઝળપાટમાં વધારો

ડીસા

તાલુકા મથક ડીસાના અત્યાધુનિક બસ સ્ટેન્ડમાં મુસાફરોના હિતમાં દરેક પ્લેટફોર્મમાં આવતી - જતી બસોનું સમયપત્રક લગાવવામાં આવ્યું હતું. જે મુસાફરોને ઉપયોગી નિવડતું હતું. અજાણ્યા મુસાફર માટે તો આ સમયપત્રક આશિર્વાદ રૂપ હતુ પરંતુ હાલમાં તેના ઉપર કૂચડો ફેરવી દેવાયો છે. જેથી બસોના આવા - ગમનની માહીતી જાણવા મુસાફરો પૂછપરછ બારીમાં જાય છે પરંતુ યોગ્ય જવાબ અપાતો ન હોવાની લોક રાડ ઉઠી છે.

જેના કારણે સમયપત્રકના અભાવે મુસાફરો રઝળી પડે છે જેને ગંભીરતાથી લઈ એસ.ટી.ના સત્તાધીશો સત્વરે નવું સમયપત્રક લગાવે તે જરૂરી છે.

## થરા શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી

ડીસા

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જીલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ અને મહામંત્રી અમરતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી, જીલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ મીતાબેન સોની, બ.કાં. જીલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડયા સાથે પરામર્શ કરી બનાસકાંઠા જીલ્લા ભારતીય જનતા પાટી થરા શહેર મહિલા મોરચાની નિમણૂંક કરેલ છે. તેમ અખબારી યાદીમાં જીલ્લા ભાજપ મીડીયા વિભાગના ઈન્ચાર્જ દૈવત બારોટે જણાવ્યું છે. જેમાં થરા શહેર મહિલા મોરચો પ્રમુખ હીનાબેન પંકજભાઈ મેવાડા, મહામંત્રી અનિલાબેન જયંતી ભાઈ, ઉપપ્રમુખ પ્રભાબેન કનુભાઈ દરજી, ઉપપ્રમુખ ગાયત્રીબેન રાકેશકુમાર ઠક્કર, મંત્રી પસીબેન જયંતીભાઈ જોષી, મંત્રી કુમુદબેન રાજેશભાઈ ઠક્કર, મંત્રી પુષ્પાબેન જયેશભાઈ પ્રજાપતિ, મંત્રી સુભીબેન હસુભાઈ દરજી, કોષાધ્યક્ષ અમથુબેન જીવણજી ઠાકોર, કારોબારી સભ્ય ગીતાબેન જયંતીલાલ સુથાર, કારોબારી સભ્ય મીનાક્ષીબેન મહેશકુમાર રાવલ, કારોબારી સભ્ય અમથુબેન જીવણજી ઠાકોર વિગેરેની વરણી કરવામાં આવી હતી.

## ચાળવા પગાર કેન્દ્ર શાળાનું ગૌરવ

પ્રતિ. લવાણા

ગત રોજ શ્રી ઓગડ વિદ્યામંદિર થરા ખાતે સમગ્ર બનાસકાંઠા જિલ્લાનો જિલ્લાકક્ષાનો ખેલ મહાકુંભ રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં ચાળવા પગાર કેન્દ્ર શાળામાં ધોરણ - ૮ (આઠ) માં અભ્યાસ કરતી દિકરી રાજપુત પ્રિયંકાબેન પીરાભાઈએ ૬૦૦ મીટર દોડમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગામનું અને સમગ્ર બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. બીજી બાજુ ગણતા પ્રા.શાળા ખાતે સમગ્ર લાખણી તાલુકાનો કલા ઉત્સવ યોજાઈ ગયો. તાલુકા કક્ષાના આ કલા ઉત્સવમાં પણ ચાળવા કેન્દ્ર શાળાની બે દિકરીઓ રાજપુત નયનાબેન અમરાભાઈ અને રાજપુત રવિનાબેન લક્ષ્મણ ભાઈએ અનુક્રમે બીજો અને ત્રીજો નંબર મેળવી શાળાનું અને ગામનું ગૌરવ વધારેલ છે. ત્યારે આ તબક્કે શાળાના આચાર્ય રાજપુત લક્ષ્મણભાઈ, શાળા પરિવાર અને શાળા વ્યવસ્થાપન સમિતિ આ ત્રણેય દિકરીઓ અને તેમના માર્ગદર્શક ગુરૂજીઓને બિરદાવ્યા હતા.

## વરસડા પ્રા.શાળામાં ગણિત - વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

તા.પ્રતિ. વડગામ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાલનપુર પ્રેરિત સીઆરસી મગરવાડા આયોજીત સીઆરસી કક્ષાઓનું ગણિત - વિજ્ઞાન - પર્યાવરણ પ્રદર્શન વડગામ તાલુકાની વરસડા પ્રાથમિક શળામાં યોજાયું હતું જેમાં મગરવાડા સીઆરસીની નવ પેટાશાળાના બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. જેમાં પાંચ વિભાગમાં ઓગણીસ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્વાઈન ફલૂ,વોટર બલ્બ ફિલ્મ પ્રોજેકટર, વરસાદના પાણીનો સંગ્રહ, તારીખ - માસ અને સાલ પરથી વાર જાણવો, ઈઝી ટ્રિક્સ ઓફ મલ્ટિફિકેશન વગેરે જેવી કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રસંગે પધારેલ સર્વેનું સીઆરસી મગરવાડા વિણાબેન સાણોદરિયા અને આચાર્ય દક્ષાબેન પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક રસિકભાઈ પટેલ દ્વારા પાકું ભોજન આપવામાં આવ્યું હતું.

## પાલનપુરના માનસરોવર તળાવ પાસેથી દવાનો જથ્થો મળ્યા



સંજય જોષી

પાલનપુરના જાણીતા માનસરોવર તળાવ પાસેથી દવાનો જથ્થો મળી આવ્યો હતો. જોકે, આ દવાના જથ્થા પૈકી મોટા ભાગની દવાઓ એક્સપાયર્ડ થયેલી હતી. આ દવાનો જથ્થો અહી તળાવ પાસે કોણે નાખ્યો? અને જાહેરમાં તળાવ પાસે જાહેર આરોગ્યને ચેડાં કરી કરાયેલા દવાના જથ્થા ના નિકાલની તપાસ કરી કસુરવારોને નશ્યત કરાય તે જરૂરી બન્યું છે.

## પ્રેમની નિશાની

અંકિત ઘણા સમયથી તને એક વાત કહેવી છે પણ સંકોચ થાય છે. અરે સુજલ! તું મારો ખાસ મિત્ર છે. ખુલ્લા દિલથી બોલ, તારે શું કહેવું છે ? સંકોચ શા માટે રાખે છે ? તારા અને મારા વચ્ચે એવું કોઈ અંતર નથી કે તને કહેતા શરમ આવે કે સંકોચ થાય ?

હા સાચી વાત છે.. અંકિત પણ...

અરે પણ ને બણ છોડને.. અંકિત વચ્ચેથી બોલ્યો. જો કે સુજલ ઘણા દિવસથી હું તનેખોવાયેલો રહેતો હોય એમ મહેસુસ કરૂં છું. ઉંડા વિચારોમાં ગરકાવ થઈ જાય છે. મનમાં ને મનમાં હરખાય છે. પહેલાં કરતાં ઘણો ઉત્સાહી અને આનંદી પણ જણાય છે..પહેલાં તું તારા અંધત્વને કોસ્યા કરતો હતો, સાવ નિરાશ રહેતો હતો, જીવનથી ઉદાસ ને ગમગીન રહેતો હતો પરંતુ હમણાં હમણાં...



**મનદર્પણ**

મંજુ પ્રજાપતિ

સુજલ બોલ્યો, હા દોસ્ત એ જ તો વાત કરવી છે, તું તો જાણે છે કે બાળપણથી જ હું મારી માની મમતાથી વંચિત રહ્યો છું..પિતાએ બીજા લગ્ન કર્યા એટલે એમનો પણ પ્રેમ વહેંચાઈ ગયો. ઘરમાં સગવડો બધી મળી પણ હુંફ અને લાગણી ના મળી.. સ્કૂલમાં કોલેજમાં હંમેશા ફર્સ્ટ આવતો તેમ છતાં અભિનંદન કે પ્રોત્સાહનના બે શબ્દ માટે પણ વલખા જ મારતો હતો. મારા માટે ઘર એ સુવા માટે અને જમવા માટેની હોટલ બની ગયું હતું પરંતુ થોડા દિવસ પહેલાં મારી મુલાકાત એક છોકરી સાથે થઈ એનું નામ સુનીતા છે. ખુબ જ પ્રેમાળ અને દયાળુ છે નિખાલસ છે એને મારી આંખોથી નિહાળી શકું એવી ક્ષમતા તો ઈશ્વરે મને આપી નથી પરંતુ એનો માદક અને મસ્તીથી ભરપુર મધુર અવાજ સાંભળી લાગે છે કે એ ખુબ જ સુંદર હશે. બિલકુલ મારી સ્વપ્નની પરી જેવી. ખેર એ વાતનો કોઈ અર્થ નથી.. પણ અંકિત સુનીતા મને ખુબ ચાહે છે હું પણ તેને ખુબ જ ચાહું છું. એ અહીંના અનાથાશ્રમમાં મોટી થઈ છે પણ હવે એ પગભર છે. નોકરી કરે છે, હું અંધ છું એવો અહેસાસ પણ એણે મને થવા દીધો નથી. જયારથી મારા જીવન સાથે જોડાઈ છે ત્યારથી મને જીવવાનો એક નવો રાહ મળી ગયો છે.

અંકિત ખુશ થઈને બોલ્યો, અરે સુજલ આ તો કેટલા આનંદની વાત છે.. એમાં આટલા દિવસથી તું મુંઝાતો હતો. શા માટે ?

અંકિત મને દિલ્હીની અંધજન શાળામાં શિક્ષક તરીકેની નોકરી મળી ચુકી છે. મારે બે ત્રણ દિવસમાં ત્યાં પહોંચી જવું પડશે. હું સુનીતાને કેવી-રીતે જણાવું ? શું જણાવું ? ઘરે તો કોઈને વાત કરી શકું એમ નથી. સુનીતા મારા પર વિશ્વાસ મુકશે. હા..હા..કેમ નહીં મુકે ? જરૂર મુકશે, તું એને જણાવજે કે નોકરી મળ્યા પછી હું ત્યાં સારી રીતે સેટ થઈ જાઉં...સારા ભાડાના મકાનની વ્યવસ્થા કરી લઉં પછી તારી સાથે લગ્ન કરી ત્યાં લઈ જઈશ.. બંને શાંતિથી રહીશું.

## અછવાડીયા ખાતે સેન્ટર કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું



બાબુલાલ મેમણ

પ્રતિ. લાલપુર

લાખણી તાલુકાની અછવાડીયા પ્રા.શાળામાં સેન્ટર કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયું જેમાં સેન્ટરની તમામ પ્રાથમિક શાળાઓએ ભાગ લીધો હતો. આ પ્રદર્શન લાખણી બી.આર.સી. મુકેશભાઈ ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. જેમાં એસ.એમ.સી. અધ્યક્ષ રાણાભાઈ રાજપૂત તેમજ યુવા આગેવાન રૂડાભાઈ રાજપૂત તેમજ તમામ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ભાગ લેનાર શાળાઓમાંથી કૃતિ મુજબ પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો. તેમજ ચાળવા સી.આર.સી. અરજણભાઈ રાજપૂતના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.શાળાના આચાર્ય ઈબ્રાહિમભાઈ મનસુરીએ તમામ ગ્રામજનો, શિક્ષકો તેમજ પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કુલને ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ મળી ઝળહળતી સફળતા



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના રામપુરામાં આવેલી મહંત શ્રી કે.ડી.આદર્શ હાઈસ્કુલને ખેલ મહાકુંભ-૨૦૧૭ માં જિલ્લા કક્ષાએ ઝળહળતી સફળતા મળી છે. ગત તારીખ ૭ મી સપ્ટેમ્બરના રોજ ડીસા તાલુકાની નાની આખોલ શાળામાં યોજાયેલ જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં રામપુરા શાળાની વિદ્યાર્થીનીઓ વિના પરમાર, નયના ચૌધરી, હેતલ ઠાકોર, નિતા ચૌધરી, પૂજા સોલંકી, કિરણ ગૌસ્વામી, માયા ચૌધરી, વિના વાઘેલા, પાયલ પરમારે અન્ડર ૧૭ માં ભાગ લેતા જિલ્લા કક્ષામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. જયારે વિના ચૌધરી, પિંકલ ચૌધરી, મધુ મકવાણા, વિમુ ચૌધરી, આશા ગૌસ્વામી, પ્રભા સુથાર, મંજુ સુથાર, જૈના પ્રજાપતિ અને માયા રાજપુતે ઓપન એઈઝ ગૃપમાં ભાગ લેતા જિલ્લા કક્ષાએ તૃતિય ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ તમામ વિજેતા ખેલાડીઓને સંસ્કાર મંડળ રામપુરાના મેનેજીંગ ટ્રસ્ટી નિર્મલપુરીજી અને શાળાના આચાર્ય જે.એચ. દવેએ અભિનંદન પાઠવ્યા હતા. આ તમામ વિજેતા ખેલાડીઓને માર્ગદર્શન શાળાના વ્યાયામ શિક્ષક દેવાજી એસ.રાજપુત અને નિષ્ણાત શિક્ષક પરેશભાઈ રાવલે પુરૂં પાડ્યું હતું.

## થરાદના ડુવા ગામના જયંતિ ચૌધરીને પ્રેરણાદાયક પત્રકારત્વ બદલ એવોર્ડ એનાયત



અમદાવાદ

ગઈકાલે અમદાવાદના પંડીત દિનદયાળ ઓડિટોરીયમ હોલ ખાતે ગુજરાત મિડીયા એવોર્ડ યોજાઈ ગયો જેમ થરાદ તાલુકાના પાવડાસણ- ડુવા ગામના અને છેલ્લા ચાર વર્ષથી અમદાવાદ ગુજરાત સમાચારમાં ફરજ બજાવતાં પત્રકાર જયંતિ ચૌધરીને ગૂજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક ડૉ.અશ્વિન ચૌહાણનાં હસ્તે બેસ્ટ પ્રેરણાદાયક સ્ટોરી માટે 'ગુજરાત મિડીયા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

આ અંગે વિગતે જણાવતા ગુજરાત મિડીયા વેલ્ફેર ટ્રસ્ટના ડિરેક્ટર અંકિત હિંગુ કહે છે કે અમે મિડીયા વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પત્રકારત્વને વરેલા અને હંમેશા સમાજને કંઈક નવુ આપવાની ધગશ રાખવાવાળા પત્રકારોનું જાહેરમાં સન્માન કરીએ છીએ, આ વર્ષે વિવિધ કેટેગરીમાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પત્રકારોના નોમીનેશન થયા હતા. જેમાંથી બેસ્ટ પ્રેરણાદાયક સ્ટોરીમાં જયંતિ ચૌધરીનો સમાવેશ થાય છે. જયંતિ ચૌધરીએ પોતાની કલમના માધ્યમથી છેવાડાના માણસની વાત સરકાર સુધી તો પહોંચાડી છે પણ સાથે સાથે લોકોને પ્રેરણા મળે તેવી અનેક સ્ટોરીઓ કરી છે. જેમાં નિરંતર મહાત્માં ગાંધીજીના વિવિધ પ્રસંગો તેમજ અમદવાદમાં ગાંધીજી સાથે જોડાયેલ નાનામાં નાની વસ્તુને પોતાની કલમ મારફતે લોકો સુધી પહોચાડવાનો પ્રયાસ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત મિડીયા એવોર્ડના ભવ્ય સમારંભમાં દેશ અને વિદેશમાં પોતાની કલમથી આગવી ઓળખ ઊભી કરેલ છે તેવા વરિષ્ઠ પત્રકાર કાંતિ ભટ્ટ ઉપસ્થિતમાં વિવિધ મહાનુભાવોના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં.

# અંકલેશ્વર જીઆઈડીસીમાંથી ડુપ્લીકેટ જંતુનાશક દવા બનાવવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં ડુપ્લીકેટ જંતુનાશક દવા બનાવવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા ૩.૫૧ લાખની કિંમતનો ડુપ્લીકેટ જંતુનાશક દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

અંકલેશ્વર જીઆઈડીસીમાં પ્લોટ નંબર સી-૧/૫૫૧૧માં આવેલી દત્ત એગ્રીટેક કંપની ડુપ્લીકેટ દવાઓ બનાવે છે તેવી પાકી માહિતીના આધારે રેડ પાડતા ૮ બોક્ષ મળી આવ્યા હતા. જેમાં બોટલ અને કાર્બા હતા. કંપનીના માલિક કિશોર જગનભાઈ પટેલની અટકાયત કરી છે.

કંપની તરફથી ડુપ્લીકેટ પ્રોડક્ટની તપાસ કરવાની કાર્યવાહી વડોદરાની આઈ.પી. ઈન્વેસ્ટીગેશન એન્ડ ડીટેક્ટીવ સર્વિસના અધિકારી આશિષ વાઘેલાને મળેલી બાતમીના આધારે તેમને તપાસ કરતા અંકલેશ્વરની શ્રી દત્ત એગ્રીટેક કંપની ડુપ્લીકેટ દવાનો જથ્થો વેચી રહી હોવાનું સામે આવ્યું હતુ. તેને આધારે જીઆઈડીસી પોલીસને સાથે રાખીને દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં બાયર કંપનીની સુપર કોન્ફીડર અને રીઝન્ટ નામની ડુપ્લીકેટ જંતુનાશક દવાનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં રીઝન્ટ જંતુનાશક દવાના આઠ બોક્ષ જેમાં એક લીટરની ૫૪ બોટલ હતી.

જેની કિંમત ૮૧ હજાર થવા જાય છે. તેમજ સુપર કોન્ફીડરની ૨૫૦ ગ્રામની ૩૫ બોટલ તેમજ ૫ લીટરના ૫ કારબા મળી કુલ કિંમત ૨.૭૦ લાખ રૂપિયા જવા જાય છે. આમ કુલ ૩.૫૧ લાખ રૂપિયાની કિંમતનલ ડુપ્લીકેટ જંતુનાશક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આશિષ વાઘેલાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડગામના વેસા આસપાસના ગામોમાં મોબાઈલ નેટવર્કના ધાંધીયા

### મોબાઈલ ધારકોને 'નેટવર્ક' માટે મકાનના ધાબા ઉપર ચડવાની નોબત

પ્રતિ. છાપી

વડગામ તાલુકાના વેસા ગામ સહિત આસપાસના આઠ થી દસ ગામોમાં મોબાઈલ કંપનીઓના નેટવર્કને લઈ મોબાઈલ ધારકો પરેશાન થઈ ઉઠયા છે.નેટવર્ક મેળવવા વારંવાર મકાનોના ધાબા ઉપર જવું પડે છે.

વડગામ તાલુકામાં આવેલી વિવિધ મોબાઈલ કંપનીઓના નેટવર્કને લઈ મોટા પ્રમાણમાં ફરીયાદો ઉઠવા પામી છે. સરકારની ડિઝીટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવા છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ કંપનીઓના નેટવર્કના ધાંધીયાથી પીછેહઠ થતાં ગામડાઓમાં ઈન્ટરનેટ સાથે સંકળાયેલા ધંધા રોજગાર સહિત બેંન્કિંગ તેમજ સહકારી સંસ્થાઓ વારંવાર ઠપ થઈ જતાં વેસા સહિત આસપાસના આઠ થી દસ ગામમાં નાગરિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.અને આમ લોકો મોબાઈલ ઉપર વાત કરવા માટે નેટવર્કના અભાવે મકાનના ધાબા ઉપર નેટવર્ક મેળવવા જવું પડતું હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

# દિયોદર તાલુકાના કોતરવાડા ગામે પુરપીડીત અન્ય સહાયથી વંચિત

### કોઈ તંત્રએ અમારી નિરાધારની મુલાકાત ના લીધી



નટુજી ઠાકોર

(પ્રતિ.) કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા પંથકમાં આફત ભર્યા વરસાદમાં કેટલાય ખેડૂતો નિરાધાર થઈ ગયા હોવા છતાં કોઈ તંત્ર ફરકયુ નથી કેટલાય ખેડૂતોને ઘરમાં પાણી ફરી વળ્યુ હતું તો કેટલાય ખેડૂતોને જમીન ધોવાઈ ગઈ તો કેટલાકને ઉભો પાક પાણીમાં બળી ગયો તો કેટલાકને પશુઓ મરી ગયા હતા પણ કોઈને હજી સહાય મળી નથી.

જયારે ઠાકોર મસાજી ધુડાજી ઠાકોરે જણાવ્યું હતું કે હુ અને મારી ધર્મ પત્નિ બંને જણ રહીએ છીએ અને અમારે કોઈ સંતાન નથી અને અમે બન્ને જણ ઉમર લાયક થઈ ગયા છીએ એટલે અમારે તો હાલમાં સરકારમાં બાપ છે વધુમાં કહ્યું હતું કે મારે ૨૦૧૫ મુશળધાર વરસાદ પડ્યો હતો ત્યારનુ આજ ૨૦૧૭ સુધી કોઈ પણ સરપંચ કે કોઈ પણ આગેવાને મને સહાય અપાવી નથી તો જેથી કરીને દિયોદર મત વિસ્તારના ધારાસભ્ય જાતે આવીને મારી હાલત અને મારા ઘરની હાલત જોઈને મને સરકાર તરફથી મકાન અપાવે તેવી અમારી નિઃસંતાન પતિ પત્નીની માંગ છે.

# કાંકરેજ તાલુકાના પૂર ગ્રસ્ત બાળકોને ૬૦૦૦ કીટનું વિતરણ



કિશોર પ્રજાપતિ

પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં આવેલ ભયંકર પૂરમાં કાંકરેજ તાલુકાના નદીકાંઠાના ગામો વધુ પ્રભાવિત થયા હતા તેવા નાના જામપુર, ટોટાણા, રૂણી, ખારીયા, મોટા જામપુર, ઓઢા, ભદ્રેવાડી, સુદ્રોસણા, સોહનપુર પટણી ઓઢા, રાઠોડવારા, આંબધુન જેવા પ્રભાવિત ગામોના બાળકો માટે ગાંધીનગર ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા ને શિક્ષણ પ્રેમી અમરતભાઈ આલ દ્વારા બાળકો માટે ૬ હજાર કીટો લાવી બાળકોને આપવાનો કાર્યક્રમ નાના જામપુર ગામે યોજાઈ ગયો.

આ પ્રસગે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ બાળકોને કઠણ પરિસ્થિતિમાં પણ ભણી આગળ વધશો તેવી શીખામણ આપેલ, થરા માર્કેટમાંના ચેરમેન અણદાભાઈ પટેલે બાળકોને શિક્ષણ થકી સારૂ કાર્ય કરવા માટે જણાવેલ. કાંકરેજ તાલુકાના ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર અમૃતભાઈ આલ ખેતી કાર્ય

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં શરતી ભુખ હડતાળ આંદોલન છઠ્ઠે દિવસે સમેટાયું, પણ પ્રતિક આંદોલન ચાલુ

### ૧૪ મી સુધીની મુદત, જો સહાય નહી ચુકવાય તો ૧૮ મીએ ફરી પાછા ઉપવાસ



(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદમાં પુરના અસરગ્રસ્તોનું સહાયના મુદ્દે ચાલી રહેલું ઉપવાસ આંદોલન જિલ્લા કલેક્ટરના પ્રતિનીધી તરીકે આવેલા દિયોદરના (થરાદના ઈન્ચાર્જ) નાયબ કલેક્ટરે યોગ્ય ખાત્રીની હૈયાધારણ આપતાં છઠ્ઠે દિવસે શરતી સમેટાયું હતું. જેમાં જો અસરગ્રસ્તોની માંગ ૧૪મી થી ચાર દિવસમાં નહી સંતોષાયતો ૧૮મીએ ફરી પાછું ઉપવાસ આંદોલન ચાલુ રહેશે તેવી શરત પણ મુકવામાં આવી હતી.

થરાદમાં સર્વે થયા બાદ ફોર્મ ભરાવા છતાં પણ સહાય નહી મળતાં નગરના વોર્ડ નંબર બે ના સદસ્ય અને કૉંગ્રેસના શહેર પ્રમુખ હાજીભાઈ સીપાઈ સહીત ૧૬ નાગરીકોની ભુખહડતાળ સતત છઠ્ઠા દિવસે પણ યથાવત રહેવા પામી હતી. જો કે જીલ્લા કલેક્ટરના પ્રતિનીધી તરીકે થરાદના ઈન્ચાર્જ અને દીયોદરના નાયબ મામલતદાર એ.ડી.ચૌહાણ રવિવારની સવારે ઉપવાસીઓની છાવણીમાં દોડી આવ્યા હતા. જેમણે આગામી ૧૪ મી સુધી થરાદના નાયબ કલેક્ટર એ.કે.કલસરીયા રજા પર હોવાના કારણે તેઓ આવ્યા પછી જ બધી વહીવટી પ્રકીયા શરૂ થઈ શકે તેમ હોઈ ત્યાં સુધી ઉપવાસ આંદોલન સમેટવા માટે ઉપવાસીઓને સમજાવ્યા હતા. આથી તેઓ શરતી સંમત થયા હતા. જેમાં રવિવારે તંત્રના કહેવાથી માત્ર ઉપવાસ આંદોલન બંધ કર્યું હતું .

આથી ઈન્ચાર્જ પ્રાંત અને આગેવાનોએ પાણી પીવરાવી ઉપવાસીઓને પારણાં કરાવ્યાં હતાં.પરંતુ પ્રતિક ઉપવાસ ચાલુ રાખ્યા હતા.તેમજ ૧૪મીએ થરાદના પ્રાંત અધિકારી હાજર થયા બાદ ચાર દિવસમાં બાકીનાંને સહાય ચુકવવાની માંગણીના પ્રશ્નનો નિકાલ નહી

અનુસંધાન પાના નં.૬

# ભાભર ખાતે કેન્દ્રીય મંત્રી અને રાજયમંત્રીના હસ્તે ડૉ.આંબેડકર ભવનનું ખાતમૂહુર્ત



પાલનપુર

ભાભર મુકામે ડૉ.આંબેડકર ભવનનું ખાતમૂર્હત કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજય મંત્રી હરીભાઈ ચૌધરી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. સમસ્ત ભાભર રોહિત સમાજ અને રાજય સરકારના સહયોગથી લાયબ્રેરી, વિધાર્થીઓ રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી શકે તેવા સ્ટડીરૂમ સહિતની અતિઆધુનિક સુવિધાવાળું ડૉ.આંબેડકર ભવન બનશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ અંતર્ગત આપણા દેશને સ્વચ્છ, સુંદર અને ભષ્ટ્રાચાર તથા આતંકવાદમુક્ત અને જાતિવાદમુક્ત બનાવવા આપણે સૌ સંકલ્પ કરીએ. તેમણે અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આપણા વાવના બે દલિત દિકરાઓ પાઈલોટ બની વિમાન ઉડાડે છે તે આપણું ગૌરવ છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાના દલિત ભાઈઓએ શિક્ષણ ક્ષેત્રે ખુબ સારી પ્રગતિ કરી છે. તેમણે પોતાના એમ.પી. ગ્રાન્ટમાંથી રૂ. ૧૦ લાખ ડૉ.આંબેડકર ભવનના નિર્માણ માટે આપવાની જાહેરાત કરી હતી. જેમાં રાજ્ય માં ૭ જગ્યાઓ પર ૨ વે કોનવરઝેશન દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી જેમાં એક લાખ એસી હજાર યુવાઓ એ ભાગ લીધો અને અમિતભાઈ શાહે એના જવાબો પણ આપ્યાં હતા દાંતીવાડા ખાતેથી પણ અડીખમ ગુજરાત કારેક્રમ અંતર્ગત એક સવાલ કરવામાં આવ્યો હતો

અનુસંધાન પાના નં.૬

### ઝારખંડ રાજ્યના પ્રભારી સાથે

# વાવ રાજગઢી ખાતે રાણાસાહેબની શુભેચ્છા મુલાકાત



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

ગત તા.૯-૯-૨૦૧૭ ને શનિવારના રોજ શ્રી રાજપૂત કરણી સેનાના ઉત્તર ગુજરાતના અધ્યક્ષ અને ઝારખંડ રાજયના પ્રભારી એવા દાંતા સ્ટેટના મહારાજા સાહેબ પરમવીર સિંહજી પરમારની વાવ રાણા સાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.

જે પ્રસંગે રાજપૂત સમાજના વિકાસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.જેમાં સમગ્ર ભારતભરમાં શ્રી રાજપૂત કરણી સેના સક્રિય થઈ રહી છે. સમગ્ર ભારતભરમાં આ સેનાને ભારે પ્રતિભાવ સાંપડી રહ્યો છે. લાખોની સંખ્યામાં રાજપૂત યુવકો આ સેનામાં જોડાઈ રહ્યો છે. ત્યારે આવા શુભ અવસરે વાવ રાજગઢી ખાતે પધારેલા ઝારખંડ રાજ્યના

અનુસંધાન પાના નં.૬

# સરદાર કૃષિનગર એગ્રિકલ્ચર યુનિવર્સીટીના ઓડીટોરિયમ હોલમાં યુવા ટાઉન કાર્યક્રમનું આયોજન કરાયું



દાંતીવાડા

અડીખમ ગુજરાત અંતર્ગત યુવા ટાઉન કાર્યક્રમનું બનાસકાંઠાના દાંતીવાડા તાલુકામાં આવેલ ઓડીટો રિયમ હોલમાં કાર્યક્રમનું આયોજન થયું હતું જેમાં ગુજરાત રાજયના મંત્ર શંકરભાઈ ચૌધરી તેમજ દુષ્યંતભાઈ પંડયા બનાસકાંઠા જિલ્લા પ્રભારી યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારી સભ્ય અને મહારાષ્ટ્ર ના સહ પ્રભારી હિતેશભાઈ ચૌધરી તેમજ જિલ્લા ભાજપ ના મહામંત્રી અમૃતભાઈ દવે,ભારતસિંહ ભટેસરિયા, ઉમેદદાન ગઢવી, તેમજ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, મહામંત્રી પ્રકાશભાઈ ઠાકોર તેમજ પી.જે.ચૌધરી, મેરુજી ધૂંખ, વસંતભાઈ પુરોહિત, નટુભાઈ ચૌધરી, હરજીવનભાઈ, ઈશ્વરસિંહ સોલંકી, તેમજ પાર્ટીના સૌ પ્રમુખો જિલ્લા યુવા મોરચાના હોદેદારો તેમજ તાલુકા યુવા ભાજપના પ્રમુખ, મહામંત્રી કાર્યકરો તેમજ ઉપસ્થિત સૌ પ્રબૌધ્ધ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમો આખા ગુજરાત રાજયમાં કુલ ૩૧૨ જગ્યા પર આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં ૨ લાખથી પણ વધુ પ્રશ્નો પૂછવમાં આવ્યા

અનુસંધાન પાના નં.૬

### ડીસા તાલુકા કક્ષાનો કલા ઉત્સવ ઉજવાયો

ડીસા

સ્વચ્છતા પખવાડીયા અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત બી.આર.સી(બ્લોક) તાલુકા કક્ષાનો કલા ઉત્સવનું આયોજન ડીસા તાલુકાની ચિ.હ.દોશી પ્રાથમિક શાળામાં કરવામાં આવેલ.

આ તાલુકા કક્ષાના કલા ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ડીસા તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જાગૃતિબેન દેસાઈ, ડીસા તાલુકાના બી.આર.સી. કો. ઓર્ડિનેટર અલ્પેશભાઈ પ્રજાપતિ, યજમાન શાળાના આચાર્ય મનહરભાઈ પરમાર,

અનુસંધાન પાના નં.૬

# ધાનેરાની રોયલ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ઈન્ડેન ગેસ ગેસ એજન્સી, ધાનેરા દ્વારા તા.૯-૯-૨૦૧૭ ના રોજ રોયલ સ્કૂલ ઓફ સાયન્સ ધાનેરામાં ધો-૫ થી ૭ ના વિદ્યાર્થીઓને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડના 'સક્ષમ' પ્રોગ્રામ હેઠળ "સ્વચ્છ ભારત" વિશે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વશ્રેષ્ઠ ૩ ચિત્રને ઈનામો આપવામાં આવેલ તથા બાકીના વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામો આપવામાં આવેલ.આ સ્પર્ધામાં રોયલ સ્કૂલના એમ.ડી નારાયણસિંગ વાઘેલા, ઈન્ડેન ગેસના મેનેજર રમેશભાઈ ડી.ઠક્કર તથા રોયલ સ્કૂલના મહેન્દ્ર સર તથ રાજેન્દ્ર સર હાજર રહ્યા હતા.

# શ્રી સરદાર પટેલ સોસીયલ ગ્રૃપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



પ્રતિ. અંકલેશ્વર

તારીખ ૧૦ મી સપ્ટેમ્બરે અંકલેશ્વર સ્ટેશન રોડ ઉપર આવેલી ઓમકાર-૨ કોમ્પલેક્ષમાં શ્રી સરદાર પટેલ સોસીયલ ગ્રૃપ દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આસપાસના ગામના અને અંકલેશ્વર શહેર અને જીઆઈડીસીના આશરે ૯૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી સરદાર પટેલ સોસીયલ ગ્રૃપ દ્વારા અવારનવાર સમાજસેવાના

અનુસંધાન પાના નં.૬

### માલોત્રા અનુપમ પ્રા.શાળામાં સી.આર.સી.કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

તા.પ્રતિ. ધાનેરા

ગત તા.૮-૯-૨૦૧૭ ના રોજ થાવર સી.આર.સી.કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું.થાવર સેન્ટરની ૧૨ શાળાઓએ કુલ પાંચ વિભાગમાં ૨૫ અલગ-અલગ વિચાર, સિધ્ધાંત આધારિત વૈજ્ઞાનિક વિચાર રજુ કરતી મોડેલ બનાવી ભાગીદારી નોંધાવી. આ કાર્યક્રમમાં થાવર અનુપમ શાળાના આચાર્ય ઈશ્વરભાઈ, સી.આર.સી. વશરામભાઈ પટેલ તથા વિવિધ શાળાના આચાર્ય, બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શકો હાજર રહ્યા.માલોત્રા અનુપમ શાળાના આચાર્ય દેવજીભાઈ પટેલ તથા શાળા પરિવાર તરફથી તમામ બાળકો, શિક્ષકોને તિથિભોજન આપવામાં આવ્યું. ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા.

# પીરોજપુરાની શાળાના છાત્રો દ્વારા વ્યસનમુક્તિ અંતર્ગત રેલી યોજી



સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના પીરોજપુરા ગામે આવેલ એન.એમ.બાલવા હાઈસ્કૂલના છાત્રો દ્વારા શનિવારે વિશાળ રેલી યોજી વ્યસનમુક્તિ ને લઈ વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

એન.એમ. બાલવા હાઈસ્કૂલના આચાર્ય રેહાનાબેન મુખી મેનેજર સુનિલકુમાર તેમજ શિક્ષકો દ્વારા ધોરણ ૮ થી ૧૦ ના વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓ દ્વારા પીરોજપુરા ગામમાં તેમજ છાપી હાઈ-વે ના માર્ગો ઉપર વિશાળ રેલી યોજી વિવિધ બેનરો તેમજ વ્યસનમુક્તિના લગતાં વિવિધ નાટકો રજુ કરવા સાથે નાગરિકોને વ્યસન મુક્ત થવા અપીલ કરવામાં આવી હતી ૨૦૦ જેટલા છાત્રો એ વિવિધ વેશભૂષામાં હાથમાં બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા એન.એમ. બાલવા હાઈસ્કૂલના વ્યસન મુક્તિ કાર્યક્રમને પંથકના નાગરિકોએ બિરદાવ્યો હતો.

# રૈયા પંથકના ગામોમાં રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને મા નર્મદા યાત્રા યોજાઈ



ચેતન કોઠારી

પ્રતિ. રૈયા

દિયોદર તાલુકાના રૈયા, મુલકપુર, સુરાણા, નવા ખાતે રાજયના મંત્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને મા નર્મદા યાત્રા યોજાઈ હતી.આ યાત્રામાં રૈયા ગામના યુવાનોએ બાઈક રેલી અને ગ્રામજનોએ ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું.ગામની બાળાઓ દ્વારા કુમ કુમ તિલક અને શ્રીફળ પ્રસાદથી રથને વધાવવામાં આવ્યો હતો.

બાદમાં ગામની પ્રાથમિક શાળામાં સભા કરવામાં આવી હતી અને આવેલ મહેમાનોનું ગ્રામજનો દ્વારા ફુલહાર અને

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી ...

## ધૃણા અને પ્રેમ બંને આંધળા છે.

## વીજ ચોરી ઉપરથી સીનાજોરી

કેટલાક લોકોને મફતમાં મેળવવાની આદત પડી ગઈ હોય છે. મફતમાં મેળવવા માટે તેઓ ગમે તેવી બહાનાબાજી શોધી લેતા હોય છે. તેમાં ય સરકાર પાસેથી રાહત દરથી મળતી સેવાઓમાં પણ ધપલો કરીને મફતમાં મેળવવાની વૃતિ ચારે બાજુ વધી રહી છે. રાહત વધારવાની માગણી કરવી કે, વિનામૂલ્યે સેવા માંગવી તે નાગરીકનો અધિકાર હોઈ શકે પણ નિયમ વિરૂદ્ધ ચૂપચાપ વધારાની સવલતો મેળવી લેવી તે ચોરી જ કહી શકાય. તેમાં વીજ ચોરી અને પાણી ચોરી વગેરેનો સમાવેશ થાય છે.

સરકાર ખેડૂતોને વીજ વપરાશમાં મોટી સબસિડી આપીને લગભગ મફતના ભાવે વીજળી પૂરી પાડે છે. કેટલાક રાજ્યોમાં ખેડૂતોને તદન મફતમાં વીજળી આપવામાં આવે છે એટલે આપણા રાજ્યના ખેડૂતો પણ મફતમાં વીજળી મળવી જોઈએ તેવી માગણી કરતા હોય છે. સરકાર આવો નિર્ણય લે તો તેમાં કંઈ ખોટું નથી. પરંતુ સરકાર એવો નિર્ણય લે ત્યારે જ વીજળી મફત મેળવી શકાય. પણ કેટલાક (બધા નહીં) ખેડૂતો દર્શાવ્યા કરતાં વધુ ક્ષમતાવાળી મોટરો બેસાડીને વધારાની વીજળીની ચોરી કરતા હોવાનું વીજ સત્તાવાળાની ધ્યાન પર આવતાં ખેતીવાડીના વીજ જોડાણોનું ચેકીંગ કરવા વખતોવખત દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરોડા અટકાવવા માટે સંગઠન બળથી ધાકધમકી કરાતી હોવાનું અવારનવાર અખબારોમાં છપાતું રહે છે. ખેડૂતોએ પોતાની આ ઈચ્છા બર લાવવા ધાર્મિક મુદ્દો ઉઠાવ્યો છે. વીજ ચોરી માટે એકલા ખેડૂતો જ દોષિત નથી. અન્ય ક્ષેત્રોમાં પણ વીજ ચોરી થાય છે. તેમાં ધાર્મિક સંસ્થાઓ પણ છે. નવરાત્રિ કે મહોરમના સીધા જોડાણ લેવાતા હોવાનું કહેવાય છે. કેટલાક મંદિરો અને દરગાહોમાં વીજ ચોરી થતી હોવાની રાવ મળતાં વીજ તંત્રએ ત્યાં ચેકીંગ વધારતાં અબડાસાના સંગઠિત ખેડૂતોએ આ મુદ્દે આંદોલનની ચિમકી આપી છે. તેમણે મંદિરો અને દરગાહોમાં વીજ ચેકીંગના વિરોધની વાત કરતાં એમ પણ ઉમેર્યું છે કે, ખેડૂતોની વાડીઓમાં પણ આ પ્રકારની રીતરસમ અપનાવવામાં આવે છે ! ધાર્મિક સંસ્થાઓના મુદ્દાનો ઉપયોગ તેઓ પોતાની ગેરવ્યાજબી લડતમાં કરવા માંગે છે તેવી શંકા અહીં ઉભી થાય છે. ખેડૂત હોય કે ધાર્મિક સંસ્થા, વીજ ચોરીનો તેમને અબાધિત અધિકાર આપી ન શકાય. સરકાર ઈચ્છે તો તેમને મફત વીજળી ભલે આપે પણ તે પહેલાં તેમને એવો અધિકાર ન મળી શકે. વીજ ચોરી પકડાય તો તેની સામે આંદોલનની ધમકી આપવી તે વીજ ચોરી અને ઉપરથી સીનાજોરી એવી વ્યાખ્યાથી જ તેને વધાવવી પડે.

## ગુજરાત મીડિયા વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા ગુજરાત મીડિયા એવોર્ડ્સ થકી ગુજરાતના કર્તવ્યનિષ્ઠ પત્રકારોનું સમ્માન



અમદાવાદ

ગુજરાત મીડિયા માટે એક સન્માનિય અને ગર્વિત પ્રસંગ એવા ગુજરાત મીડિયા એવોર્ડ્સ દ્વારા વિવિધ ક્ષેત્રે પોતાની કલમની કસબ દાખવનાર પત્રકારોનું સમ્માન કરવામાં આવ્યું. એમઝોન ઈવેન્ટ્સના નેજા હેઠળ અને સમસ્ત બ્રહ્મ પરિવાર ટ્રસ્ટના સહયોગથી ગુજરાત મીડિયા એવોર્ડ્સનું આયોજન કરવામાં આવ્યું. આ એવોર્ડ્સના જ્યુરી ડૉ. સોનલબેન પંડ્યા અને ડૉ. શીરિષ કાશીકર દ્વારા તટસ્થ રીતે સમગ્ર કેટેગરીના ૨૩ વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ અંગે વિગતે જણાવતા ગુજરાત મિડીયા વેલ્ફેર ટ્રસ્ટના ફાઉન્ડર અંકિત હિંગુ એ જણાવ્યું કે અમે ગુજરાત મીડિયા એવોર્ડ્સ દ્વારા પત્રકારત્વને વરેલા અને હંમેશા સમાજને કંઈક નવુ આપવાની ધગશ રાખવાવાળા પત્રકારોનું જાહેરમાં સન્માન કરીએ છીએ, આ વર્ષે વિવિધ કેટેગરીમાં ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પત્રકારોના નોમીનેશન થયા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરત મિડીયા એવોર્ડના ભવ્ય સમારંભમાં દેશ અને વિદેશમાં પોતાની કલમથી આગવી ઓળખ ઊભી કરેલ છે તેવા વરિષ્ઠ પત્રકાર કાંતિ ભટ્ટ ઉપસ્થિતમાં વિવિધ મહાનુભવોના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં.એવોર્ડ્સ મેળવનાર પત્રકારો અને ફોટો જર્નાલિસ્ટના નામની યાદી :

કેયૂર જાનિ૪ બેસ્ટ સ્ટોરી – ઈન્સ્પીરેશનલ એવોર્ડ જીએસટીવી, વિવેક ભટ્ટ અને ટીમ બેસ્ટ ઈન્વેસ્ટીગેશન સ્ટોરી ટીમ સંદેશ ન્યૂઝ,કલ્પના શાહ બેસ્ટ એન્કર ઈટીવી,ધનેશ પરમાર બેસ્ટ કવરેજ – કુદરતી હોનારતસંદેશ ન્યૂઝ, અમિત પટેલ બેસ્ટ કવરેજ – રૂરલ સંદેશ ન્યૂઝ, RJ દેવકી બેસ્ટ RJ રેડ એફએમ, ધીરૂભાઇ ઠાકર વિશેષ મરણોત્તર એવોર્ડ – ગુજરાતી ભાષામા તેમના અભૂતપૂર્વ યોગદાન બદલ, નગેન્દ્ર વિજય લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ, ભવેન કચ્છી સ્પે. જ્યુરી એવોર્ડ – કોલમ રાઈટીંગ ગુજરાત સમાચાર, ઝવેરીલાલ મહેતા સ્પે. જ્યુરી એવોર્ડ – ફોટોગ્રાફી ગુજરાત સમાચાર, ડૉ. દિવ્યેશ વ્યાસ બેસ્ટ એવોર્ડ – કોલમ રાઈટીંગ, દિવ્ય ભાસ્કર, જયંતિભાઇ ચૌધરી બેસ્ટ સ્ટોરી –ન્યૂઝ ઈન્સપીરેશન ગુજરાત સમાચાર, શૈલેષ નાયક બેસ્ટ સ્ટોરી – સ્પેશ્યલ રિપોર્ટિંગ મિડ-ડે,મેધા પંડ્યા ભટ્ટ બેસ્ટ સ્ટોરી – એન્ટરટેઇનમેન્ટ ફ્રિલાન્સર,મેઘા ડી. કાપડિયા બેસ્ટ લાઇફ સ્ટાઇલ સ્ટોરી દિવ્ય ભાસ્કર, કરનસિંહ પરમાર બેસ્ટ ફોટોગ્રાફી દિવ્ય ભાસ્કર, ઈરફાનમિયા એમ મલેક બેસ્ટ ક્રાઇમ સ્ટોરી દિવ્ય ભાસ્કર,મહેશ રબારી બેસ્ટ એજ્યુકેશન સ્ટોરીસંદેશ, અનિરૂદ્ધસિંહ પરમાર બેસ્ટ રિજનલ સ્ટોરી સંદેશ,શત્રુગન શર્મા બેસ્ટ પોલિટીકલ સ્ટોરી દૈનિક જાગરણ, નવલસિંહ રાઠોડ બેસ્ટ સ્ટોરી – સ્પોર્ટ્સ દિવ્ય ભાસ્કર, જ્યોતિ ભિઓલા બેસ્ટ સ્ટોરી – હેલ્થ સેનિટેશન ડીએનએ લક્ષ્મી પટેલ યંગ અચિવર અમદાવાદ મિરર

## ખૂબ ગુણકારી છે સંચળ, ઉપયોગ કરશો તો આ પરેશાનીઓ દૂર થશે

અમારા આરોગ્ય માટે કાળા સંચણ ખૂબ ગુણકારી હોય છે. જો અમે તેમનો યૂજ કરશો તો અમારા આરોગ્યના ઘણા લાભ મળશે .

★ દરરોજ સવારે ઉઠીને સંચણ કે સિંધાલોણ(સિંધાલૂણ )ને પાણીમાં મિક્સ કરીને પીવાથી બ્લ્ડ શુગર અને જાડાપણ વગેરેથી છુટકારો મળે છે.

★ સંચણમાં રહેલ ક્રોમિયમ અને સલ્ફર હોય છે. જે એક્નેથી લડવામાં સહાયતા કરે છે. તે સિવાય આ ત્વચાને કોમળ અને સાફ બનાવી રાખે છે.

★ તેમાં ખનિજ ભરપૂર માત્રામાં હોય છે. જે એંટી બેકટીરિયલનો કાર્ય કરે છે અને શરીરને તંદુરૂસ્ત રાખવામાં મદદ કરે છે.

★ જો તમે સંચણવાળું પાણી પીશો તો તેનાથી પાચન તંત્રને સ્વસ્થ કરીને શરીરની કોશીકાઓ સુધી પોષણ પહોંચાડે છે. જેનાથી જાડાપણ કંટ્રોલમાં કરી શકાય છે. મીઠું બોડીને ડિટાક્સ કરવાનું કાર્ય કરે છે. તેથી દરરોજ સવારે ઉઠીને મીઠાવાળું પાણીનું સેવન કરવું.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## જ્હોજ્હાલીમાં મસ્ત રહેનાર માણસ જયારે સેવાકેમ્પમાં જઈને લોકોની સેવા કરે..નાણાં વાપરે..કલીયુગમાં એનાથી બીજું શું..!

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

ગળાકાપ સ્પર્ધાઓ, બીજાઓને નીચે દેખાડવાની કુટનીતિ, દાવપેચ રમવામાં હોશીયાર, ભ્રષ્ટ્રાચારનો વકરતો જાદુ, લાગવગના ષડયંત્ર વચ્ચે પણ વર્તમાન સમયમાં કોઈપણ જાતના ભેદભાવ વગર પગપાળા અંબાજી જતા લોકોની સેવા કરવી..એ કંઈ જેવી તેવી વાત નથી કોઈ કે અમથુ કહી દીધુ કે..આ સેવાકેમ્પો ન હોય તો લોકો ચાલતા અંબાજી દર્શન માટે ન જાય ? પણ જવાબ એને એવો મળ્યો કે પગપાળા લોકોને દેખીને તો સેવા કેમ્પો બનાવવામાં આવે છે.એ ક્યાં ખબર છે.પવિત્ર શ્રાવણ માસમાં શિવની આરાધના કરી, પિતાજીની ભક્તિ કરીને પુત્ર ગણેશને રાજી કરવા એમના પણ ગુણ ગવાયા.પિતા અને પુત્રના વખાણ કરીને મા જગદંબાની પ્રાર્થના કે સ્તૃતિ કરવાનો સમય આવી રહ્યો છે.ત્યારે મા ને મો પોતાના ગામમાં, શહેરમાં કે સોસાયટીઓમાં રમવા નોતરૂ આપવા પોતાના ઘરેથી માના સ્મરણ કે બોલ મારી અંબે જય જય અંબે, અંબાજી દુર હૈ જાના જરૂર હૈ, એક દો તીન ચાર અંબાજીનો જય જય કાર..વગેરે જોર જોરથી નારા બોલતા બોલતા અંબાજીના રસ્તે નીકળી જાય છે.મનમાં ઉત્સાહ હોય છે.માને મળીને વાત કરૂ કે, મારે ત્યાં તમે રમવા પધારજો.ભક્તની વિનંતી સાંભળીને મા ન આવે તેવું બને ખરૂ ? ભક્તોની મનોકામના પૂર્ણ કરવા નવ દિવસ માતા ભક્તના ઘેર કોઈ પણ રૂપે આવે પણ ખરા.

જળઝીલણી અગીયારસ બાદ મોટે ભાગે મોટા મોટા સંઘો, પદયાત્રિકો માને મળવા માટે નીકળી પડે...નાચતા કુદતા..જય બોલવતા બોલાવતા જતા હોય ત્યારે રાજાની શાહી સવારી કરતાં પણ ઠાઠમાઠ ઉંચો લાગે..માનો ફોટો હોય, અને દીવો થતો હોય તો તે સવારીથી બીજી સવારી મોટી શુ હોઈ શકે.!ભાન ભુલીને ડી.જે.ના તાલે ધૂમતા યાત્રિકો આનંદના ઉરમાં હજારો વખત જગદંબાનું રટણ કરી દે...

કહેવાય છે કે, આ જગતમાં પરમેશ્વરી નામનું કંઈક તત્વ રહેલું જ છે.ઈશ્વરના અંશ તરીકે આવેલા શ્રી રામ અને કૃષ્ણ સિવાય બીજા કેટલાયે એ પરમ તત્વને પોકાર્યો છે.પછી તે પરમતત્વરૂપી માં કોઈ પણ રૂપે આ ધરા ઉપર હોય પણ તેનાં બેસણાં સાચા આરાસુરના ડુંગરોવાળી મા જગદંબા હોય, રૂપાલની મા વડેચી હોય, નડેશ્વરી મા હોય, ચોટીલાની મા ચામુંડા હોય, પાવાગઢના ડુંગરોવાળી મા કાલીકા હોય કે મોરાગઢની મા મોમાઈ હોય, એવું પણ કહેવાય છે કે જે લાંબા સમયથી ચાલ્યું આવતું હોય, આદી કાળથી ટકી રહ્યુ હોય તે સાચું.આ માના બેસણાં છે તે કેટલાય સમયથી સૂર્યના તેજ સમાન શોભી રહ્યા છે.હાથમાંથી કંકુ પડવું, જેવા અંધશ્રધ્ધાવાળા બનાવો કંઈ લાંબા સમય ટકી શકે નહી પણ જ્યાં જ્યાં મા બિરાજમાન છે.ત્યાંની પ્રાકૃતિક શોભા પણ કંઈક અલગ જ અંદાજમાં હોય છે.

માણસની અંદર રહેલી શ્રધ્ધા પરમેશ્વર સુધી પહોચાડે છે.અંબાજીમાં મા બિરાજમાન છે.ત્યાં કોઈ મૂર્તિ નથી.માત્ર યંત્રની ગોઠવણી કરવામાં આવી છે કે સાક્ષાત મા અંબાની મૂર્તિ હોય તેવું લાગે.દરરોજ તેના અલંકારો અને વાહન બદલાતું રહે છે.નવદુર્ગાના રૂપે મા આપણને જોવા મળે છે.અને આ નવદુર્ગાના દર્શન કરવા માટે યાત્રિક ખુલ્લાપગે ઘરેથી નીકળી પડે છે.આ યાત્રિકો, સંઘોની સેવા કરવા માટે મા જગદંબા સેવા કેમ્પોમાં જોડાયેલા લોકોને કંઈક છુપી રીતે સંદેશા આપતી હોય તોય શી ખબર ! અને હજારો માણસો પોતાની શક્તિ અનુસાર અંબાજીના સ્થાનકે જતા રસ્તાઓ ઉપર અલગ અલગ જગ્યાએ સેવાકેમ્પો ઉભા કરે છે.શું કરીએ તો આ યાત્રિકો ખુશ થાય તે માટે પોતાનાથી બનતી બધી જ કોશીશ કરે છે.કુદરત તો ઘણાને આપે છે પણ મા પરમેશ્વરી કોઈકને સાન કરે તે જ આ સેવાકેમ્પમાં પોતનાથી બનતી સેવા આપી શકે છે.ગામમાં કે ઘરે પાણી માગે તો દુધ મળે એવી સ્થિતિવાળા લોકો પોતાનો સઘળો રાજપાઠ છોડીને લોકોની સેવા કરવા પહોંચી જવું એનાથી વળી બીજું શું હોય..!

લોકોને મેડિકલ દવાઓ પુરી પાડવી, ભાવતુ ભોજન જમાડવું, ઉચ્ચકોટીનાં ફળફળાદી આપવાં ને મનોરંજન માટે ડી.જે.સહિત મોટા ગજાના કલાકારો બોલાવીને યાત્રિકોને ખુશ કરવા..સેવા કેમ્પોમાં જોડાયેલા લોકો એવું જ માને છે કે પગપાળા યાત્રિકો ખુશ તો મા અંબે ખુશ..એવું માનીને જ પોતાનાથી બનતુ બધું જ કરવા તૈયાર થઈ જાય છે.

"જ્યાં હોય તીવ્ર શ્રધ્ધા ત્યાં પુરાવા લેવાની ક્યાં જરૂર છે." ધગશ અને ઉત્સાહ ઉરમા બેસી ગયો હોય ત્યાં ભાદરવાનો તડકો અને વરસાદની બીક કોને લાગે..?આ વર્ષે વરસાદ પણ વધુ પડ્યો તો પણ લોકોમાં રેહલી શ્રધ્ધા માને મળવાની આકાંક્ષા જ બતાવે છે કે આરાસુરના ડુંગરા ઉપર બેઠેલ પરમેશ્વરીનું તેજ દશેય દિશાઓમાં ઝળકી રહ્યું છે.

ગીતામાં શ્રી કૃષ્ણે સ્વયં કહ્યું છે કે, અર્જુન તુ ફળની આશા રાખ્યા વગર કર્મ કર..ફળ શું આપવું, કેવું આપવું એ મારે નક્કી કરવાનુ હોય, આ વાત સેવાકેમ્પોમાં જોડાતા લોકો માટે જરૂર સાચી ઠરે.થાકેલા માણસને વિસામો આપવો, પગ અને માથું દબાવી આપવું, પગની માલીસ કરવી વગેરે..આનાથી બીજો ક્યો સેવાનો ધર્મ હોઈ શકે..આ મહામેળામાં કરોડો રૂપિયા લોકોની સેવાઓ પાછળ વેડફી નાખે તેવા નરબંકાઓ પણ ગુર્જર ધરામાં જોવા મળે છે.ગદગદ છાતી ફુલે આ દાનવીરોને દેખીને..કે જેઓ સહેજ પણ લાલચ કે ફળની આશા રાખ્યા વગર વિશાળ સેવાકેમ્પો બનાવે અને લોકોની શુશ્રુષા કરે.માત્ર મા જગદંબાને રાજી કરવા ખાતર અઢળક નાણાં ધર્મના કામમાં વાપરી નાંખે.આનાથી બીજી મોટી સેવા શું હોઈ શકે.નહીતર કલીયુગમાં કોઈ પાશેર પાણી પાતાં પણ વિચાર કરે તેવો સમય છે તો પણ પાણીની જેમ નાણાં વાપરવા એ કંઈ જેવી તેવી વાત નથી.મા જગદંબા જરૂર આવા સેવા કેમ્પોમાં સેવા કરવા જોડાતા લોકોની મનોકામના પૂર્ણ કરે જ..તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

અને અંતમાં, કંઈક છુપુ તત્વ હોય તો જ લોકોનો મેળો જામે..તો જ હજારો માણસો આકર્ષાય.આ મહામેળામાં કોઈને પણ ઉની આંખ ન આવે તેનાથી મોટો ચમત્કાર શું..!

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## લાઈફસ્ટાઈલે નવીન મેલાન્ઝ કલેકશન પ્રસ્તુત કર્યુ




ભારતમાં સૌથી પસંદગીના ફેશન ડેસ્ટિનેશન લાઈફ સ્ટાઈલએ મેલાન્ઝનું નવીન જોશીલુ કલેકશન રજુ કર્યુ છે જે ફેશનેબલ અને પ્રતિભાવાન કંગના રનૌત પ્રેરિત છે.કંગના લાઈફસ્ટાઈલની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. કલેકશનમાં તમને કંગનાના શકિતશાળી આત્મવિશ્વાસભર્યા વ્યકિતત્વની ઝલક જોવા મળશે. આ કલેકશનમાં સીઝનના લેટેસ્ટ ટ્રેન્ડ અનેસિલુએટ રજુ કરવામાં આવેલ છે જે તમારા વોર્ડરોબને નવીન રૂપ-રંગથી સજાવશે.નવીન કલેકશન આરામદાયક સિલુએટની સાથે 'ઈકી કલર્સ', ઈનોવેટિવ ડિઝાઈન અનેજમીન સાથે જોડાવાનો અનુભવ પ્રદાન કરે છે. તેનાથી તમને એક ટ્રેન્ડી અનેશાંત લુક પ્રદાન કરે છે. મેલાન્ઝ બાય લાઈફસ્ટાઈલ ભારતીય પરંપરામાં આધુનિકતાપસંદ કરતી મહિલાઓ માટે વિશેષરીતે તૈયાર કરવામાં આવેલ કલેકશન છે. તેની પ્રત્યેકડિઝાઈનમાં તમને આ મહિલાઓના વ્યકિતત્વ, આત્મવિશ્વાસ અને આકર્ષકતાની ઝલક જોવા મળેછે. પારંપરિક (ટ્રેડિશનલ) ફલોરલ પ્રિન્ટની પ્રાથમિકતાવાળા કલેકશન સમકાલિન સ્ટાઈલનીસાથે એથનિક સેંસિબિલીટીનો સમન્વય છે જે તેને ખરેખર અનોખું બનાવેછે. 'મેલાન્ઝનું નવીન કલેકશન અમારી બ્રાન્ડ એમ્બેસેટકંગના રનૌતથી પ્રેરિત છે. કંગના બોલ્ડ અને કોન્ફીડેન્ટ પર્સોનાલિટી છે.કલેકશનમાં આધુનિક ભારતીય મહિલાઓની સ્ટાઈલ સંબધીત ચાહત અને સમજની ઝલક જોવામળે છે. આજની આ મહિલાઓ ગ્લોબલ ટ્રેન્ડની સમજ ધરાવે છે અને તેમને ભારતીય સ્ટાઈલ સાથે વેસ્ટર્ન ટ્રેન્ડ અને પેર્ટનવાળા સિલુએટ હોય એવું કલેકશન જોઈએ છે.'

## બાળકોમાં ડાયાબિટિસ – શિક્ષકની ભુમિકા મહત્વપૂર્ણ

સમગ્ર વિશ્વમાં ક્રોનિક ડાયાબિટિસ સાથે જીવતા બાળકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, જેમાં ટાઈપ ૧ ડાયાબિટિસનો પણ સમાવેશ થાય છે. કોઈપણ ક્રોનિક ડાયાબિટિસની કાળજી રાખવા માટે તબીબી સારવારની સાથે-સાથે માહિતી, સાક્ષરતા અને કાઉન્સિલ સાથેનો સાકલ્યવાદી અભિગમ અત્યંત આવશ્યક છે. બાળકોમાં જોવા મળતું ડાયાબિટિસ અલગ નથી. ટાઈપ ૧થી પીડાતા બાળકને ઈન્સ્યુલીન, ડાયટ, એક્સરસાઈઝ અને મોનિટરિંગની સાથે-સાથે તેના અંગે સમજણ અને વર્તણૂંક સંબંધિત બાબતોને પણ ધ્યાનમાં રાખવી આવશ્યક છે.બાળપણ અને કિશોરાવસ્થા દરમિયાન ડાયાબિટિસની અસર સૌથી વધુ હોય છે. એકવાર નિદાન થયાં બાદ ડાયાબિટિસ ઉપર ૨૪ કલાક અને સાત દિવસ દેખરેખ રાખવી આવશ્યક છે. આ મૂશ્કેલભર્યું હોઈ શકે, પરંતુ મેં જોયું છે કે ટાઈપ ૧ ડાયાબિટિસ ધરાવતા બાળકોને યોગ્ય સારવાર અને સામાજિક સહયોગ મળે તો તેઓ જીવનમાં નવી ઉંચાઈ હાંસલ કરી શકે છે. ડાયાબિટિસના સંચાલન માટે આપણે સૌ સાથે મળીને કામ કરીએ તે જરૂરી છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે નાના પગલાથી નોંધપાત્ર અસર પ્રાપ્ત કરી શકાય છે. આ શિક્ષક દિવસે હું તમામ શિક્ષકોને ડાયાબિટિસની સામે વિજય પ્રાપ્ત કરવા માટે આ કેમ્પેઈનમાં જોડાવા વિનંતી કરું છું. આ અત્યંત જરૂરી છે કારણકે બાળકો શાળામાં આઠ કલાક પસાર કરે છે. ઘણાં વર્ષોથી ડાયાબિટિસની સારવાર કરવા દરમિયાન મેં એવા બાળકોની પણ સારવાર કરી છે, જેમણે તેમની શાળા અને શિક્ષકો પાસેથી યોગ્ય સહયોગ પ્રાપ્ત કર્યો છે, જેથી તેઓ જીવનમાં આગળ વધી શકે. બીજી તરફ એવાં પણ ઘણાં બાળકો છે કે જેમણે ક્યારેય સાનુકૂળ માહોલ મેળવ્યો નથી અને તેઓ આરોગ્ય અને વ્યક્તિગત વિકાસ માટે સંઘર્ષ કરી રહ્યાં છે. હું દરેક શિક્ષકને આ કેમ્પેઈનમાં જોડાઈને ડાયાબિટિસ ધરાવતા વિદ્યાર્થીઓને સહયોગ આપવા વિનંતી કરું છું. આ શિક્ષક દિવસ નિમિત્તે સીડીઆઈસી પ્રોગ્રામના ભાગરૂપે ટાઈપ ૧ ચેમ્પ્સ એટ સ્કૂલ કેમ્પેઈન લોન્ચ કરાયું છે. આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય શિક્ષકો અને શાળા સુધી પહોંચવાનો છે, જેથી દરેક વિદ્યાર્થીને સુરક્ષિત માહોલ મળી રહે.

## મેજિકબ્રિક્સે ઓનલાઈન રિયલ એસ્ટેટ સ્પેસમાં ભારતના પહેલા મ્યૂઝિકલ એડ કેમ્પેઈન 'પ્રોપર્ટીકા સુપર માર્કેટ'ની શરૂઆત કરી



ભારતની નં-૧ રિયલ એસ્ટેટ સાઈટ મેજિકબ્રિક્સે પોતાના સૌ પ્રથમ સંગીતમય પ્રચાર અભિયાનની શરૂઆત કરી છે જે ઘર ખરીદવાની પ્રક્રિયાના દર સ્તરે પ્રોપર્ટી, ઉત્પાદનો અને સેવાઓના વ્યાપક વિકલ્પ ઉપલબ્ધ કરાવીને બ્રાન્ડની 'પ્રોપર્ટીકા સુપર માર્કેટ' રૂપે ફરીથી ખાતરી કરે છે. સુપર માર્કેટને એક સ્માઈલી રૂપે પ્રયોગ કરતા આ કેમ્પેઈન મેજિકબ્રિક્સ, તેના ઉત્પાદનો અને સેવાઓની દુનિયાને રજૂ કરે છે. સુપર માર્કેટના આ ખાસ આઈડિયાની સાથે ગ્રાહકોને ઘર ખરીદતા સમયે મેજિકબ્રિક્સ દ્વારા ઉપલબ્ધ કરાવાતી સરળતા અને સાદગીની એક ઝલક જોવા મળશે. આ અભિયાન આ મજબૂત વિચાર પર આધારિત છે કે જ્યારે વિકલ્પોને જોવાની વાત આવે છે તો ભારતીય વપરાશકર્તાને વધુ વિકલ્પ નથી મળતા. અને રિયલ એસ્ટેટ જેવી મહેંઘી અને જોખમભરેલી શ્રેણીમાં આ સૌથી વધુ હોય છે. આ પ્રચાર અભિયાન દ્વારા અમારું લક્ષ્ય વ્યાપક વિકલ્પોને ઉપલબ્ધ કરાવીને બ્રાન્ડની સ્થિતિની 'પ્રોપર્ટી કા સુપર માર્કેટ' રૂપે ખાતરી કરવાનો છે.

આ શ્રેણીમાં મનોરંજન અને હાસ્યની સાથે પહેલું મ્યૂઝિકલ છે જેમાં ઘર ખરીદવાની પ્રક્રિયા માટે એક ગંભીર સંદેશ આપવામાં આવ્યો છે."એક બ્રાન્ડની સેવાઓ અને કાર્યોને એક મનોરંજક, પ્રવાહમયી અને સાદગીથી રજૂ કરવું હંમેશા એક પડકાર રહ્યું છે. આ માટે મેજિકબ્રિક્સને એક સુપરમાર્કેટ રૂપે રજૂ કરવાનો વિચાર અમારા માટે અસરકારક રહ્યો. ૩ બીએચકે, કંસ્ટ્રક્શન અને રેડી-મૂવ જેવા શબ્દોનો ગીતમાં પ્રયોગ કરવો અને ગુનગુનાવા યોગ્ય બનાવવું સરળ નહોતું, પરંતુ પંકજ બોરાએ શાનદાર કામ કર્યુ છે.

## દુર એટલા ન જશો કદી કે.. ઝાંખુ આંખે નહીં હૃદયે લાગે

**મોરપીંછ જોઈને આસપાસમાં મોર છે એવું શા માટે માની લેવું ? શક્ય છે કૃષ્ણ પણ હોઈ શકે..**

માયા..દરરોજ લેબ આસીસ્ટન્ટ તરીકેની નોકરીએ જવા સવારે નવ વાગ્યે તમારા ઘર નજીકના બસ સ્ટોપ પર પહોંચતા એજ સમય સંજય બાઈક લઈને તેના કામ પર જતો. એકવાર તેણે લીફટ આપી. બસ પછી એ સિલસિલો ચાલુ થઈ ગયો.

બાઈક પરની લીફટના સંબંધ અપલીફટ થતા થતા છે હૃદયની લીફટના દ્વાર ઉઘાડી ગયા, માયા ક્યારેક બાઈક પાછળ બેસતી વખતે કે ઓચિંતી બ્રેક લાગતા તમારા વસંતોત્સવ મનાવતા યૌવનને સંજયનો પાછલો ભાગ સ્પર્શી જતો.તેથી તે ઝણઝણાટી અનુભવાતી તેનું શબ્દ વર્ણન અશક્ય છે.

તમારા મનમયુરનો કેંકાર સંજય સુધી પહોંચાડવો કેમ ? એ




માટેની અસમંજસ હતી. એટલે તમારી લેબોરેટરી નજીક બાઈક પરથી ઉતરતી વખતે તમારો રૂમાલ સંજયની બાઈક પર છોડી દીધો અને એ રીતે કે તે ઉડી ન જાય.

બીજે દિવસે એ રૂમાલ સંજયના હાથે બંધાયેલો જોવા બંનેની નજર મળી ત્યારે જે મધુર મૌન કલશોર થયો.તેની અનુભુતિ વર્ણવવી અશક્ય છે.

'આજે આ રૂમાલ હાથે કોનો બાંધ્યો છે ? ગંતવ્ય સ્થાને ઉતરતા તમે પુછ્યુ માયા..'

'છે એક સરસ છોકરી..'

'કોણ ? અને તમારે શું થાય ?'

'મારા માટે સર્વસ્વ.. પણ એની માટેની ખબર નથી તને ખબર છે...' સહસા જ પુછાયેલા પ્રશ્નથી તમે શરમાઈ ગયા માયા...

'આ મૌનને હું શું માનું ?'

'એ છોકરી માટે પણ તમે સર્વસ્વ જ છો એમ માનો..' કહી તમે લેખ પર જવા લીફટ પાસે પહોંચ્યાં ત્યારે સરળ સ્વભાવનો સંજય પણ આજે રોમેન્ટિક મુડમાં હતો તેથી પહેલી જ વાર તે તમારી પાછળ લીફટમાં ચાલ્યો.

લીફટના ધ્વાર બંધ થયા અને સંજય માટે બસ આ સિલસિલો છ માસ ચાલ્યો.હવે તો માયા નોકરી પર જવા સંજયને વળગીને બેસતી પણ બસ સ્ટોપે એ દિવસે માયા તમે ઉભા હતા ત્યારે સંજય બાઈક પર બીજી રૂપાળી યુવતીને બેસાડીને તમને જાણતો ન હોય તેમ નીકળી ગયો. અને હૃદયનો આંચકો લાગ્યો કોઈ હશે તેનું સગુ કહી મન મનાવ્યું. પણ..અવચડું મન માને તો ને ? લેબ પર પહોંચી મોબાઈલ જોયો. સ્વીચ ઓફ.. તેના ૧૦ દિવસ સુધી સંજય જોવા ન મળ્યો કે ના તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થયો. તેથી કંટાળીને સંજયની સોસાયટીમાં જ રહેતી તમારી બેનની ફ્રેન્ડ જલ્પાને ત્યાં પહોંચ્યા. આડી તેડી વાતો કરી અને સંજયની વાત જાણવા મમરો મુક્યો.

અને જલ્પાએ સંજય તો ચાલુ માણસ છે કહી વટાણા વેરી વિસ્ફોટ કર્યો અને માયા તમારી સંજય પ્રત્યેની લાગેલી માયા પણ ઓછી થવા લાગી.તમને જલ્પાની વાત સાચી લાગી. કારણ સંજયનો મોબાઈલ પર સંપર્ક થતો ન હતો. નજર સામે રૂપાલી નવ યૌવનને લઈને જતો તેને જોવો હતો.બસ તમે સંજયને ભુલવા પ્રયાસ શરૂ કરી દીધા.

પણ માયા એ જ બસ સ્ટોપ પર ઉભી રહી મેં તમારા બંનેની લાગણીઓના વાવેતરને જોયા છે. એટલે એટલું જ કહેવા માગુ છું કે

**દુર એટલા ન જશો કદી કે..**
**ઝાખું આંખને નહીં હૃદયને લાગે...**
**સાચુ કારણ તો એ છે માયા..કે..**

તમે જે નવયૌવનાને જોઈ હતી તે સંજયની કાકાની દિકરી બેન હતી જેનો પગ કુંડાળામાં પડી જતા તેને બચાવવા કાકા-કાકીએ સંજયને ત્યાં મોકલી હતી.પણ કાકાની દીકરીને ભ્રષ્ટ કરનાર મવાલી પહોંચેલી માયા હોવાથી તે યુવતી ક્યાં છે.? તે જાણવા મોબાઈલ કેસ કરવા પ્રયાસ કરતા હતા તેથી મવાલીઓને ભનક ન લાગે તે હેતુથી સંજયે તેનો અને બેનનો મોબાઈલ તેણીએ સંપુર્ણ બંધ કરી બેટરી કાઢી લીધી છે. એ તમને જણાવવા બેચેન હતો પણ જો બસ સ્ટોપે બાઈક ઉભી રાખે અને તમારા ગુંડાઓને ખબર પડી જાય અને નવી મુસીબત ઉભી ન થાય તે હેતુથી જ સંજયે તમને અણ ઓળખ્યા કરી બાઈક મારી મુકી હતી.

રહી વાત જલ્પાની..જે ખરા અર્થમાં ચાલુ છોકરી છે જેની દાળ સંજય સામે નહી ગળતાં તેણે જુઠાણું ચલાવ્યું હતું જે તમારા જેવી ભોળી ભાળી એ પ્રેમમાં છલોછલ થયેલી છોકરીએ સાચુ માની લીધુ હતું.

ત્યારે માયા માટે ફરી એટલું જ કહેવું છે કે 'આસપાસમાં મોરપીંછ જોઈને મોર છે એમ શા માટે માની લેવું ? કદાચ કૃષ્ણ પણ હોઈ શકે..'

સપ્તાહ સુધી રાહ જુઓ માયા..તમારો કૃષ્ણ (સંજય) તમારો સંપર્ક કરશે જ..હો.. આપ શું માનો છો ? એ મને મેઘ વર્ષા ૧૪, સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ માંજલપુર, વડોદરા, ૩૯૦૦૧૨ અથવા મો. ૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હો..

**સંવેદના:**

મનગમતી વ્યક્તિની યાદો સાથેનું એકાંત પણ અવસર જેવું હોય છે.

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**




# જો તમને સાંધાનો દુ:ખાવો છે તો ભૂલથી પણ ટામેટા ના ખાશો

ક્યારેક ક્યારેક આપણ ખાન પાનનો પ્રભાવ પણ સાંધાના દર્દને પ્રભાવિત કરે છે. એ જ કારણ છે કે સાંધાના દુ:ખાવાની સમસ્યામાં તમને કેટલાક ફૂડ્સ ખાવાનુ ડોક્ટર ના પાડી દે છે જેથી તમે જલ્દી ઠીક થઈ શકો.

આવો જાણીએ કે સાંધાનો દુખાવો થાય તો આપણે કયા કયા ફૂડ્સ ન ખાવા જોઈએ. ૧. જે લોકોને સાંધાના દુખાવાની સમસ્યા રહે છે તેમને ક્યારેય પણ આર્ટિફિશિયલ શુગરનો પ્રયોગ ન કરવો જોઈએ. તેનાથી તેમનુ વજન વધતુ નથી અને તેમને આ સમસ્યાથી છુટકારો મેળવવામાં સરળતા રહે છે. હકીકતમાં તેમા ઉચ્ચ માત્રામાં પ્રોટીન હોય છે જે તમારી માંસપેશીયોમાં સોજો અને દુખાવોનુ કારણ બને છે અને સાથે જ તમારુ વજન પણ વધારી શકે છે તેથી તમે આ પ્રકારના ઉત્પાદોનો પ્રયોગ ન કરો.

૨. ટામેટામાં યૂરિક એસિડની ઉચ્ચ માત્રા હોય છે જે સાંધાના દુ:ખાવા માટે સારો નથી હોતો. તેનાથી તમારા સાંધાનો દુખાવો વધી જાય છે અને તમારા પગમા સોજા આવી શકે છે તેથી તેના સેવનથી બચો.

૩. કેટલાક ખાસ પ્રકારના વેજિટેબલ ઓયલ જેવા કે કોર્ન ઓયલ, સૂરજમુખી ઓયલ કે સોયાબીન ઓયલ વગેરેમાં વસાની માત્રા ખૂબ વધુ હોય છે. જેનાથી શરીરનુ વજન વધી જાય છે અને તમારા પગ પર વધુ જોર પડે છે. તેથી આ પ્રકારના ઓયલ્સને ખાવાથી બચવુ જોઈએ.



# ફ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયા

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

આપણા શરીરની સંવેદનાઓનું આદાન પ્રદાન જ્ઞાનતંતુઓ દ્વારા થાય છે. જેનું ઉદ્ભવસ્થાન મગજ (બ્રેઈન)છે.જે બાહ્ય સંવેદનાઓ કે સંદેશ મગજને ન પહોંચાડે તેમજ મગજમાંથી સેન્સરી નર્વ દ્વારા અંગોને મેસેજ પહોંચાડે, બાહ્ય સંવેદનાને મગજ સુધી સંવેદના પહોંચાડે તેને 'મોટર નર્વસ' કહેવામાં આવે છે.

મગજમાં બાર નસો છે જે આખા શરીરની સંવેદનાઓનું નિયમન કરે છે. જે શરીરના દરેક અંગોમાંથી આવેલી સંવેદનાનું ગ્રહણ કરે છે તથા દરેક અંગોને સંવેદના પહોંચાડે છે. જ્યારે નર્વસ દ્વારા સંતુલન ન જળવાય તો ધ્રુજારી, સુત્ર થવું, લકવો પડવો, ન્યુરેલ્જીયા થવું, ન્યુરાઈટીસ થવું, ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયા થવું આમ નર્વસ સીસ્ટમનું સંતુલન બગડવાથી વાંસા, શરીરનું હલનચલન, શ્રવણ ક્રીયા, દ્રષ્ટિ વિગેરેના કાર્યો કાં તો બંધ થાય છે અથવા અટકી પડે છે.

આપણે આગામી લેખમાં જ્ઞાનતંતુઓના રોગો જેવા કે ડીપ્રેશન, ઉન્માદ, ઉત્તેજના, ધ્રુજારી, પાર્કીન્સોનીસમ, હેમી પ્લેજીયા (અડધા અંગનો લકવો પડવો, બેઈલ્સ પાલ્સી થવું, હાથ પગમાં ખાલી ચડવી, માઈગ્રેન થવું, હેમીકેનીયા થાય) વિગેરે વ્યાધિઓ થાય છે.

આજે આપણે ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયા વિશે માહિતી મેળવીશું.

ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયા એ મગજમાંથી આવતી ટ્રાઈજેમીનલ નર્વની વ્યાધી છે. દર્દીને નાકની આજુબાજુ આંખમાં તેમજ મોંઢાના ઉપરના ભાગમાં શરૂઆતમાં દુ:ખાવો થાય, ત્યારબાદ તેમાં ઝાટકા મારે અને આખો દિવસ તેના ઉપર રૂમાલ રાખી હળવું દબાણ આપવાથી થોડી રાહત રહે છે. આ બહુ જ પીડાદાયક રોગો છે. યુરોપીયન કન્ટ્રી કે દેશોમાં ટ્રાઈજેમીનલ નર્વ પાસે આલ્કાહોલનું ૦.૫ એમ.એલ.નું ઈંજેકશન આપવામાં આવે તો ફક્ત છ કલાક રાહત રહે છે. ફરીથી દુ:ખાવો શરૂ થાય છે. શરૂઆતમાં એમ લાગે છે કે દાઢ દુ:ખે છે એટલે ઘણી વાર દાઢ પાડવામાં આવે છતાં રાહત ન થાય એટલે નાક ગળાના નિષ્ણાંતને બતાવવામાં આવે છે. રાહત ન થવાથી છેલ્લે ન્યુરોફીઝીશીયન કે ન્યુરોસર્જનને બતાવવામાં આવે ત્યારે નક્કી થાય છે કે 'ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયા' છે.

શરૂઆતમાં તો દુ:ખાવો થાય પણ જેમ જેમ સમય થાય પછી ઝાટકા લાગે આખો દિવસ વેદના થાય, સામાન્ય રીતે આનો કાયમી ઉપચાર નથી પણ હોમિયોપેથીમાં વિશ્વાસથી દવા લેવામાં આવે તો કાયમી આરામ થાય છે.

૧. સાંતલપુરના એક બહેન કેજેની ઉંમર સાઈઠ વર્ષની છે તેમને આજથી પંદર વર્ષ પહેલાં જમણી બાજુના મોંઢાના ભાગમાં મેકઝાલા જમણી આંખનો ડોળો તથા મોંઢાના જમણા ભાગમાં દુ:ખાવો થતો હતો પણ ઝાટકા પણ લાગતા હતા તેમની વિગતવાર માહિતી લેતાં અમે ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયાનું નિદાન કરેલ. છ મહીના નિયમિત દવા લેવાથી સંપુર્ણ મટી ગયેલ. ગયા વર્ષે તેઓને દુ:ખાવાની શરૂઆત થતાં સાંતલપુરથી અમારી પાસે આવેલા. સામાન્ય રીતે હોમિયોપેથીમાં મટી ગયા બાદ રોગ ફરીથી થતાં નથી પણ બે મહીનાનો કોર્ષ કરવાથી સંપૂર્ણ આરામ થયેલ છે.

૨. આજથી પાંત્રીસ વર્ષ પહેલાં ડીસાના પ્રખ્યાત વકીલ સાહેબને આ રોગ હતો અને તેઓને દશ વર્ષથી આખો દિવસ મોંઢા ઉપર રૂમાલ રાખી પ્રેસર આપવું પડતું તેમને પણ તે સમયે હોમિયોપેથીક દવાથી રાહત થયેલ.

૩. સ્મીતાબેન શાહને છેલ્લા સાત વર્ષથી ટ્રાઈજેમીનલ ન્યુરેલ્જીયાની તકલીફ હતી. તેઓએ અનેક વિશેષજ્ઞોને બતાવતાં કોઈ જ રાહત થયેલ નહીં. હોમિયોપેથીક સારવાર આઠ મહીના સુધી લેવામાં આવતાં રાહત થયેલ.હોમિયોપેથીમાં રસટોક્ષ સ્પાઈજેલીયા,વેરબાસ્કમ, અર્નિકા, કોસ્ટીકમ વિગેરે દવાઓ લક્ષણ પ્રમાણે આપવામાં આવે છે.રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

# શક્તિ મેળવો.... ક્ષય ભગાવો, સ્વસ્થ રહો

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

તપસ્વી, કર્તૃત્વવાન, સૌને સુખ, શાંતિ ને સમાધાન આપવા માટે સતત પ્રયત્નશીલ એવા ચંદ્ર રાજા નું બહુમાનસ્વરૂપે લોકોએ આકાશ ના ચંદ્ર સાથે સરખાવી ને તેને અમર બનાવી દીધો. આવા ચંદ્ર રાજા ને ક્ષય લાગુ થયો ત્યારે તેનેશક્તિ આપવા સૌરાષ્ટ્રે સોમચચંદ્રનાથ – મહાદેવ પ્રગટ થયા

પુષ્ણામિઃ ચૌશધીઃ સર્વા, સોમો ભૂત્વા રસાત્મકઃ ગીતા

પ્રત્યેક વનસ્પતી - ઔષધી માં રસ ચંદ્ર પૂરો પાડે છે. તેથી જયારે શરીર નબળું પડે, અશક્તિ જણાય એટલેકેધાતુઓ નો ક્ષય જણાય ત્યારે પાચક શક્તિ ને ધ્યાન માં રાખી યોગ્ય આહાર, આયુર્વેદ ની વનસ્પતિ ના ઔષધો નોઉપયોગ કરવો.શરીર ની રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર ધાતુ. આ સાતેય ધાતુ માંથી કોઈ એક ધાતુ કે પછી બધી જધાતુ નો ક્ષય થવાથી પણ ટીબી કે ક્ષય રોગ ની ઉત્પતિ થતી હોય છે.

**ક્ષય યુક્ત ધાતુના જોવા મળતા લક્ષણો**

રસ ધાતુ – શરીર માં રુક્ષતા, થાક લાગી જવો, ગળા માં શોષ પડવો, ગ્લાની તથા કોઈની પણ જોડે વાતચીતકરવી ન ગમે.

રક્ત ધાતુ – ખાટા પદાર્થો કે ઠંડા પદાર્થો ના સેવન કરવાની ઈચ્છા વધુ થાય. આ ઉપરાંત શરીર ની શિરાઓ માંશિથીલતા થઈ જાય અને શરીર માં રુક્ષતા ની પ્રતીતિ થાય.

માંસ ધાતુ – નિરુત્સાહી બને , સંધિ ઓ માં પીડા જોવા મળે.

મેદ ધાતુ – કેડ માં સ્પર્શ ની ખબર ના પડવી, બરોળ વધી જવી તથા શરીર દુર્બળ બને છે.

અસ્થિ ધાતુ – હાડકા માં પીડા, દાંત, નખ તૂટી જવા, વાળ ખરવા

મજ્જા ધાતુ – હાડકા માં સુષિરતા (પોલાણ) આવે, ચક્કર આવવા લાગે, તથા આંખે અંધારા આવે.

શુક્ર ધાતુ – મૈથુનમાં શુક્ર દેરથી નીકળે અથવા તો શુક્રની સાથે લોહી નીકળે, વૃષણમાં અત્યંત પીડા થાય, લિંગમાંથી ધુમાડા નીકળતા હોય તેવું લાગે.

- મોટા આંતરડાનો વ્યાધિ હોય કે જેના કારણે કબજીયાત, મરડો, અપચો, મસા, ભગંદર, ગુદા ના વાઢીયા,ખંજવાળ, બળતરા દુ:ખાવો જેવા રોગો માં હરડે ચૂર્ણ નું દરરોજ સવારે શિયાળામાં ગોળ સાથે, ઉનાળા માંઅને શરદ ઋતુ માં સાકર સાથે, ચોમાસામાં મધ સાથે સેવન કરી શકાય
- પેટ ના રોગો માટે વાવડીંગ, ચિત્રક, સૂંઠ એ રસાયણ ઔષધ છે.
- આમાશયના વ્યાધિ, અપચો, અમ્લપિત, ઉર્ધ્વાપિત, ઉલટી, હાઈ બી.પી., ચક્કર આવવા જેવા વ્યાધિ માંઆમલા નું સેવન કરી શકાય.
- પેશાબ ના રોગો માં રસાયણ ચૂર્ણ ને સાકર કે મધ સાથે લેવું.
- ફેફસાના રોગો માં લીંડી પીપર – ૩ નંગ, દૂધ – ૧ કપ, પાણી – ૨ – કપ સાથે પાણી બળી જાય ત્યાં સુધી

ગરમ કરી ને લીંડી પીપર ચાવી જવી, દૂધ પી જવું, લીંડી પીપર એ છાતી ના રોગો માટે નું શ્રેષ્ઠ રસાયણ ઔષધ છે.

- હૃદય રોગ માં અર્જુન ચૂર્ણ ને દુધ કે મધ સાથે લેવું.
- નાક, કાન, આંખ, માથા ના રોગો માટે હરડે, ગળો, જેઠીમધ, રસાયણ ઔષધ છે.
- આમવાત ના રોગો માટે સુંઠ, નગોડ અને ગુગળ એ રસાયણ ઔષધ છે.
- માનસિક રોગો માં બ્રાહ્મી ચૂર્ણ ને દૂધ સાથે લેવું.
- જીર્ણ જવર ( હાડતાવ ) માં લીંડીપીપરનો ઉપરોક્ત પ્રયોગ અને લીમડા ની ગળો ને રાત્રે કુટી ને પલાળી,

સવારે નીચોવીને ૩૦ થી ૪૦ મિલી જેટલું પાણી પીવું.

- રસ ધાતુ માટે આમળા, ગળો, શતાવરી શ્રેષ્ઠ છે.
- માસ ધાતુ માટે ગાય નું ઘી શ્રેષ્ઠ છે.
- મેદ ધાતુ માટે ગાય નું મુત્ર શ્રેષ્ઠ છે.
- અસ્થિ ધાતુ માટે અશ્વ ગંધા, ચોપચીની અને પીપલીમુલ (ગંઠોડા) શ્રેષ્ઠ છે.
- મજ્જા ધાતુ મતે આમળાં, ડોડી, પાલખ શ્રેષ્ઠ છે.
- શુક્રધાતુ માટે દૂધ, ઘી શ્રેષ્ઠ છે.

આ ઉપરાંત સૌએ સેવવા જેવા નિત્ય રસાયણ કર્મ માં ઋતુ પ્રમાણેના ફળ નું સેવન કરવું, નિત્ય વ્યાયામ કરવો,

સંયમ પાળવો, બ્રાહ્મ મુહુર્ત માં જાગવું, પ્રાણાયામ કરવા, ચિંતા ન કરવી, અધ્યાત્મ નું સેવન કરવું તે છે.

આમ, કોઈપણ રોગ મટી ગયા પછી તે તે રોગ ફરી ને ન થાય અને વધતી જતી ઉમર પ્રમાણે ધાતુક્ષય થવો સહજ

છે. ત્યારે ધાતુક્ષય ઓછા પ્રમાણ માં થાય, સ્રોતસ શુધ્ધી થઈ, રોગપ્રતિકારક શક્તિ વધારી શકાય તે માટે રસાયણ કર્મ ત્રણ

થી છ માસ સુધી કરતા રહેવું જોઈએ – તેથી જ કહ્યું છે કે,

આમ રસાયણ કર્મ ના સેવન થી ઘડપણ અને વ્યાધિ નો નાશ થાય છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# અસ્થમાને કાબૂમાં રાખવાની રીત

**સાઈકોથેરાપીસ્ટ**

અગાઉ અસ્થમા એટલે કે દમની બીમારીને કાબૂમાં રાખવાનું અઘરૂ હતું. આ બીમારીથી ગ્રસ્ત લોકોને સામાન્ય જીવન જીવવામાં અનેક તકલીફો સહન કરવી પડતી હતી પરંતુ હાલના સમયમાં આ રોગ પર કાબૂ મેળવવાનું અનેક ગણું વધારે સરળ બની ચૂક્યું છે. આજે અસ્થમાનો દરદી સામાન્ય જીવન વ્યતિત કરી શકે છે

અસ્થમા સામે નિયંત્રણ રોગગ્રસ્ત હોવા કરતાં સારૂ છે તેનાથી બચવું. આ ક્રમમાં અત્રે કેટલાક સૂચન આપવામાં આવ્યા છે. - ઋતુ બદલાતા શ્વાસની તકલીફ વધી જાય છે. તેથી ઋતુ બદલાયાના ચારથી છ સપ્તાહ પહેલા જ સજાગ થઈ જવું જોઈએ અને પોતાના ડોક્ટરની સલાહ લેવી જોઈએ. - પેનકિલર દવાઓ જેવી કે એસ્પિરીન લેવાનું ટાળો. - દવાઓને ઈનહેલરના રૂપમાં જ લો. ઈનહેલર લેવાની યોગ્ય રીત ડોક્ટર પાસેથી જાણો. - ડોક્ટરની સલાહ અનુસાર જ સ્ટેરોઈડ લો.

- એવા કારણો જેના કારણે શ્વાસની તકલીફ વધે છે તેમનાથી બચવું જોઈએ. જેમ કે ધૂળ, ધૂમાડો, ભેજ, ઠંડી અને ધુમ્રપાન વગેરે. - એવા ખાદ્ય પદાર્થો જે રોગી જાણી જોઈને આરોગે છે અને તેમનાથી નુકસાન થઈ રહ્યું છે તો તેમને લેવાનું ટાળો. સામાન્ય રીતે ઠંડા પીણા, ફાસ્ટ ફૂડસ કેમિકલ અને પ્રિજેર્વેટિવ યુક્ત ખાદ્ય પદાર્થોથી દૂર રહેવું જોઈએ. - પીડિત વ્યક્તિના ઘરમાં કૂતરૂ કે પાલતુ જાનવર ના પાળે તે સારૂ છે. - શરદી, સળેખમ, ફ્લૂ જેવી બીમારીઓનો તાકીદે ઈલાજ કરાવો કારણ કે તેનાથી દમનો હુમલો કે તેને લગતી તકલીફો વધવાનું જોખમ વધી જાય છે. - કારપેટ, પથારી અને ચાદરની નિયમિત સફાઈ કરો.

- જે પીડિત લોકોને વ્યાયામ કરવાથી કે મહેનતનું કામ કરવા દરમ્યાન પહેલા પણ ક્યારેય શ્વાસ લેવામાં તકલીફ થઈ હોય તેમને એક્સરસાઈઝ પહેલા ઈનહેરલ અવશ્ય લેવું જોઈએ. જો રાત્રે શ્વાસ ફૂલી જાય છે તો રાત્રે સૂતા પહેલા જ ઈનહેલર અને અન્ય દવાઓ ડોક્ટરની સલાહ અનુસાર લેવી જોઈએ. - ઘરમાં હવાની અવર-જવર થવી જોઈએ. - ઘરની સફાઈ થઈ રહી હોય, કલર કામ ચાલતુ હોય કે પોછૂ મારવામાં આવતું હોય ત્યારે દરદીએ ઘરની બહાર જ રહેવું જોઈએ. ઈનહેલર થેરપી અસ્થમાનો ઉપચાર સામાન્ય રીતે ઈનહેલરથી જ થાય છે જે આ બીમારીની દવા લેવાનો સર્વશ્રેષ્ઠ અને સૌથી સુરિક્ષત ઉપાય છે. આવું એટલા માટે કારણ કે ઈનહેલર દ્વારા દવા વ્યક્તિને ફેફસા સુધી પહોંચે છે અને તે તુરત જ અસર દેખાડવાનું શરૂ કરી દે છે. એ ધ્યાન આપવું જોઈએ કે ઈનહેલેશ થેરેપીમાં સીરપ અને ટેલબેલની તુલનામાં ૧૦થી ૨૦ ગણી સુધી ઓછા ડોઝની જરૂર હોય છે અને તે વધારે અસરકારક હોય છે. ઈનહેલરના બે પ્રકાર હોય છે... ૧. રિલીવર ઈનહેલર : આવા ઈનહેલર તાકીદે અસર દેખાડી શ્વાસ નળીની માંસપેશીઓની તાણ ઢીલી કરે છે અને તરત જ અસર કરે છે. તેને શ્વાસ ચઢે ત્યારે લેવાનું હોય છે. ૨.કંટ્રોલર ઈનહેલર : આ શ્વાસ નળીમાં સોજાને ઓછો કરી તેમને વધારે સંવેદનશીલ બનતા રોકે છે અને અસ્થમાના ગંભીર હુમલાના ખતરાને ઘટાડે છે. તેને લક્ષણ ન હોય તો પણ સતત લેવું જોઈએ. ટેબલેટની

આવશ્યકતા અસ્થમાના ઈલાજમાં અનેક વ્યક્તિઓને ટેબલેટની જરૂર નથી પડતી. એવું એટલા માટે કારણ કે ઈનહેલર સામાન્ય રીતે સારી રીતે કાર્ય કરે છે. તેમ છતાં કેટલાક કેસોમાં જો અસ્થમાના દરદીમાં કેટલાક લક્ષણો દેખાતા હોય તો ઈનહેલર ઉપરાંત ટેલબેટ લેવાની પણ સલાહ આપવામાં આવે છે. જોકે ઈનહેલરનો સતત પ્રયોગ કરતાં હશો તો તમારે ટેલબેટ લેવાની જરૂર નહીં પડે.

# દુ:ખ નિરાશાનું કારણ અપેક્ષા

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

દુ:ખ અને નિરાશા બંને શબ્દો એકબીજાનાં પર્યાય નથી છતાં એની પાછળ આ કારણો અને અનુભવાતી અસર (પીડા) સરખી હોય છે. દુ:ખ એટલે શું ?

સુખ હોવા છતાં ભોગવી ના શકાય, ક્ષમતા ધરાવતાં છતાં મેળવી ના શકાય, વર્તમાનને ભુલી ભવિષ્યમાં જીવીએ, જે હયાતમાં છે એને છોડી જે નથી એને મેળવવા ફાંફા મારીએ અને જે પીડા અનુભવાય તેને દુ:ખ કહીએ છીએ ખરૂં ને ?

જયારે નિરાશા એટલે શું ? તો સાવ સામાન્ય શબ્દોમાં કહીએ તો આશાનું વિરોધી નિરાશા.. મતલબ જ્યાં આશાનો તાર તુટે ત્યાં નિરાશા મળે છે. નિરાશા એ દુ:ખ કે પીડાની જનક છે. ટુંકમાં કહીએ તો માનવીની અપેક્ષા જ્યાં પુરી નથી થતી ત્યાંથી દુ:ખની શરૂઆત થાય છે.

દુ:ખી થવાનું કારણ ? તો સાંભળો મિત્રો..

જ્યારે પેલા પતિદેવ બેનને બગીચામાં ફરવા લઈને જાય ત્યારે બેનની નજર મલ્ટીપ્લેક્ષ સિનેમાઘરો પર હોય, જ્યારે બહાર જમવા કે નાસ્તો કરવા લઈને નીકળે ત્યારે બેનની અપેક્ષા ફાઈવસ્ટાર હોટેલની હોય, સ્કુટર પર જતાં હોય ત્યારે બેનની નજર મોંઘીદાટ ગાડીઓ પર હોય અને તહેવારમાં કોઈ નાની મોટી ગીફ્ટ આપે ત્યારે બેનને કલ્યાણ જવેલર્સ કે તનીસ્કની ડાયમન્ડ જવેલરી દેખાય, પેલો ભાઈ બિચારો મધ્યમ વર્ગનો કર્મચારી, બેનના સપનાં કયાંથી પુરાં કરે ? જે નથી એ મેળવવાની લાલસામાં આ બેન જે સુખ હયાત હતું એને પણ માણી શકતાં નહોતાં. માણસની અપેક્ષાઓ જ્યારે મર્યાદા ઓળંગે ત્યારે દુ:ખ સિવાય કોઈ મળતું નથી. અપેક્ષાઓ છોડી દો અને જે સામે આવે છે એનેમાણો. આ બધી બાબતો સાવ ક્ષુલ્લક, સાવ નાની લાગે પરંતુ આ જ બાબતો આપણા મનને વિષાદથી ભરી દે છે. આપણાં સુખી સંસારને જાણ્યે અજાણ્યે આપણે જ આગ ચાંપી મુકીએ છીએ. એના જેટલી દુ:ખી બાઈ બીજી કોઈ નહીં હોય. આપણે હંમેશા આપણા સુખને, આપણી ખુશીને બીજાં પાસે શોધીએ છીએ. બીજાના વ્યવહાર પર આધારીત રહીએ છીએ. કોઈ તમને સારૂં કહે કે ના કહે. અરીસો તો છે ને..! એ હંમેશા સાચું જ બોલશે. તમે જોયું કે સાડી મને શોભે છે મને ગમે છે તો પછી બીજાનાં પ્રતિભાવનીઆશા શા માટે ? એ પ્રતિભાવની આશા રાખીએ અને પ્રતિભાવ સારા ના મળે તો મન દુ:ખી દુ:ખી.

એક બેનનાં લગ્ન થયાં. એકબીજાંની મરજીથી અને પસંદગીથી જ ધામધુમથી લગ્ન થયેલાં. બંને વચ્ચે પ્રેમ પણ ખરો જ.. છતાં સુખ નહીં.. જાણો છો એનું કારણ શું હશે ?

કારણ એ જ કે બેન ભારે મહત્વાકાંક્ષી બિચારો પતિદેવ પત્નીને રાજી રાખવા ખુબ પ્રયત્ન કરે. ઓફિસેથી સમયસર ઘરે આવીબેનને કામકાજમાં મદદ કરે. દર રવિવારે ફરવા લઈ જાય, કંઈકને કંઈક નાની મોટી ભેટ વારે તહેવારે આપે પત્નીના ભરપુર વખાણ કરે એની રસોઈના વખાણ કરે, લ્યો હવે બીજું શું કારણ હશે ? પત્નીનું તો જવા દો. સાવ સામાન્ય વાત લઈએ તો આપણે રસ્તામાં ચાલતાં જતાં કોઈ ઓળખીતા સ્વજન મીત્રને જોઈએ એટલે સ્વાભાવિક પણે મનમાં અપેક્ષા રાખીએ કે હમણાં નજીક આવીને મારૂં અભિવાદન કરશે, અથવા ખબર અંતર પુછશે, અથવા તો જયશ્રીકૃષ્ણ કહેશે. આપણે મનમાં મલકાતાં જઈએ


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# શું સફરમાં ઉલ્ટી કે ઉબકા થાય છે, તો અજમાવો આ ૫ ઘરેલૂ ઉપાય

**આરોગ્ય સંહીતા**

લોકોને ફરવાના શોખ તો હોય છે અને એ ઉલ્ટીના ડરથી એ સફર કરતા ગભરાય છે તેથી હવે પરેશાન થવાની જરૂર નથી કારણકે વેબદુનિયા ગુજરાતી લાવ્યા છે તમારા જ રસોડાથી તમારા માટે આ ટીપ્સ જેને અજમાવીને તમે સફરના સમયે પણ ઉલ્ટીની સમસ્યાથી બચી શકો છો. કરો આ ઉપાય

ઈઆદુ માં એટીમેનિક ગુણ હોય છે, એટીમેનિક એક એવું પદાર્થ છે સફર દરમ્યાન જી મચલાવતા પર આદુંની ગોળી કે પછી આદુંની ચાનો સેવન કરો.

ઈલવિંગ - સફર દરમ્યાન તમને ઉબકા આવે તો તરત જ મોઢામાં લવિંગ રાખી લો.

ઈલીંબૂ - સફરમાં નીકળતા સમયે તમારી સાથે લીંબૂ જરૂર રાખો.

જ્યારે પણ ઉબકા આવે તો લીંબૂને સૂંઘવાથી કે તેને ચૂસવાથી તમને ઉલ્ટી નહી થશે.

ઈડુંગળી- સફરમાં થતી ઉલ્ટીથી બચવા માટે સફરમાં જતાના અદધા કલાક પહેલા ૧ ચમચી ડુંગળીના રસમાં ૧ ચમચી આદુંનો રસ મિક્સ કરી લેવું જોઈએ.

ઈસંચણ અને કાળી મરી - લીંબૂ ઉપર કાળી મરી અને સંચણ ભભરાવીને ચાટવાથી પણ ખરાબ મન સારું થાય છે.

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

શ્રેષ્ઠ કર્યા બાદ જે પરિણામ ઘટશે તે કદાચ તમારા ધાર્યા પ્રમાણેનું હોય અને ન પણ હોય! તેના માટે અનેક નાના મોટાં પરીબળો કે તત્વો પણ કારણભુત હોય છે. તેમજ જે વસ્તુ તમારી ઈચ્છા અપેક્ષા બહારની હોય કે જેમાં તમે કંઈપણ ફેરફાર કરવા અશક્તિમાન હો, તેના અંગે વ્યર્થ ચિંતા શા માટે કરો છો ? શા માટે પરિણામનો ભાર અત્યારથી ઉપાડીને ફરો છો ? તમે તમારી રીતે શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો છે, પછી જે ઘટીત થવું હોય તે થાય ! આ સમગ્ર બ્રહ્માંડ પરિવર્તનશીલ છે. તે પળે પળે બદલાયા કરે છે તે પણ આપમેળે અને તે પણ તેના અસંખ્ય અંશોના સહિયારા કારણોથી થાય છે. તેમાં તમારી જવાબદારી અને અસરકારકતા ખુબ જ અલ્પ હોય છે. તે તમે શ્રેષ્ઠ રીતે નિભાવી છે, એટલે હવે કંઈપણ બનાવ માટે તમે બિલકુલ જવાબદાર ન રહ્યા !

તેઓ કહે છે : 'જીવન એક નદીની જેમ સતત વહેતો પ્રવાહ છે. તેને તેની રીતે વહેવા દો.. પ્રસંગો માટે જવાબદાર છે.. અનેક નાના મોટા અંશો તો પછી ભાર તમે નિરર્થક શા માટે ઉપાડીને ફરો છો ? તેઓ એક સરસ મજાનું દ્રષ્ટાંત આપી સમજાવે છે.. 'એક વાર એક સ્ત્રી ટોપલો લઈને રોડની બાજુમાં ઘોડાગાડીની રાહ જોઈને ઉભી હોય છે. ઘોડાગાડી આવતાં તે ટોપલો માથે કરીને ગાડીમાં બેસી જાય છે. પરંતુ ફળોનો ટોપલો તે તેનાં માથેથી નીચે ઉતારતી નથી. આથી થોડી વાર પછી ગાડીના ચાલકે તેને તેનું કારણ પુછયું તો તેણે જણાવ્યું, શા માટે નાહકનો આ ભાર ઘોડા પાસે ખેંચાવું ? મારો ટોપલો છે મારે જ ઉપાડવો જોઈએ ને !કોઈ અબોલ, અબુધ પ્રાણી પર પણ દયા રાખવી જોઈએ ! ખરેખર તો એ ટોપલાનો ભાર પરોક્ષ રીતે ઘોડો જ વહન કરે છે ! આ તે કેવી જીવદયા ? સાચે જ દયા દાખવવી હોય તો સ્ત્રીએ ઘોડાગાડીમાંથી જ ઉતરી જવું ન જોઈએ ?


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# દૂધી અને આદુના જ્યુસમાં છિપાયા છે આરોગ્ય સાથે જોડાયેલા ફાયદા

**આરોગ્ય**

ભાગદોડની ભરેલા આ જીંદગીમાં લોકોને અનેક પ્રકારની પરેશાનીઓ લાગેલી રહે છે. આવામાં શરીરને ફિટ રાખવા માટે દૂધી અને આદુના જ્યુસનુ સેવન કરવુ જોઈએ. આ બંને વસ્તુઓ બધા ઘરમાં સહેલાઈથી મળી જાય છે. દૂધીમાં રહેલ પોટેશિયમ, આયરન અને વિટામિન્સ શરીરને સ્વસ્થ રાખવાનુ કામ કરે છે. આમ તો બધા ઘરમાં દૂધીનુ શાક બનાવાય છે. પણ દૂધી અને આદુનુ જ્યુસ રોજ સેવન કરવાથી શરીરની અનેક બીમારીઓ દૂર રહે છે. આવો જાણીએ દૂધીનુ જ્યુસ બનાવવાની વિધિ અને તેના ફાયદા વિશે...

**દૂધીનુ જ્યુસ** : દૂધી અને આદુને છોલીને તેના ટુકડા કરો અને મિક્સરમાં થોડુ પાણી અને મીઠુ નાખીને તેનુ જ્યુસ બનાવી લો. તમે ચાહો તો તેમા કાળા મરી પણ નાખી શકો છો. આ રીતે રોજ ફ્રેશ જ્યુસ બનાવીને રોજ સવારે પીવો.

**૧. વજન ઓછુ** - રોજ સવારે આ જ્યુસનુ સેવન કરવાથી શરીરનુ મૈટાબોલિજ્મ વધે છે જે શરીરની ફાલતૂ ચરબી ઓછુ કરીને વજન ઘટાવવામાં મદદ કરે છે.

**૨. એસિડીટી** - દૂધીની તાસીર ઠંડી હોય છે. જેનાથી આ જ્યુસનુ સેવન કરવાથી પેટની બળતરા ઓછી થાય છે. જે લોકોને એસિડીટીની સમસ્યા હોય એ માટે આ જ્યુસ ખૂબ લાભકારી હોય છે.

**૩. ડાયાબિટીસ** - આ જ્યુસના સેવનથી શરીરમાં બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. આવામાં જે લોકોને ડાયાબિટીસ હોય અને રોજ સવારે આ જ્યુસનુ સેવન જરૂર કરવુ જોઈએ.

**૪. કબજિયાત** -


**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## મન બિલોરી કાચ

### અનુસંધાન ૫ નુ ચાલુ...

અને એ ભાઈ આપણી સામે નજર પણ નાખ્યા વિના ચાલયા જાય એટલે પછી ખલાસ..! આપણો મુડ ખરાબ.. નકારાત્મક વિચારો શરૂ.. મન દુ:ખી દુ:ખી.. ઘોર અપમાન થયું હોય એવું ફીલ થાય. આખો દિવસ એ જ વિચારોમાં પસાર થાય. જો આર્થિક, સામાજીક રીતે પેલી વ્યક્તિ કરતાં આપણું સામાજીક સ્ટેટસ ચડીયાતું હોય તો વિચારોમાં એ ભાઈની નિંદા હોય પરંતુ જો આપણું પલ્લું થોડુંક નબળું હોય તો વિચારો સંકુચિત આવવાના શરૂ થાય. આપણે જાતે જ આપણી જાતને દયામણી બનાવી જોઈએ. અથવા ટુંકમાં દુ:ખી થવાનું કારણ એ જ કે આપણે આપણી સમગ્ર જાતને પેલી વ્યક્તિ પર આધારીત કરી દીધી. એ વ્યક્તિ પાસે અપેક્ષા રાખી આપણી ખુશી અને આપણા સુખને એના વ્યવહાર પર છોડવું માટે દુ:ખ લાગ્યું.મતલબ અપેક્ષા બાંધી જેને તુટવાને કારણે આખો દિવસ ખરાબ ગયો. મન ઉદ્‌વેગમાં રહ્યું કારણ કંઈ જ મોટું ન હતું. આ જગ્યાએ કોઈ સમજુ.. પ્રેકટીકલ માણસ હોય એ એવું વિચારે કે, હશે એ ભાઈનું ધ્યાન નહીં હોય.. વાત પુરી.. દુ:ખ ન થાય, અથવા તો સામેવાળી વ્યક્તિ બોલાવે કે ના બોલાવે એની પરવા કર્યા વિના આશા રાખ્યા વિના આપણે જ શરૂઆત કરી દઈએ તો ?

આ તો હતી સામાન્ય બાબત. મોટા ભાગે આપણાં દુ:ખ કે નિરાશાનું કારણ આપણી અપેક્ષાઓ જ છે. હજી કંઈક વધુ.. ની આ ભાવનાને કારણે તે વર્તમાનની ક્ષણોનેમાણતો નથી. એક દ્રષ્ટાંત કયાંક સાંભળ્યું હતુંકે એક બહેન એમના પતિ અને ચાર છોકરાં સાથે ખુબ જ મોટાં મકાનમાં રહેતાં હતાં. છોકરાંની વહુઓ પણ સેવાભાવી હતી. ઘરે ચાર ગાડી, બગીચો, નોકર ચાકર બધું જ હતું. બેન પાણી માંગે ત્યાં દુધ હાજર થાય એટલો વૈભવ તો. એમની બરાબર સામેના બંગલામાં એક બીજું ફેમીલી રહેવા આવ્યું. એ ફેમીલી પણ અતિશય સુખી સંપન્ન હતું. ધીરે ધીરે આ બેનની મિત્રતા એ કુટુંબ સાથે વધવા લાગી. પણ આ શું ? બેન ધીરે ધીરે દુબળા પડવા લાગ્યા. ગમે તેવું ખાય પરંતુ એમનું શરીર જ બને નહીં, વજન ઘટવા લાગ્યું, બિમાર પડી ગયા. કેટલાય ડોકટર બદલ્યા, બધાં જ રીપોર્ટ કરાવ્યા.. પણ કારણ પકડાયું જ નહીં. બધાં ડોકટરો પણ થાકી ગયા. ગમે તેટલી દવાઓ કરવા છતાં રોગ પકડાય જ નહીં. એક દિવસ એમનો નાનો દિકરો એની મમ્મીની પાસે બેઠો. મમ્મીના માથે પ્રેમથી હાથ મુકયો ને પુછયું, ‘મમ્મી, તમને કંઈ ચિંતા કોરી ખાય છે ? કઈ વાતનું દુ:ખ છે ? ત્યારે મમ્મીની આંખમાંથી ડબ ડબ આંસુ સરી પડયાં. એણે કહ્યું ‘બેટા મને પેલી આપણી સામે રેખાબેન રહેવા આવી છે ને એનું સુખ મારાથી જોયું નથી જતું. આપણા ઘરે ચાર ગાડી અને એના ઘર તો તું જો.. કેટલી મોંઘીદાટ સાત સાત ગાડીઓ ઉભી છે. આપણા મકાનમાં માત્ર દસ બેડરૂમ છે. અને એના મકાનમાં બાર બેડરૂમ અને એ પણ ઈટાલીયન ફર્નિચરના છે. રોજ નવી નવી સાડીઓ પહેરીને ફુલફટાક તૈયાર થઈ ફરવા જાય છે. બેટા મને ખુબ ઈર્ષા આવે છે મારાથી જોયું જતું નથી..

લ્યો આ બેનનું દુ:ખનું કારણ શું ? બીજાની ઈર્ષામાં પોતાનું છે એને પણ વાપરી નથી શકતો. સમાજમાં ઘણાં માણસો એવાં હોય છે,ઘણી સ્ત્રીઓ લગ્ન પ્રસંગ માટે ખાસ સાડી ખરીદે, ઉત્સાહથી પહેરી હોય, તૈયાર થઈને જતાં, પ્રસંગમાં જાય અને બહેનપણી કે જેઠાણી, દેરાણી એના કરતાં થોડીક સારી સાડી પહેરી લાવે. એટલે બસ પુરૂં.. પોતાનો આનંદ ત્યાં જમરી પરવારે. અથવા તો કદાચ ઘરવાળો વખાણ કરવાના ભુલી જાય તો પણ આનંદના રામ રમી જાય. પ્રસંગની મજા માણવાની તો એક બાજુ પણ મોં પર વીસ મણનું તાળું વાગી જાય.. મોં જોઈને લાગે કે દુનિયામાં બીજાં શું કહેશે ? બીજાં શું વિચારશે ? આવા અનેક વિચારોમાં જે છે એને માણવાને બદલે મોટી માથાકુટમાં પડી જીવનને દુ:ખી કરીએ છીએ. કોઈની પાસે આશાઓ કે અપેક્ષાઓ ના સેવશો, આપણાં જીવનબાગમાંથી સુખની એક એક ક્ષણ, ખુશીઓની એક એક ઝલકને આપણે જાતે જ ચૂંટવાનીછે. કોઈ પર આધારીત નહીં, કોઈની શું વિસાત છે કે એ આવીને આપણને દુ:ખી કરી શકે.

આપણી જીવનગાડીના ચાલક આપણે જ બનીએ. બીજાનાં હાથમાં સ્ટેયરીંગ કે બ્રેક સોંપીશું નહીં તો ધક્કા વાગવાનો, દુ:ખ કે નિરાશા રૂપી અકસ્માત નડવાનો કોઈ ભય રહેશે નહીં, અપેક્ષાઓ જ દુ:ખ કે નિરાશાની જનક છે માટે અનપેક્ષીત બનીએ સદા ખુશ રહીએ.

- **મંજુ પ્રજાપતિ**

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

બસ આવું જ આપણે પણ કહીએ છીએ અને તે પણ દરરોજ, દરેક ઘટના તેની રીતે ઘટે છે. સમગ્ર સૃષ્ટી તેનાં માટે જ જવાબદાર છે અને આપણે આપણને જ માત્ર તેના માટે જવાબદાર ગણીએ છીએ !!

આ બધાં જ નાટકો અને ગેરસમજો આપણી અંદર રહેલાં ‘મન’ અને પેલા નકલી ‘હું’ના છે. જો આપણી આ અંગેની સમજ સજગતાનો પ્રકાશ આ ‘હું’ પર પડે તો તે શરમનો માર્યો ઝુકી જાય છે અને પછી આપણી સામેથી અદ્રશ્ય થઈ જાય છે. કોઈપણ ખોટુ ‘અથવા મૂર્ખતાપુર્ણ કાર્ય માત્ર અંધકારમાં જ અજ્ઞાનતા શકય છે. સાચા જ્ઞાનનો પ્રકાશ પડતાં જ આવા કાર્યોનો પોતાની જાતને કર્તા માનતો હું ગાયબ થઈ જાય છે અને હું ની સાથે સાથે સમગ્ર ખોટો ભ્રમ પણ ચાલ્યો જાય છે. આ મોજરહીત, વજનરહીત અવસ્થા જ પરમાનંદમયતાની સુચક છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. .................ઉ.વ.

પરિચય: ..................................................................

સરનામુ : ................................................................

મોકલનારની સહી : ...................................................

## શ્રી સરદાર પટેલ ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

કામ થાય છે.તેના ભાગરૂપે રવિવારે સવારે સાડા આઠ વાગ્યે યોજાયેલ સર્વરોગ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડ્યા હતા અને વિવિધ નિષ્ણાંત ડોક્ટરોનો લાભ લીધો હતો.જેમાં હાડકાના, આંખના, દાંતના, ચામડીના, જનરલ ફિઝીશીયનો, બાળરોગો, સ્ત્રી રોગો વગેરેના નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સંસ્થાના વિપુલભાઈ ગજેરાએ ડોક્ટરોને તેમની સેવા આપવા બદલ આભાર માન્યો હતો.તેમજ શ્રી સરદાર પટેલ સોસીયલ ગ્રૃપના કાર્યકરોની નિસ્વાર્થ સેવા અને દરેક કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સરાહના કરી હતી.

આ પ્રસંગે પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પૂર્વ પ્રમુખ અને સંસ્થાના પ્રમુખ નવીનભાઈ ગોદાણીએ સંસ્થાના દાતાઓએ ઉભા કરેલા વટવૃક્ષમાં કાર્યકરો પાન સમાન છે અને તે વૃક્ષની શોભા સમાન છે તેઓ પોતાનો કિંમતી સમય આપે છે જે બહુ મોટું યોગદાન છે.

આ પ્રસંગે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન પ્રમુખ મહેશભાઈ પટેલ, અંકલેશ્વર નોટીફાઈડ એરિયા ઓથોરીટીના ચેરમેન હિંમત શેલડીયા, ઓમકાર ગ્રૃપના હસમુખ પટેલ, રમેશ નાકરાણી, સુભાષ પાટીલ, હરેશ ગજેરા અને અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

## વાવ રાજગઢી ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

પ્રભારી અને ઉ.ગુના કરણી સેનાના અધ્યક્ષ અને દાંતા સ્ટેટના મહારાજા એવા પરમવીરસિંહજી પરમારને વાવ રાણા સાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણે શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે સમગ્ર ભારતભરમાંથી કરણી સેનામાં રાજપૂત યુવાનો જોડાઈ રહ્યા છે અને દીન-પ્રતિદિન કરણી સેનાએ ભારતભરમાં રાજપૂત સમાજના નામને ગુંજતું કરી દીધું છે.તેનો મને ગર્વ છે.હર હંમેશા કરણી સેના પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## રૈયા પંથકના ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

શાલ ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું.ત્યારબાદ રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ અને અન્ય મહેમાનો દ્વારા મા નર્મદાના ઈતિહાસ વિશે વિવિધ માહિતી આપવામાં આવી હતી.આ મા નર્મદા રથયાત્રામાં તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહજી વાઘેલા, તાલુકા ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, દિયોદર રજવાડાના કુંવર દિલીપસિંહજી વાઘેલા, કાનજીભાઈ સુથાર, રમેશભાઈ દેસાઈ, ભવાનજી ઠાકોર, ભીખીબેન વોરા(જિલ્લા ભાજપ મહિલા મહામંત્રી), રૈયા ગામના સરપંચ અવલબેન પરમાર, માજી સરપંચ પાબુબેન પરમાર, ગણપતભાઈ કટારિયા, કરશનભાઈ પંચાલ, કાંતિભાઈ વોરા, નાગજીભાઈ સુથાર, ડેપ્યુટી સરપંચ નાથાભાઈ પિલીયાતર, બાબુજી ઠાકોર, ભાયચંદભાઈ રાવળ, પેથાભાઈ સુથાર, ઈશ્વરભાઈ પટેલ, શાળાના આચાર્ય પરાગભાઈ ગુર્જર, સી.આર.સી. ચેલાભાઈ પટેલ, સોમાલાલ ઓઝા, આંગણવાડીની બહેનો, શાળાનો સ્ટાફ, માજી સરપંચ વાઘાભાઈ પટેલ, દિનેશભાઈ સુથાર, બાબુભાઈ કાથરોટીયા, રઘુભાઈ પાંણ, કોઠારી ચેતનભાઈ, પરાગભાઈ પટેલ, ભારમલભાઈ જોષી, જયંતિભાઈ ફોફ, જીવણજી ઠાકોર, રઘુભાઈ પિલીયાતર, સોમાભાઈ નાઈ, અન્ય નામી અનામી તમામ ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.આ પ્રસંગે ગ્રામજનો દ્વારા ગામના રૈયાથી સુરાણા અને રૈયાથી સાલપુરા, રૈયાથી છાપરાના રોડ પાકા કરવા તેમજ ગામના તળાવો નર્મદાના નીરથી ભરવા તેમજ જે અસરગ્રસ્ત લોકોને કેશડોલ નથી મળી તેમને કેશડોલ આપવી અને ગામના શૌચાલયમાં હલકી ગુણવત્તાવાળુ મટીરીયલ વપરાય છે તે બાબતે ગ્રામજનો દ્વારા રાજયમંત્રીને તેમજ તાલુકા ભાજપ પ્રમુખોને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી.આ બાબતે રાજયસરકારના મંત્રી દ્વારા શૌચાલય બાબતે તપાસ ફરી કરવા તેમજ કલેક્ટર દ્વારા તપાસ કરાવાની ખાતરી આપી હતી.

## ડીસા તાલુકા ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

તાલુકા પ્રા.શિ.ઘટક સંઘ પ્રમુખ પાંચાભાઈ દેસાઈ, પ્રવિણભાઈ સાધુ(માજી બી.આર.સી.) તેમજ નિર્ણાયક, માર્ગદર્શક શિક્ષકો, સ્પર્ધક વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સ્પર્ધક વિદ્યાર્થીઓની કલાના વિકાસ માટે ચિત્ર સ્પર્ધા બાલ કવિ સ્પર્ધામાં પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન સી.આર.સી.ટીમ અને બી.આર.સી. અલ્પેશભાઈ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

## થરાદમાં શરતી ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

થાય તો આગામી ૧૮ મીથી ફરી પાછા આમરણ ઉપવાસ ચાલુ કરવાની ચિમકી સાથેની લેખિત રજુઆત નગરસેવકના લેટરપેડ પર આપી અધિકારીની સહી પણ લેવામાં આવી હતી.આ વખતે થરાદના મામલતદાર જેસી ગરાસીયા,શિરસ્તેદાર આર પી ગોહીલ,કૉંગ્રેસના અગ્રણી ડીડી રાજપુત,પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઇ રાજપુત,તગજીભાઇ બારોટ,વણાજી રાજપુત,પથુજી રાજપુત સહિત બહોળી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાભર ખાતે ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

શિક્ષણ સુધી ભણાવી સમાજને શિક્ષિત બનાવીએ.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ પ્રાસંગીક કરતાં જણાવ્યું હતુ કે સમાજના સર્વાંગી વિકાસ માટે ડાૅ.બાબા સાહેબ આંબેડકરે ત્રણ બાબતો કહી હતી શિક્ષિત બનો... સંગઠીત બનો... અને સંઘર્ષ કરો.... તેમણે કહ્યું કે ડાૅ.બાબા સાહેબ આંબેડકરને શિક્ષણ સૌથી પ્રિય હતું. એટલે જ એ જમાનામાં આઝાદી પહેલાં વિદેશોમાં જઇ ઉચ્ચ શિક્ષણ મેળવી વડોદરા જેવા શિક્ષિત સ્ટેટમાં ઉચ્ચ અધિકારીના હોદ્દે બિરાજમાન થયા હતા. મંત્રીએ જણાવ્યું કે વર્ષોથી દલિત સમાજને આપણા પૂર્વજોએ અન્યાય કર્યો છે અને ભેદભાવ રાખ્યો છે ત્યારે આ અન્યાયનો ઋણ ચુકવવાનો મને મોકો મળ્યો છે એટલે જેટલું પણ થઇ શકે તેટલી મદદ કરી અહી રહીને વિધાર્થીઓ ભણી શકે, કોમ્પ્યુટરનું જ્ઞાન મેળવી શકે તેવી તમામ સગવડો સાથેનું આ ભવન બનશે. તેમણે કહ્યું કે આ સમયમાં શિક્ષણ મેળવીને કોઇપણ સમાજ પ્રગતિના તમામ શિખરો સર કરી શકે છે. આ પ્રસંગે જિ.પંચાયતના પ્રમુખશ્રી દિનેશભાઇ દવે, ગુજરાત રાજય ઠાકોર વિકાસ નિગમના ચેરમેન નંદાજી ઠાકોર, મહંતશ્રી જામનાથ બાપુ, જિ.પંચાયત સિંચાઇ અને સહકાર સમિતિના ચેરમેન કુંવરસીભાઇ ભગત, ભાભર નગરપાલિકા પ્રમુખશ્રી વૈકુંઠભાઇ આચાર્ય, માર્કેટ યાર્ડના ચેરમેન લાલજીભાઇ ચૌધરી, અગ્રણીઓ સર્વ નૌકાબેન પ્રજાપતિ, વિજય ભાઇ ચક્રવર્તી, હરીભાઇ આચાર્ય, કરશનભાઇ ઠાકોર, અશ્વિન સક્સેના સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સરદાર કૃષિનગર ...

### અનુસંધાન 3 નુ ચાલુ..

હતા જે પ્રશ્નો અલગ અલગ માધ્યમ દ્વારા કરવામાં આવ્યા પૂછવામાં આવ્યા હતા જેમાં રાજ્ય માં છ જગ્યાઓ પર ૨ વે કોનવરઝેશન દ્વારા પ્રશ્નોતરી કરવામાં આવી જેમાં એક લાખ એસી હજાર યુવાઓ એ ભાગ લીધો અને અમિતભાઈ શાહે એના જવાબો પણ આપ્યાં હતા

દાંતીવાડા ખાતેથી પણ અડીખમ ગુજરાત કારેક્રમ અંતર્ગત એક સવાલ કરવામાં આવ્યો હતો જેમાં વધારે વરસાદ આવાને લીધે જે બનાસકાંઠા માં પુર આવ્યું પુર દરમિયાન માન્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ રાજ્યની ભાજપ સરકાર ની ખુબ સારી કામગીરી બદલ આભાર માન્યો અને સવાલ પણ કરવામાં આવ્યો હતો કે બનાસકાંઠામાં આવેલા પૂરને લઈને મેશ્વા ચૌધરી નામની યુવતીએ અમિત શાહને સવાલ પૂછ્યું હતો કે પૂર બાદ જે હાજી પણ અસરગ્રસ્ત વિસ્તારો ના પુન વસવાટ માટે ભાજપ સરકાર શું કામગીરી કરી રહી છે જેવા ગુજરાત રાજ્ય માંથી અનેક સવાલો કરવામાં આવ્યા હતા અને દાંતીવાડા તાલુકા માં આવેલ સરદાર કૃષિ નગર એગ્રિકલ્ચર યુનિવર્સીટી ના ઓડીટોરિયમ હોલ માં યુવા ટાઉન કાર્યક્રમ માં જય જય ગરવી ગુજરાત અડીખમ ગુજરાત ના નારા સાથે ઓડિટોરિયમ ગુંજી ઉઠ્યો હતો

અને ગુજરાત રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરીએ વધુમાં કહેતા જણાવ્યું હતું કે અડીખમ ગુજરાત એટલે અગાઉની કેન્દ્ર સરકારો એ કેટલા અન્યાયો સામે અડીખમ ઉભેલું અને તોય અવિરત વિકાસ કરી રહ્યું છે એ ગુજરાત

## કાંકરેજ તાલુકાના...

### અનુસંધાન 3 નુ ચાલુ..

કરતા શિક્ષણ લઈને આજે મામલતદાર સુધી પહોંચ્યા છે. તેમ જણાવી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મફાજી સોલંકી, અમરતભાઈ ઠક્કર, મહામંત્રીઓ કિશોર બી. પ્રજાપતિ, ઈશુભા થરા શહેરના પૂર્વ પ્રમુખ, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કનુભાઈ ઠક્કર તેમજ ઠાકોર ફકુભાઈ સાંચોરા (લઘુમતી મહામંત્રી), હંસપુરી ગૌસ્વામી, ડો.ભારતીબેન સોની, હીનાબેન મેવાડા, રમેશભાઈ જોષી, નિરંજનભાઈ ઠક્કર, હેમાભાઈ વાઘેલા, રામભા સોલંકી, હર્ષદભાઈ ઠક્કર, જયંતિભાઈ ઠાકોર, સામંતસિંહ વાઘેલા, પ્રવિણભાઈ પરમાર, આચાર્ય તેમજ ગ્રામજનોની હાજરીમાં બાળકોને કીટ વિતરણ કરાયું હતું.

## થરાદ તાલુકાના...

### પાના નં.૮ ચાલુ

લિ.મી.ના દિલ્હી અને ઓખલા બેંકના ખાતામાં ભરાયા હતા.જોકે આટલી રકમ મોકલી આપ્યા બાદ ૬/૦૯ના સાંજે જયંતીભાઇએ વિકાસકુમારને પ્રોડક્ટ લીસ્ટના રૂપીયા જમા કરાવેલ હોઇ તે માલ મોકલી આપવા જણાવતાં તેણે હજુ એગ્રીમેન્ટ અને લાયસન્સ માટે ૪,૧૫,૮૦૦ જમા કરાવ્યા બાદ માલ અને લાયસન્સ આપીશુ તેમ જણાવતાં જયંતીભાઇએ પતંજલીના ડીસ્ટ્રીબ્યુટરોનો સંપર્ક કરી પુછપરછ કરતાં તેમણે પતંજલીમાં આવી કોઇ સીસ્ટમ નહી હોવાનું જાણવા મળ્યુ હતું.આથી જયંતીભાઇને વિશ્વાસઘાતના અહેસાસ થયો હતો.આ અંગે શનિવારની સાંજે જયંતીભાઇએ થરાદ પોલીસ મથકમાં વિકાસભાઇ અને તપાસમાં જે પણ નિકળે તે તમામ સામે ફરીયાદ નોંધાવી તપાસની માંગણી કરી હતી.બનાવથી ચકચાર મચવા પામી હતી.

## આ ગ થ ળ ા પી.એચ.સી.ના ..

### પાના નં.૮ ચાલુ

વાહનનો વીમો ભરાવવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી છે. આ ઉપરાંત ડોક્ટર વારંવાર રજા ઉપર ઉતરતા હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે આવતા દર્દીઓને પણ ધક્કા પડતા હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. આ બાબતે સ્ટાફના જ સભ્યોએ જણાવ્યું હતું કે જે કામ સફાઇ કામદારોનું હોય છે તે કામ અને પોતાના કામ માટે ડોક્ટર દ્વારા પટાવાળાને ધમકી આપી કરાવાય છે. તેમજ પાયલોટ ઉપર પણ દબાણ કરાતા તેને દૂધના પગારમાંથી સરકારી ગાડીનો વીમો ભરવો પડ્યો હતો.

## અત્યાર સુધી ૬..

### પાના નં.૮ ચાલુ

કોંગ્રેસમાં આવી પક્ષપલ્ટો કરવાની રાજકીય સોગઠાંબાજીમાં ધારશીભાઈ ભાવિ ગયાં.

૧૯૯૮ ની ચૂંટણીમાં કોંગ્રેસે રાજપુત સમાજ પર પકડ ધરાવતાં ધારશીભાઈને ફરી એકવાર ટિકિટ આપવાનું પસંદ કર્યું, જોકે, આ વખતે કોંગ્રેસની ચાલ નિષ્ફળ સાબિત થઈ, ભાજપના માનસિંહભાઈ કોંગ્રેસના ધારશીભાઈને હરાવવામાં સફળ રહ્યાં. આ ચૂંટણીમાં ભાજપના મગનસિંહ વાઘેલાને ૫૧,૩૪૫ મતો મળ્યાં, જ્યારે કોંગ્રેસના ધારશીભાઈને માત્ર ૩૨,૦૨૭ જ મતો મળતાં તેઓ ૧૯,૩૧૮ જેટલા જંગ મતોથી હારી ગયાં. આમ, ૧૯૯૮ માં કાંકરેજ બેઠક પર પ્રથમવાર કમળ ખિલ્યું. ૨૦૦૨ માં ચૂંટણી સુધીમાં ગુ-જરાતમાં મોદી રાજ આવી ચુકયું હતું. ગોધરાકાંડ બાદ યોજાયેલી આ પ્રથમ ચૂંટણીમાં ભાજપે હિન્દુત્વના મુદ્દે રાજ્યમાં સરકાર બનાવવામાં સફળતા મેળવી. પરંતુ, કાંકરેજના મતદારોને ભાજપની આ નીતિ પસંદ પડી નહી અને કોંગ્રેસના ધારશીભાઈએ ભાજપના ચાલુ ધારાસભ્ય મગનસિંહને હરાવી ત્રીજીવાર કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળતા મેળવી.

૨૦૦૭ ની ચૂંટણીમાં ભાજપે ચૂંટણી જીતવા ઉમેદવાર બદલવાની રણનીતિ અપનાવી, ભાજપની આ રણનીતિ કામ કરી ગઈ અને કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય ધારશીભાઈને હરાવવામાં ભાજપના બાબુભાઈ દેસાઈ સફળ નિવડ્યા. આ ચૂંટણીમાં જ્ઞાતિગત સમીકરણોના ધોરણે ભાજપે ઈતરજ્ઞાતિના ઉમેદવારને પ્રથમવાર ટિકિટ આપી સૌને ચોંકાવી દિધા. પરંતુ બાબુભાઈની દાનવીર તરીકેની ઈમેજ અને મોદીમેજીકના લીધે ભાજપ આ ચૂંટણીમાં જીત મેળવવામાં સફળ રહ્યું. જેમાં ભાજપના બાબુભાઈ દેસાઈને ૩૭,૯૩૦ મતો મળ્યાં, તો તેમને ‘કાંટે કી ટક્કર’ આપનારા કોંગ્રેસના ધારશીભાઈ ખાનપુરાને ૩૭,૦૯૦ મતો મળ્યાં. આમ, કોંગ્રેસે ૮૪૦ જેટલા ઓછા મતે હારનો સામનો કરવો પડ્યો. આમ, ૨૦૦૭ માં જીત મેળવી ભાજપ બીજીવાર કાંકરેજ સીટ જીતવામાં સફળ રહ્યું.

૨૦૧૨ ની ચૂંટણીમાં કોંગ્રેસે ગઈ ચૂંટણીમાં માત્ર ૮૪૦ મતોથી જ હારનારા ધારશીભાઈ પર સતત પાંચમી વખત વિશ્વાસ બતાવ્યો. આ વખતે ધારશીભાઈ ભાજપના ઉમેદવાર કિર્તીસિંહની સામે જીત મેળવવામાં સફળ રહ્યાં. આ ચૂંટણીમાં પણ ભારે રસાકસીનો જંગ જામ્યો હતો. જેમાં કોંગ્રેસના ધારશીભાઈ ખાનપુરાને ૭૩,૯૦૦ મતો મળ્યાં હતાં. તો ભાજપના કિર્તીસિંહ વાઘેલાને ૭૩,૩૦૦ મતો પ્રાપ્ત થયાં.

આમ, ૨૦૧૨ ની ચૂંટણીમાં ભાજપના કિર્તીસિંહનો માત્ર ૬૦૦ મતોથી પરાજય થતાં કોંગ્રેસ છટ્ઠી વખત કાંકરેજની સીટ કબ્જે કરવામાં સફળ રહ્યું. તો ધારશીભાઈ આ જીત સાથે ચોથી વખત કાંકરેજના ધારાસભ્ય બની વિધાનસભા પહોંચ્યા.

## થરાદ સાંચોર ..

### પાના નં.૮ ચાલુ

પંડ્યા સેવંતીભાઇ ઈશરાભાઇ થરાદ તરફ આવતા હતા.જેમની જીપ પણ અક્સ્માતગ્રસ્ત વાહનોને ટકરાતાં સાઇડમાં ઉતરીને દોડતાં ગંભીર અક્સ્માત થતાં ચાલકને ઈજાઓ થવા પામી હોવાનું ત્યાં ઉપસ્થિતોએ જણાવ્યું હતું.ઈજાગ્રસ્તને બાજુમાં ચાની કીટલી ચલાવતા વ્યકતિઓએ સારવાર માટે ખસેડ્યા હતા.આથી જીપનો પણ ખુરદો બોલી ગયો હતો.જ્યારે રવિવારની સવારે થરાદ ડીસા રોડ પર એક જીપમાંથી પટકાતાં ડીસા તાલુકાના દામા ગામના પાંચાભાઇ રબારી ઉ.વ.૪૫ને ઈજાઓ થતાં તેને પણ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.જોકે આ બનાવની પોલીસ દફતરે કોઇ ફરીયાદ નોંધાવા પામી ન હતી.

## ગોઢા ગામના ..

### પાના નં.૮ ચાલુ

ગામ લોકોને મળવાની તસ્દી લીધી નથી. આ હળાહળ અન્યાય બદલ ગ્રામજનોમાં આક્રોશની લાગણી છવાઈ છે.

આ મુદ્દે લાખણી તાલુકા કોગ્રેસ આઈ.ટી. સેલના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે સરકારી સહાય નહીં ચૂકવવાનો પ્રશ્ન માત્ર ગોઢા ગામનો નથી પણ રાજકીય ઈશારે ઘણાં ગામોને સહાય ચૂકવાઈ નથી. જેને પ્રજા આગામી ચૂંટણીમાં જવાબ આપશે તેમ છતાં સહાય નહીં ચૂકવાય તો પ્રજાના સહકારથી ગાંધી ચિધ્યો માર્ગ અપનાવીશું.

## થરાદના કળશ..

### પાના નં.૮ ચાલુ

મેવાભાઇ ખટાણા સાથે એક ગ્રામજને રવિવારે ગામમાં ભણવાનું કોને પુછીને રાખ્યું છે તેમ કહેતાં મેવાભાઇએ સરકારી કાર્યક્રમ હોવાનું જણાવતાં આ ભડવાખોરી છે. તુ રથ ભેગો આવ્યો છે એટલે તને કહુ છુ. ભાજપના બધા.........છો એમ કહીને અપશબ્દો બોલતાં મામલો બિચક્યો હતો અને થાય તે કરી લેવાની ધમકી આપી હતી. જોકે મહામંત્રી મેવાભાઇએ અપશબ્દ ન શોભે તેમ કહીને તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ગામના અન્ય લોકોએ પણ તેને સમજાવ્યો હતો.ગામમાં સરકારી કાર્યક્રમ હોય અને તેનો વિરોધ કરવાના આવા પ્રયાસથી સ્થાનિક રાજ-કારણમાં ચકચાર મચવા પામી હતી.

## આરોગ્ય

### અનુસંધાન ૫ નુ ચાલુ..

દૂધી અને આદુનુ જ્યુસમાં ખૂબ માત્રામાં ફાઈબર હોય છે. જેમા શરીરનુ ડાયજેશન સિસ્ટમ સુધરે છે અને કબજિયાતની સમસ્યા ઠીક થાય છે. ૫. દિલની બીમારી - તેના સેવનથી શરીરમાં કોલેસ્ટ્રોલ લેવલ સંતુલિત રહે છે જેનાથી હાર્ટ એટેક હોવાનો ખતરો રહેતો નથી.

**૬. લીવરની બીમારી** - દૂધીના જ્યુસથી શરીરના વિષેલા પદાર્થ બહાર કાઢે છે જેનાથી કિડની અને લીવર સાથે સંબંધિત બીમારી હોવાનો ખતરો ટલી જાય છે.

**૭. બ્લડ પ્રેશર** - આ જ્યુસનુ સેવનથી શરીરમાં બ્લડ સર્કુલેશન ઝડપી થાય છે. જેનાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.

**૮. સ્વસ્થ ત્વચા** - તેમા રહેલા ઍંટી-ઓક્સીડેંટ લોહીને સાફ રાખે છે. જેનાથી સ્કિન હેલ્ધી રહે છે અને દાગ-ધબ્બાની સમસ્યા નથી થતી.

# મોતિયાબિંદ હટાવવા માટે અપનાવો આ ઘરેલુ ઉપાયો

આંખ શરીરનુ સૌથી મુખ્ય અંગ છે. આંખો દ્વારા જ આ ખૂબસૂરત દુનિયા જોવા મળે છે. આવામાં તેનુ ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. પણ અનેકવાર આંખોની કેટલીક એવી સમસ્યાઓ થઈ જાય છે જેનાથી ખૂબ પરેશાની થાય છે. આવી જ એક બીમારી છે મોતિયાબિંદ.. જે વધતી વયના લોકોમાં જોવા મળે છે. તેમા આંખોને લૈંસ પર એક સફેદ પડદો આવી જાય છે. જેનાથી બધુ ધુંધળુ દેખાય છે. આમ તો મોતિયાબિંદને ઓપરેશન દ્વારા જ ઠીક કરી શકાય છે. પણ કેટલાક ઘરેલુ ઉપાય અપનાવીને પણ આ સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે. આવો જાણીએ આવા જ કેટલાક સહેલા ઘરેલુ નુસ્ખા વિશે..

**૧. વરિયાળી** - આંખોની રોશની વધારવા માટે વરિયાળી ખૂબ જ લાભકારી હોય છે. આવામાં મોતિયાબિંદ થતા પણ તેનો ઉપયોગ કરી શકાય છે. આ માટે વરિયાળીને વાટીને તેનો પાવડર બનાવી લો અને રોજ સવાર-સાંજ એક મોટી ચમચી આ પાવડરના પાણી સાથે સેવન કરો.

મોતિયાબિંદની સમસ્યાને દૂર કરવા માટે ખોરાકમાં વિટામીન છ વધુ પ્રમાણમાં લો. રોજ દિવસમાં ૨ વાર ગાજરનુ જ્યુસ પીવો કે પછી કાચી ગાજર પણ ખાઈ શકો છો. તેમા ઘણા પ્રમાણમાં વિટામિન છ હોય છે. જે મોતિયાબિંદને હટાવીને આંખોની રોશની પણ તેજ કરે છે.

**3. ધાણાના બીજ** - આ માટે ૧૦ ગ્રામ ધાણાના બીજને ૩૦૦ મિલી. પાણીમાં ઉકાળો અને પછી ઠંડા થવા દો.. હવે પાણીને ગાળીને તેના વડે આંખોને સારી રીતે ધુવો.. મોતિયાબિંદની શરૂઆતમાં જ રોજ આ ઉપાય કરવાથી ફાયદો થાય છે.

**૪. આમળા** - આંખો પરથી પડદો હટાવવા માટે તાજા આમળાના ૧૦ મિલી રસમાં સમાન માત્રામાં મધ મિક્સ કરો અને તેનુ રોજ સવારે સેવન કરો.. આ ઉપરાંત આમળાનો મુરબ્બો ખાવાથી પણ આ બીમારીને રોકી શકાય છે.

**૫. કોળાના ફૂલ - કોળાનુ** શાક તો બધાએ ખાધુ હશે પણ મોતિયાબિંદ થતા કોળાના ફૂલ ખૂબ લાભકારી સાબિત થાય છે. આ માટે આ ફૂલોનો રસ કાઢીને દિવસમાં ૨ વાર આંખોમાં આઈ ડ્રોપ્સની જેમ નાખો.

**૬. મધ** - મોતિયાબિંદને હટાવવા માટે જે આંખમાં પડદો હોય તેમા મધ લગાવો.. બની શકે તો આંખના લેંસ પર મધ લગાવો.. તેનાથી ખૂબ લાભ થશે.

## ભારતીય સ્ટેટ બેંક ચાણસ્મા શાખા દ્વારા સારસ્વત સન્માન સમારંભ યોજાયો

ચાણસ્મા

૫ મી સપ્ટેમ્બર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસને શિક્ષકદિન તરીકે સમગ્ર ભારતમાં ગૌરવપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવે છે. માટીમાંથી માનવ પુષ્પો ઘડવાનું ભગીરથ કાર્ય શિક્ષક દ્વારા થાય છે. તેથી જ શિક્ષકને સમાજનો પ્રહરી અને શિક્ષણનો શિલ્પી કહેવામાં આવ્યો છે. ભારતીય સ્ટેટ બેંક ઓફ ચાણસ્મા શાખા બેકીંગ પ્રવૃતિઓની સાથે સાથે સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે સદેવ અગ્રેસર રહી છે. તે બેંકના ઉત્સાહી મેનેજર દિલિપભાઈ સુતરીયા તથા તેના કર્મઠ કર્મચારીઓને આભારી છે. ૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિત્તે બેંક દ્વારા ચાણસ્મા નગરના સંનિષ્ઠ શિક્ષકો મનુભાઈ જે.પટેલ(રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા), કુ. શોભનાબેન બી.પટેલ (શ્રેષ્ઠ આચાર્ય રાજયપારિતોષિક વિજેતા), ગણેશભાઈ પટેલ (નિવૃત્ત શિક્ષક), ચંદુભાઈ એન.પટેલ(આદર્શ અધ્યાપક એવોર્ડ વિજેતા ચાણસ્મા કેળવણી મંડળ - ચાણસ્મા) તથા બાબુભાઈ પટેલ (નિવૃત્ત ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ)નું શાલ ઓઢાડી બેક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સન્માનિત સારસ્વત મનુભાઈ જે.પટેલે સમાજમાં શિક્ષકનું સ્થાન સર્વોપરી હોય છે. તેમ જણાવ્યું હતું કે શોભનાબેન પટેલે સામાજિક ઉત્કર્ષ અને શૈક્ષણિક વિકાસમાં વિવિધ સંગઠનોની ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. બેંકના બ્રાન્ચ મેનેજર દિલિપભાઈ સુતરીયાએ સામાજિક - શૈક્ષણિક વિકાસમાં બેંકની ભૂમિકા તેમજ બેંકની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. આ પ્રસંગે ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી બચુભાઈ એચ. પટેલ, જાયન્ટસ ગ્રુપના પ્રમુખ બીપીનભાઈ પટેલ, જાણીતા કથાવાચક જયંતીભાઈ એચ.પટેલ તથા બેંકના પેન્શનરો તેમજ નગર શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા. સુંદર કાર્યક્રમનું સફળ સંચાલન બ્રાન્ચ મેનેજર દિલિપભાઈ સુતરીયા કર્યું હતું. છેલ્લે આભારવિધિ બેંકના અધિકારી અમીત યાદવે કરી હતી.

## પાટણમાં લાલ દરવાજા પાસે બાઈક સ્લીપ થઈ જતાં ત્રણને ઈજા

પાટણ

પાટણમાં નગરપાલિકા પરિસરથી લાલદરવાજા તરફ જવાના માર્ગ પર બહારની સાઈડ પર બાઈક સ્લીપ થતાં ત્રણ જણાને સામાન્ય ઈજાઓ થઈ હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં ભ્રમ વિસ્તારમાં આવેલા પાલિકાના બિલ્ડીંગથી લાલ દરવાજા તરફ જવાના માર્ગ પર દરવાજાની બહાર રોજ સાંજે મીની શાકભાજી બજાર ભરાય છે.અને ટ્રાફીકની સમસ્યા ગંભીર બની રહે છે.

## વિજયનગરના સરદારનગરમાં પરિણીતા પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના સરદારનગર ગામે આઠેક દિવસ અગાઉ એક પરિણીતાની એકલતાનો લાભ લઈને તેની પર દુષ્કર્મ આચરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સદર બનાવ અંગે પરિણીતાએ ગત ગુરૂવારે ફરિયાદ નોંધાવતા પીઠોડા પોલીસે સરદાર નગરના રાજેશ વિનોદ ખરાડી નામના યુવક સામે ગુન્હો દાખલ કરીને તેની ધરપકડ કરવા સાથે વધુ તપાસ હાથ ધરી છે. વિજયનગર તાલુકાના સરદાર ગામની પરિણીતાનો પતિ રાજસ્થાન મજુરી કામે ગયો હતો. આથી પરિણીતા ઘરમાં એકલી હોવાની જાણ થતાં ગત ૨૯ ઓગસ્ટના રાત્રિના દસેક વાગે આરોપીએ ઘરમાં પ્રવેશ કર્યો હતો અને પરિણીતા સાથે શારિરીક છેડછાડ કરી આગળ વધવાનો પ્રયાસ કરતા પરિણીતાએ તેનો સામનો કરતા શખ્સ નાસી છુટ્યો હતો. બીજી તરફ પરિણીતાનો પતિ રાજસ્થાનથી પરત આવતા તેણીએ પોતાની સાથે બનેલી હકીકત જણાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## મહેસાણામાં ૩ બંધ મકાનનાં તાળાં તૂટ્યાં, ૧.૬૯ લાખની મત્તા ચોરાઇ

મહેસાણા

મહેસાણા શહેરમાં ૩ મકાનોનાં તાળાં તૂટતાં પોલીસ દોડતી થઇ ગઇ હતી. તસ્કરો અલકનંદા એપાર્ટમેન્ટમાં એક મકાનનું તાળું તોડી રૂ.૧.૬૯ લાખની મત્તા ચોરી કરી હતી. જ્યારે ૨ મકાનોમાં ફેરો માથે પડ્યો હતો વિસનગર રોડ પર અલકનંદા એપાર્ટમેન્ટમાં રહેતા હબીબખાન અસરફખાન જીધરાણા ગુરૂવારે પરિવાર સાથે અમદાવાદ ગયા હતા, ત્યારે તસ્કરોએ રાત્રી સમયે તેમના મકાનને નિશાન બનાવ્યું હતું. જેમાં મકાનનું તાળું તોડી બેડરૂમમાં તિજોરી તોડી રોકડ અને સોનાના દાગીના મળી કુલ રૂ.૧.૬૯ લાખની મત્તા ચોરી નાસી ગયા હતા. પડોશીએ જાણ કરતા જ પરત આવેલી મહિલાએ ચોરી અંગે એ ડિવિજન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદથી તપાસ હાથ ધરી છે. જ્યારે શહેરના ગોપાળનગર સોસાયટીમાં મહેશભાઇ ઠક્કર અને રામાપીર મંદિર પાસે આવેલી સ્મશાન કોલોનીના ક્વાટર્સમાં ભગવાનભાઇ જે. વાઘેલાના મકાનમાંથી તસ્કરોના હાથમા કંઇ ન આવતાં ફેરો પડ્યો હતો.ઉલ્લેખનીય છે કે, હબીબખાનના ઘરમાં તસ્કરો ફ્રીજમાંથી ફ્રૂટ ખાઇ ગયા હતા.

## મોડાસામાં કિડનીકાંડઃ દલાલે ૨ યુવાનોની કિડની કાઢી હરિદ્વારમાં વેચી મારી

મોડાસા

મોડાસાના ૨ મુસ્લિમ યુવાનોને લાખ્ખો રૂપિયાની લાલચ આપ્યા બાદ તેમને મોડાસા અને મુંબઇના દલાલો દિલ્હી અને હરિદ્વારની હોસ્પિટલમાં લઇ જઇ કિ ડનીની કાઢી લીધી હોવાના રેકેટનો પર્દાફાશ થતાં ખળભળાટ મચી ગયો છે. ભોગ બનેલા મોડાસાના સલાઉદ્દીન પીરા અને ઇકબાલ શેખને દલાલો દિલ્હી લઇ જઇ બંનેની એક-એક કિડની કાઢી લીધા બાદ એકને અઢી લાખ અને બીજાને ત્રણ લાખ રૂપિયા આપી રસ્તા ઉપર છોડી દીધા હતાં. કિડનીકાંડનો ભોગ બનેલો સલાઉદ્દીન પીરા ગોધરા રેલવે સ્ટેશન પાસેથી ગુરુવારે અર્ધ બેભાન હાલતમાં મળી આવ્યો હતો અને તેના પરિજનોએ તેના શરીરે ડાબા પડખે ચીરો મારેલો જોઇ હાથ ધરેલી તપાસમાં આ કિડનીકાંડનો પર્દાફાશ થયો હતો.

## નર્મદા મહોત્સવ નિમિત્તે દીગડી ખાતે કિસાન ગોષ્ઠી યોજાઇ



પાટણ

પાટણ તાલુકામાં બીજા દિવસે ૧૦ ગામોમાં નર્મદા મૈયાનો રથ નિકળ્યો હતો. દરેક ગામમાં મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થઇ નર્મદા મૈયાની આરતી ઉતારી પાવન થયા હતા. સંસદીય સચિવશ્રી રણછોડભાઇ દેસાઇના રાહબર હેઠળ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા), પાટણ દ્વારા મા નર્મદા મહોત્સવ અંતર્ગત પાટણ તાલુકાના દીગડી ગામે કિસાન ગોષ્ઠી યોજવામાં આવી હતી.

કિસાન ગોષ્ઠીમાં કૃષિ યુનિવસર્સિટીના વૈજ્ઞાનિકોએ ખેતી અને પશુપાલનની યોજનાઓ, ખેતીનું ઉત્પાદન કેવી રીતે વધારવું, કયા ખાતરોનો ઉપયોગ કરવો, કયા પાકો લેવા, જમીન ચકાસણી કરાવવી વગેરે મુદાઓની ખેડૂતો અને યુવાનો સાથે ચર્ચા કરી હતી. ખેડૂતોના પ્રશ્નો સાંભળી જવાબો આપ્યા હતા.

મા નર્મદા મૈયાનોરથ છેલ્લા ગામ ધારપુર ખાતે રોકાણ કર્યું હતું. અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાંગ્રામજનો ઉમટી પડયા હતા.

આ પ્રસંગે સંસદીય સચિવશ્રી રણછોડભાઇ દેસાઇએ જણાવ્યું હતુંકે, ગુજરાતસરકારે નર્મદા ડેમની ઉંચાઇ વધારવા અનેક પડકારોનો સામનો કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સત્તા સંભાળ્યાના ૧૭ મા દિવસે નર્મદા ડેમના દરવાજા મુકવાની મંજૂરી આપી. જેનાથી દરવાજા ફીટ થતાં નર્મદા ડેમમાં ચાર ગણું પાણીનો વધુ સંગ્રહ થશે. આ વધારાનુંપાણી ઉત્તર ગુજરાતને મળશે.જેનાથી આ વિસ્તાર નંદનવન બનશે. નર્મદાના નીર ખેતરે ખેતરે અને ગામડે ગામડે પહોંચશે. જેનાથી શુધ્ધ પીવાનુંપાણી અને ખેતી માટે પાણી મળતાં ખેડૂતો સીઝનમાં બે પાક લઇ શકશે. સુજલામ સુફલામ કેનાલથી પાણીના સ્તર ઉંચા આવ્યા છે.ખેડૂતોની આવકમાં વધારો થશે. સમૃધ્ધ બનશે. યુવાનોને રોજગારી મળશે. નર્મદાના નીરથી પાટણ જિલ્લાના આર્થિક અને સામાજીક વિકાસમાં ગતિ આવશે.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી ડી.સી.જોષી, મામલતદારશ્રી અશોક શેરસીયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી જયંતીભાઇ પ્રજાપતિ, ભાજપ પ્રમુખશ્રી મોહનભાઇ પટેલ, જલાજી ઠાકોર, મંગાજી ઠાકોર, દાદુજી ચાવડા,વિરેશ વ્યાસ, હીનાબેન શાહ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

## ચાણસ્મા-મોઢેરા વચ્ચેની પુષ્પાવતી નદી પર ૧૧ કરોડના ખર્ચે ઓવરબ્રિજના કામનો શુભારંભ

ચાણસ્મા

આઝાદીના ૭૦ વર્ષ બાદ ચાણસ્મા અને મોઢેરા વચ્ચે આવેલ પુષ્પાવતી નદી ઉપર અંદાજીત રૂા.૧૧ કરોડ કરતાં પણ વધારે ખર્ચે નિર્માણ થનાર ઓવરબ્રિજનું કામકાજ શરૂ કરવામાં આવતાં મોઢેરાથી પશ્ચિમ દિશા તરફના આશરે વીસેક જેટલા ગામોને ચોમાસામાં પડતી હાલકીનો હવે અંત આવશે.

પુષ્પાવતી નદીમાં દર ચોમાસાની ઋતુમાં પુર આવવાના કારણે મિઠીધારીયાલ સહિત ૨૦ જેટલા ગામોનો એસટી સહિતનો તમામ વાહન વ્યવહાર બંધ થઈ જતો હતો.પરિણામે લોકોને ગંભીર માંદગી અને પ્રસુતિના સમયે સારવાર મેળવવા ભારે હાડમારી વેઠવી પડતી હતી અને સમયસર સારવાર ન મળવાને કારણે ભુતકાળમાં કેટલાક લોકો મોતને ભેટ્યા હોવાના બનાવો બનવા પામેલ હતા અને આ નદી ઉપર ઓવરબ્રિજ બનાવવાની માગણી કરાતી હતી.જેને રાજ્ય સરકારે મંજુરી આપ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પુરી કરી કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો છે.

આ નવનિર્મિત પુલ ઉપર અંદાજીત રૂા.૧૧ કરોડથી વધુનો ખર્ચ થનાર છે.જેના બાંધકામની સમયમર્યાદા ૧૮ માસ નક્કી કરાઈ છે.આ સમયગાળા દરમિયાન મોઢેરાથી પશ્ચિમ દિશા તરફનો વાહન વ્યવહાર ચાલુ રહે તે માટે ડાયવર્ઝન બનાવવાની કામગીરીનો આરંભ કરાયો છે.રાજયના મુખ્યમંત્રીએ ઓનલાઈન બ્રિજનું ખાતમુહુર્ત કરી લીલીઝંડી આપતાં બાંધકામની કામગીરી શરૂ કરવામાં આવી છે.આ પુલની મંજુરી માટે મીઠીધારીયાલ ગ્રામ પંચાયત અને ચાણસ્માના ધારાસભ્ય દિલીપભાઈ ઠાકોર તેમજ પાટણ સાંસદ લીલાભાઈ વાઘેલાની રજૂઆત બાદ રાજ્ય સરકારે ઓવરબ્રિજ મંજુર કરતાં આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

## એમ.એમ. ઝોટા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ.એમ. ઝોટા પ્રા.શાળામાં આચાર્યા શ્રીમતી રેખાબેન ઠક્કરની પ્રેરણાથી શાળામાં શ્રી ર્ડા. રાધાકૃષ્ણ સર્વપલ્લીના યાદમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૫ થી ૮ ના ૧૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ઠક્કર ભાવિક પ્રિન્સિપાલ, તન્ના વિધિ સુપરવાઈઝર, ગઢવી રાજદા, ઠાકોર આશીષ, ઠક્કર હિરેન, પારકરા આનંદ, દેસાઈ જયેશ, ડામોર પ્રેયર્સ, ગઢવી અંશદાન, ભરવાડ સેંધો, પરમાર યોગેશ સેવક તરીકેની ભૂમિકા ભજવી હતી. એક દિવસના શિક્ષક બની વિવિધ કલાસમાં જઈને ધોરણ ૧ થી ૮ તથા બાલમંદિરમાં અલગ અલગ વિષયોની માહિતી આપી ભણાવ્યા હતા.આ પ્રસંગની તમામ કામગીરી સુપરવાઈઝર દિપાબેન ઠક્કરે તેમજ જોષી મીનાક્ષીબેન, પટેલ હીનાબેને કરી હતી. તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ પુરતો સાથ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના પ્રમુખ ર્ડા.મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે.ઠક્કર, ઓનેરરી સેક્રેટરી ર્ડા. નવિનભાઈ ઠક્કર તેમજ કોષાધ્યક્ષ ધીરુભાઈ પી.ઠક્કર (પંપવાળા) એ શુભેચ્છાઓ પાઠવી હતી.

## વડાલી પ્રા.શાળા નં.૧ માં યોજાયેલ તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

વડાલી

વડાલી તાલુકા પ્રાથમિક શાળાઓના બાળકો દ્વારા વડાલી શાળા નંબર ૧ માં ૧૩૫, બાળકો દ્વારા જુદા જુદા પ્રકારના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને લગતા ઉમદા પ્રકારના પ્રયોગો તેમજ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. બી.આર.સી. કો.ઓર્ડિનેટર નુપેશભાઈ પટેલ, તાલુકા શિક્ષણ અધિકારી કપીલભાઈ પટેલ, પ્રાથમિક શિક્ષણ સંઘ પ્રમુખ ગીરીશભાઈ બારોટ, સી.આર.સી. તથા તાલુકા જુથ મંત્રીઓ, તાલુકા વિકાસ અધિકારી, તમામ તાલુકા પ્રાથમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બી.આર.સી.તરીકે જયારથી નુપેશભાઈએ કાર્યભાળ સંભાળ્યો છે ત્યારથી વડાલી તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અવનવા પ્રોગ્રામ કરવામાં આવે છે.બાળકોને ભણવા સાથે વિજ્ઞાન તથા પર્યાવરણ બાબતે જાગૃત કરવામાં આવે છે.શાળાઓમાં લેખન, વાંચન, રમતોત્સવ, ગણન જેવા કાર્યક્રમોથી બાળકોમાં એક નવો ઉત્સાહ પેદા કરવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારી ઉપાધ્યાય તથા જી.સી.આર.ટી.ગાંધીનગર દ્વારા વડાલી પ્રાથમિક શાળાઓનું શિક્ષણ સ્તર દિનપ્રતિદિન ઉચ્ચ સ્તરે જઈ રહ્યું છે.આ પ્રસંગે તાલુકાના મોટા ભાગના નેતાઓ, વાલીઓ તથા તાલુકાની જનતાએ હાજર રહી કાર્યક્રમને નિહાળ્યો હતો.

## યાત્રાધામ બહુચરાજીમાં નવરાત્રિ મહોત્સવની તૈયારી શરૂ

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે આસો માસ નવરાત્રિ મહોત્સવ તા. ૨૧/૯/૨૦૧૭ થી ૩૦/૯/૨૦૧૭ દરમિયાન શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાશે. જેને લઈ મંદિર ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદારના જણાવ્યા મુજબ, આસો સુદ ૧ ને ગુરુવાર તા. ૨૧/૯/૨૦૧૭ ના રોજ સવારે ૭/૧૫ કલાકે મા બહુચરના મંદિરમાં ઘટસ્થાપન વિધિ સાથે આસો નવરાત્રીનો પ્રારંભ થશે. શતચંડી યજ્ઞનો આરંભ આસો સુદ ૬ ને મંગળવાર તા. ૨૬/૯/૧૭ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થશે. જેની પૂર્ણાહુતિ આસો સુદ ૮ ને ગુરૂવારના રોજ સાંજના ૪/૩૦ કલાકે થશે. રાત્રે ૯/૩૦ કલાકે માતાજીની સવારી નીકળશે તેમજ રાત્રે ૧૨ કલાકે માતાજીને પલ્લીખંડ નૈવેધ ધરાવાશે. નવરાત્રિ ઝવેરી ઉત્થાપન વિધિ આસો સુદ ૧૦ ને શનિવાર તા. ૩૦/૯/૧૭ ના રોજ સવારે ૭-૩૧ કલાકે થશે. જયારે વિજયાદશમી ધજાનિશાન શનિવારે ૧૦-૩૦ કલાકે મંદિરના શિખરે ચડાવાશે.

સદીઓ જૂની પરંપરા મુજબ દશેરીએ મા બહુચરની સમીવૃક્ષ પૂજન માટે ભવ્ય શોભાયાત્રા શનિવારે સાંજના ૪ કલાકે નીકળશે. માતાજીની સવારી બેચર ગામે સમીવૃક્ષ પૂજન માટે જશે. આસો સુદ પૂનમ ગુરુવાર તા. ૫ ઓક્ટોબરના રોજ થશે. આ નિમિત્તે માતાજીની સવારી રાત્રે ૯/૩૦ કલાકે નીજ મંદિરથી નીકળી માતાજીના આદ્ય સ્થાનક શંખલપુર ગામે જશે. જયાં ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાશે. માતાજીની સવારીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે.

## ઉંઝામાં જીએસટી રિટર્ન માટેના પોર્ટલના ધાંધીયાની ફરિયાદ

ઉંઝા

જીએસટીના અમલ બાદ ઉંઝામાં અંદાજે ૧૬૦૦ જેટલા કરદાતાઓની જુલાઈમાં રૂા.૫.૧૮ કરોડની વિક્રમજનક આવક થઈ છે.જો કે હજુ પણ કેટલાય વેપારીઓએ જીએસટી નંબર લીધેલ નહીં હોવાની આશંકાને પગલે વેચાણ વેરા કચેરી તરફથી બે ટીમો દ્વારા સર્વે કરવામાં આવી રહ્યું છે.જો કે બીજી તરફ જીએસટી નંબર લેવા ઉપરાંત રિટર્ન ભરવા માટે સરકારી સર્વર છેલ્લા કેટલાક દિવસોથી ધીમું ચાલતું હોવાથી વેપારીઓ માટે શિરદર્દ સમાન પ્રશ્ન બની ગયો છે.

દેશમાં પહેલી જુલાઈથી જીએસટીનો અમલ યુધ્ધના ધોરણે સરકારે શરૂ કર્યો છે.પરંતુ ઈન્ટરનેટ સહિત ઈન્ફ્રાસ્ટક્ચરનો અભાવ તેમજ જરૂરી હેલ્પ સેન્ટરોનો અભાવ હોવાથી જીએસટી રિટર્ન ભરવા માટે કલાકોનો સમય થાય છે.જીએસટી નંબર લેવા માટે સરકારની જીએસટી ઓનલાઈન વેબ સાઈટ કલાકો સુધી ખુલતી નથી જેથી વેપારીઓ ત્રાસી ઉઠ્યા છે.

## વારાહીમાં દેના ગ્રામિણ બેંક શરૂ કરવા ખેડૂતો અને વેપારીઓની માંગ

વારાહી

પાટણ જિલ્લાનું વારાહી એ વેપારીઓના ધંધાનું પીઠું ગણાય છે.ગામમાં ખેડૂતોની અવરજવર પુષ્કળ પ્રમાણમાં રહેતી હોય છે.વારાહી આસપાસના કારોડા, જારૂણ, સાદપુરા, ફુલપુરા, ઝેકડા, ગઢા, ઝંડાળા, કોલીવાડા, દહીસર જેવા ઘણા બધા ગામડાઓના ખેડૂતો ગ્રામિણ બેંકના અભાવે છેક રાધનપુર સુધી લાંબા થવું પડે છે.

વારાહીમાં ગ્રામિણ દેના બેંકની તાતી જરૂર છે.વેપારીઓ અને ખેડૂતો બંનેને તેનો સારો લાભ મળે તેમ છે.ખેડૂતોને પાક ધિરાણ માટે તેમજ અન્ય ધંધાકીય વ્યવહાર માટે દેના ગ્રામિણ બેંકનો પ્રારંભ થાય તેવી માંગ ઉઠી છે.

ખેડૂતો તેમજ વેપારીઓ રાધનપુર દેના ગ્રામિણ બેંકમાં કામકાજ અર્થે જાય છે પરંતુ ક્યારેક સ્ટાફ હાજર ન હોય તો ધરમ ધક્કો ખાવો પડે છે.પૈસા અને સમય બંનેનો વ્યય થાય છે.જેથી ગામમાંજ દેના ગ્રામિણબેંક હોય તો ખેડૂતોને અને વેપારીઓના કામો સરળતાથી પાર પડી શકે.

## પાટણ સીનીયર સીટીઝન કાઉન્સીલના સભ્યો સરદાર સરોવરની મુલાકાતે

પાટણ

સીનીયર સીટીઝન કાઉન્સીલના સભ્યો સરદાર સરોવરની મુલાકાતે ગયા સિનિયર સીટીઝન પાટણના સભ્યો પોઈચા, પાવાગઢ, ડાકોર એવા પવિત્ર અને પાવનકારી તીર્થધામોના દર્શન તથા નદી કિનારાનો નજારો માણવા માટે યાત્રા પ્રવાસ લક્ઝરી બસ દ્વારા ત્રણ દિવસ પ્રવાસ યાત્રાએ નિકળ્યા છે.

પ્રમુખ શંકરભાઈ કે.પટેલ તથા મંત્રી રમણલાલ પટેલ તથા પ્રવાસ કન્વીનર મફતલાલ દ્વારા પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.સર્વે સભ્યો રાત્રે બગવાડા દરવાજેથી નિકળ્યા હતા અને પરિવારના સભ્યો વયોવૃધ્ધ વડીલોને વિદાય શુભેચ્છા આપવા ખાસ આવ્યા હતા.

## ચાણસ્મા ખાતેથી મા નર્મદા મૈયા રથને પ્રસ્થાન કરાવતા શ્રમ અને રોજગાર મંત્રી



પાટણ

પાટણ જિલ્લાના ગામોમાં મા નર્મદા રથ યાત્રાનું ગ્રામજનો દ્વારા ઉષ?માભેર સ્વાગત કરવામાં આવતું હતું પાંચમા દિવસે મા નર્મદા રથ યાત્રા ચાણસ?મા ખાતેથી શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને શહેરની બહેનોએ પુજન વિધી કરી અને મા નર્મદાની આરતી ઉતારી હતી લીલી ઝંડી આપી મા નર્મદા રથ યાત્રાને ચાણસ્માના ગામો ખાતે જવા માટે પ્રસ?થાન કરાવી હતી યુવાનો બહોળી સંખ્યામાં બાઈક સાથે યાત્રામાં જોડાયા હતા.

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરએ જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલનું સ્વપ્ન હતુ કે, નર્મદા નદી ઉપર ડેમ બને. આ સ્વપ્નને સરકારે સાચા અર્થમાં સાકાર કરી, ગુજરાતની ખેતી અને ખેડૂતોની સાથે છેવાડાના વિસ્તારો સુધી પીવાનું પાણી પહોંચાડયું છે.

માનનીય વડાપ્રધાનના અથાગ પ્રયત્નોથી નર્મદા ડેમનું સમગ્ર કામ પરિપુર્ણ થયુ છે. મધ્યપ્રદેશમાં પુનવસનની કામગીરી હોય કે જમીનના દશ ધણા ભાવો આપીને પણ દરવજા બંધ કરવાની કામગીરી પુર્ણ કરી છે. માં નર્મદારથ યાત્રા હિન્દુ સંસ્કુતિ સાથે જોડાયેલી છે. આપને સૌ મા નર્મદાને પ્રાર્થના કરીએ કે તુ અમારા ઉપર સદાય કૃપા અને દયાભાવ રાખજે ગુજરાત ઉપર કોઇ વિધ્ય ન આવે પીવાના પાણી ખેતી માટે પાણીની તકલીફો દુર કરજો મા નર્મદા અંતર્ગત નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા રંગોલી સ્પર્ધા,વકૃત્વ સ્પર્ધા વગેરેમાં ભાગ લેનાર વિધાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર મંત્રી દ્વારા આપવામાં આવ્યું હતું માં નર્મદા રથયાત્રાના પરિભ્રમણ અંતર્ગત નર્મદારથ યાત્રા રુપપુરા,સેધા, સેઢાલ, 'ખારીધારીયાલ, મંડ લોપ, બ્રામણવાડા, ખોરસમ, ગોખરવા, ભાટસર, દેલમાલ, ગામમાં પ્રવેશતા શ્રાવણ' માસ જેવો માહોલ જોવા મળતો હતો. વિવધ જ્ઞાતિ સમાજ ધ્વારા નર્મદારથ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. પુજન વિધી કરી અને મા નર્મદાની આરતી ઉતારી હતી બહેનો આરતી ઉતારવા માટે આતુર બનતી હતી.

# આગથળા પી.એચ.સી.ના ડોક્ટરે પટાવાળા પાસે કપડાં અને શૌચાલય સાફ કરાવ્યું હોવાનો આક્ષેપ

**ડોક્ટરના ગેરવર્તનથી આગથળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ**

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના આગથળા ગામે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર દ્વારા કર્મચારીઓ ઉપર ધાક ધમકીથી અને જોહુકમીથી ત્રાસ ગુજારાતો હોવાના અને ફરજમાં ના હોય તેવા તથા પોતાના પર્સનલ કામો કરાવતા હોવાના આક્ષેપ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફે જ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી

પ્રાપ્ત વિગત અનુસાર લાખણી તાલુકાના આગથળા ગામે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા મુકેશભાઇ પટેલ દ્વારા નોકરીમાંથી છૂટા કરી દેવાની ધમકી આપી પટાવાળા પાસે શૌચાલયની સાફ સફાઇ કરાવવાની તથા તેમના પર્સનલ કપડાં ધોવડાવવાની ઘટના તેમજ એમ્બ્યુલન્સના પાયલોટ પાસે

અનુસંધાન પાના નં.૬

# થરાદ તાલુકાના લુણાવા ગામના યુવક સાથે પતંજલીની ડીલરશીપ આપવાના બહાને ૧૭.૧૨ લાખની છેતરપીંડી

(પ્રતિ.) લાખણી

લાખણીમાં શિવશક્તિ ઈરીગેશન નામની દુકાન ધરાવતા થરાદ તાલુકાના લુણાવા ગામના જયંતીભાઇ ધનાજી પઢીયાર (માળી)ને પતંજલીના ડીસ્ટ્રીબ્યુટર બની ધંધો કરવાની ઈચ્છા થતાં તેમણે ગત ૧૯/૦૮/૨૦૧૭ના રોજ પોતાના લેપટોપમાં નેટ પર પતંજલી આર્યુર્વેદીક નામની વેબસાઈટ સર્ચ કરી ઓનલાઈન ડીસ્ટ્રીબ્યુટર બનવાની તમામ કાર્યવાહી પુર્ણ કરતાં ૨૧મીની સવારના સાત વાગ્યે ૭૪૪૯૮૦૬૩૩૮ નંબરના મોબાઈલ પરથી જનરલ મેનેજર વિકાસકુમાર નામના શખ્સે પતંજલી આર્યેવેદિક લી.માંથી વાત કરતો હોવાનું જણાવી વોટ્સએપ અને ઈમેલ આઈડીથી રજીસ્ટ્રેશન ફોર્મ અને અન્ય ડોક્યુમેન્ટની આપલે કરી ૨૩/૮ ના રોજ ડીસ્ટ્રીબ્યુટર ફી પેટે ૧૫૫૦૦ અને ૨૪/૦૮ ના રોજ સિક્યુરીટી ફી પેટે રૂ ૨,૭૫,૦૦૦ માંગતાં તેમણે તેમના ભાઇના બેંક ઓફ બરોડાના ખાતામાંથી આરટીજીએસ કરી જમા કરાવ્યા હતા.ત્યાર બાદ પ્રોડક્ટ લીસ્ટનું ૧૪,૨૨,૦૮૫ રૂપીયાનું બીલ હોઈ તેના પેટે તા.૨૮/૦૮ના રોજ ૩.૫૦ લાખ,૨૯/૦૮ના રોજ ૩.૫૦ લાખ, ૪/૦૯ના રોજ ૩.૫૦ લાખ અને તા.૬/૦૯ ના રોજ ૩,૭૨,૦૮૫ એજ રીતે મોકલી આપ્યા હતા.આ કુલ રૂપીયા ૧૪,૨૨,૦૮૫ પતંજલિ આયુર્વેદિક

અનુસંધાન પાના નં.૬

# વાવના માડકા ગામે જૈન મંદિરમાં સતત ત્રીજી વખત ચોરી

**છેલ્લા એક વર્ષમાં વાવ પંથકના પાંચ જૈન દેરાસરોમાં ચોરી**

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકામાં તસ્કર ટોળકીએ આતંક મચાવતા છેલ્લા એક વર્ષના ટુંકા ગાળામાં વાવ પંથકમાં ચોરી, ચીલઝડપ, ખિસ્સાકાતરૂ લુંટના ૧૫ બનાવો વાવ પોલીસને ચોપડે નોંધાયા છે પરંતુ એક પણ ગુનાનો ભેદ વાવ પોલીસ ઉકેલી શકી નથી. ત્રણ માસ અગાઉ વાવ તાલુકાના માડકા ગામે તસ્કર ટોળકી ત્રાટકી રૂા.૪.૫ લાખના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ગઈ હતી. માડકા ગ્રામજનોએ આવેદનપત્ર પાઠવી ચોરોને પકડવા માટે રજુઆતો કરી હતી. તે ભેદ તો હજુ અકબંધ છે. તેવામાં ફરી પાછી શનિવારે તા.૮-૯-૧૭ ની મધ્યરાત્રીએ તસ્કર ટોળકી ત્રાટકી માડકા જૈન દેરાસરના તાળાં તોડી રૂા. ૭૦૦૦ ની રોકડ રકમ ચોરી ફરાર થઈ જતાં માડકા જૈન સંઘના અગ્રણી રમેશભાઈ કાંતિલાલ મહેતાની ફરીયાદના આધારે વાવ પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

**એક વર્ષમાં ૫ જૈન દેરાસરોમાં ચોરીનો ભેદ ઉકેલાયો નથી**

ટુંકા ગાળામાં એટલે કે એક વર્ષમાં વાવ તાલુકાના માડકા, બુકણા, અસારા, વાસરડીના જૈન દેરાસરો ચોરીનો ભોગ બની ચૂકયા છે. જેનો આજ દિન સુધી ભેદ ઉકેલાયો નથી જેથી કરીને જૈન ધર્મની લાગણી દુભાઈ રહી છે.

**મુખ્યમંત્રી અને રાજયમંત્રીને રજુઆત પરંતુ પરિણામ શૂન્ય**

વાવ તાલુકાના માડકા ગામે ત્રણ માસ અગાઉ તા. ૧૫-૫-૨૦૧૭ ના રોજ રૂા.૪.૮૦ લાખની ચોરી થઈ હતી.જે બાબતે માડકા જૈનસંઘ અને જૈન સમાજના અગ્રણીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીને લેખીત રજુઆત કરી હતી. તેમ છતાં પોલીસ તંત્ર દ્વારા આજ દિન સુધી તે ચોરીનો ભેદ ઉકેલાયો નથી પરંતુ ચોરી થતી અટકાવવામાં પણ પોલીસ તંત્ર નિષ્ફળ નીવડયું છે. વાવ પંથકમાં ચોરી લુંટની વધતી ઘટનાઓ વચ્ચે પોલીસ તસ્કરોને નાથવામાં નિષ્ફળ સાબીત થઈ રહી છે.

# ૧૪ થી ૨૬ સપ્ટેમ્બર રાજ્યમાં સાર્વત્રિક વરસાદના યોગ

**ગુરૂનો અગ્નિ નાડીમાં તેમજ શુક્રનો અમૃત અને જળનાડીમાં પ્રવેશ થતાં વરસાદ પડશે**

ડીસા

તા.૧૪ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ગુરૂનો અગ્નિ નાડીમાં તેમજ શુક્રનો અમૃત અને જળ નાડીમાં પ્રવેશ થશે જેને પરિણામે વરસાદનો યોગ સર્જાયો છે.જેથી રાજયમાં સાર્વત્રિક વરસાદ થવાની સાથે ગરમીનું પ્રમાણ વધે તેવી સંભાવના જ્યોતિષ શાસ્ત્રની દષ્ટિએ વ્યક્ત કરાઈ છે.

આ બાબતે જ્યોતિષ શાસ્ત્રી કનુભાઈ દવે (જગાણા)એ જણાવ્યું છે કે તા.૧૩-૯-૨૦૧૭ ભાદરવા વદ-૮ બુધવાર ૨:૩૬ વાગે સુર્ય નારાયણ ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશ કરશે.આ નક્ષત્રનું વાહન દેડકો છે.

તા.૨૫-૯-૨૦૧૭ બુધ પૂર્વમાં અસ્ત થાય છે.તા.૧૬-૯-૨૦૧૭ થી સૂર્ય કન્યા રાશિમાં ૨૧:૪૧ વાગે પ્રવેશ કરશે. ગુરૂ મહારાજ તુલા રાશિમાં તા.૧૨-૯-૨૦૧૭ ને ૬:૫૩ વાગે પ્રવેશ કરશે. ગુરૂ અગ્નિ નાડીમાં શુક્ર અમૃત અને જળ નાડીમાં પ્રવેશ થતાં તા.૧૪-૯-૨૦૧૭ થી ૨૬-૯-૨૦૧૭ વચ્ચે સર્વત્ર વરસાદ થવાના યોગો છે. ગ્રહો જોતા ગરમીનું પ્રમાણ વધશે. ધરતીકંપ થાય, નેતાઓ, ધર્મગુરૂઓના કૌભાંડો બહાર આવશે. સરહદો ઉપર સલામતી વધારવી પડશે.

**ગુજરાતની સ્થાપના પછી કાંકરેજ વિધાનસભા બેઠક પર**

# ૬ વખત કોંગેસ, ૨ વખત ભાજપ જ્યારે એક - એક વખત જનતાદળ, જેએનપી અને એનસીઓ પક્ષ જીત મેળવી ચુકયું છે

કાંકરેજ વિધાનસભા સીટ પર અત્યાર સુધી ૧૧ વખત ચુંટણી જંગ જામી ચુકયો છે જેમાં કોંગેસ - ૬ વખત, ભાજપ - ૨ વખત જ્યારે એક - એક વખત જનતાદળ, એન.સી.ઓ અને જે.એન.પી (જેપી) પક્ષના ઉમેદવારોને કાંકરેજની જનતાએ પ્રતિનિધિત્વ કરવાની તક આપેલી છે. તેમ છતાં આજે પણ કાંકરેજ મત વિસ્તારના પાયાના પ્રશ્નો ઉકેલવામાં પણ જનપ્રતિનિધિઓ નિષ્ફળ પુરવાર થયા છે.

આ બેઠક પર ધારશીભાઈ ખાનપુરા ૧૯૯૦ માં જનતાદળ પક્ષમાંથી, ૧૯૯૫, ૨૦૦૨ અને ૨૦૧૨ માં કોંગ્રેસ તરફથી જીત મેળવવામાં સફળ નિવડ્યા છે. આ ઉપરાંત જે.વી.શાહ તરીકે જાણીતા જયંતીલાલ વિરચંદભાઈ શાહ ૧૯૬૭ માં કોંગ્રેસ પક્ષમાંથી અને ૧૯૮૫ માં જેએનપી(જેપી) પક્ષના સિમ્બોલ પર ચૂંટાઈ કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યા હતા. જ્યારે, ભગતના હુલામણા નામથી જાણીતા શાંતિલાલ ધાણધારા ૧૯૭૨ અને ૧૯૮૦ માં કોંગ્રેસના પંજા નિશાન ઉપર જીત મેળવી બે વખત કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યા હતા. જોકે, કોંગ્રેસ પક્ષે ૧૯૮૫ માં તેમને લોકસભાની ચૂંટણીમાં ઉભા રાખતાં તેઓ સાંસદ બની કેન્દ્રમાં રાજયકૃષિ મંત્રીનું પદ મેળવવામાં સફળ રહ્યા. જ્યારે, ભાજપના જાણીતા ચહેરા વાઘેલા માનસિંહ પણ કાંકરેજ બેઠક પરથી એકવાર જીત મેળવવામાં સફળ રહ્યા હતા આમ, આ બઠક પર અત્યારસુધી મતદાતાઓનું દિલ જીતવામાં કોંગ્રેસના જે.વી.શાહ, ધારશી ખાનપુરા શાંતિલાલ ધાણધરા તેમજ ભાજપના મગનસિંહ વાઘેલા સફળ રહ્યા છે. હવે નજર કરીએ કાંકરેજ બેઠકનું આંકડાકીય વિશ્લેષણ...

**રાજકારણમાં જવલ્લેજ જોવા મળતી વ્યક્તિઓમાં શાંતિલાલ ધાણધરાનું નામ મોખરે. એક જ પક્ષને સદાય વફાદાર... એક માત્ર ભગત...**




૧૯૬૭માં કાંકરેજ દિયોદર તાલુકામાંથી છુટું પડતા ૧૯૬૭માં નવી કાંકરેજ વિધાનસભા બેઠક અસ્તિત્વમાં આવી કાંકરેજની પ્રથમ ચૂંટણીમાં કુલ ૫૯,૫૭૭ મતદારોમાંથી ૩૪,૦૫૯ એટલે કે ૫૭.૨૦% મતદાતાઓએ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કર્યો હતો. જેમાં મતદારોનો વિશ્વાસ જીતવામાં કોંગ્રેસના જયંતિલાલ વિરચંદભાઈ શાહ (જે.વી.શાહ) સફળ રહ્યા હતા. આ ચૂંટણીમાં કોંગ્રેસના જે.વી.શાહની સીધી ટક્કર અપક્ષ ઉમેદવાર શાંતિલાલ ધાણધરા સામે હતી. ભગત તરીકે ઓળખાતા શાંતિલાલ એકલા હાથે ૧૨,૫૮૧ મતદારોની પહેલી પસંદ બન્યાં. આટલા મત મેળવી તેમણે કોંગ્રેસના જે.વી.શાહનો મજબૂત મુકાબલો કર્યો. જે.વી.શાહને કોંગ્રેસના સિમ્બોલ પર ૧૩,૩૩૬ મતો મળતાં કોંગ્રેસનો ૭૫૫ ની પાતળી લીડથી વિજય થયો.

૧૯૭૨ ની ચૂંટણીમાં કુલ ૭૭,૨૨૮ મતદારોમાંથી ૪૨,૯૫૭ મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. કોંગ્રેસે આ વખતે ૧૯૬૭ માં અપક્ષમાંથી કોંગ્રેસને હંફાવનાર શાંતિલાલ ધાણધરાને ટિકિટ આપી મતદાતાઓની લાગણીને માન આપવાની રાજકીય ચાલ રમી કોંગ્રેસની આ ચાલ સફળ નિવડી બીજી તરફ કોંગ્રેસે ચાલુ ધારાસભ્ય જે.વી.શાહને ટિકિટ નહી આપતાં તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં ઉતર્યા. આ ચૂંટણીમાં કોંગ્રેસના શાંતિલાલ ધાણધરાને ૨૭,૪૫૫ મતો મળ્યાં, જ્યારે અપક્ષ ઉમેદવાર જે.વી.શાહને ૧૪,૭૭૯ મતો મળતાં કોંગ્રેસના શાંતિલાલ પ્રથમવાર કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યાં.

૧૯૭૫ ની ચૂંટણીમાં ચાલુ ધારાસભ્ય શાંતિલાલને ટિકિટ આપવાને બદલે નવા ઉમેદવાર જેસંગભાઈ ઠક્કર પર વિશ્વાસ કર્યો, જોકે આ વખતે પ્રથમ વખત ચૂંટણી લડી રહેલા એન.સી.ઓ. પક્ષના મફતલાલ પાંચાણી જીત મેળવવામાં સફળ નિવડ્યા. આ ચૂંટણી જંગમાં કુલ ૬૯,૯૬૬ મતદારોમાંથી ૩૯,૯૬૪ મતદારોએ પોતાની વોટની તાકાતનો પરચો બતાવ્યો. જેમાં એન.સી.ઓ.ના મફતલાલ પાંચાણી ૧૮,૫૭૪ મતો મેળવવામાં સફળ રહ્યા. તો કોંગ્રેસના જેસંગભાઈ ઠક્કર માત્ર ૧૬,૭૭૦ મતો જ મેળવી શકયા, પરિણામે ૧૯૭૫ માં એન.સી.ઓ. ન મફતલાલ પાંચાણીનો ૧૯૧૪ મતોથી વિજય થતાં તેઓ પ્રથમ વખત ધારાસભ્ય બની વિધાનસભા પહોંચ્યા.

૧૯૮૦ માં કોંગ્રેસને ફરી એકવાર પોતાના સંકટમોચક શાંતિલાલ ધાણધરાની યાદ આવી. તેઓ આ વખતે પણ કોંગ્રેસના વિશ્વાસમાં ખરા ઉતર્યા. સામાપક્ષે જયપ્રકાશ નારાયણના આંદોલનમાંથી જન્મેલી જે.એન.પી. (જે.પી.) પાર્ટીએ પોતાના ઉમેદવારને ઉભો રાખ્યો. જોકે, તેઓ મતદારોને રિઝવવામાં નિષ્ફળ નિવડ્યા. આ ચૂંટણી જંગમાં કુલ ૭૯,૫૭૮ મતદારોમાંથી ૪૩,૧૪૪ મતદારોએ પોતાની વોટની શક્તિનો ઉપયોગ કરી પોતાના ધારાસભ્યને પસંદ કર્યા. કોંગ્રેસ (આઈ) ના ઉમેદવાર શાંતિલાલ ધાણધરાને ૨૪,૭૯૨ મતો મળ્યાં, જ્યારે, જે.એન.પી. (જે.પી.) પક્ષના મફતલાલ પાંચાણી માત્ર ૧૫,૬૩૪ મતો જ મેળવી શકયા. આમ, ૯૧૫૮ મતોથી જીત મેળવી કોંગ્રેસ (આઈ) ના શાંતિલાલ ધાણધરા બીજીવાર ધારાસભ્ય બનવવામાં સફળ રહ્યાં.

૧૯૮૫ ની ચૂંટણીમાં જીત મેળવવામાં જે.એન.પી. (જે.પી.) પક્ષ સફળ નિવડ્યા. જે.એન.પી.એ. કોંગ્રેસથી છેડો ફાડનાર જે.વી.શાહને ટિકિટ આપી, તો કોંગ્રેસે પોતાના ચાલુ ધારાસભ્યને રિપિટ કરવાની થિયરી અપનાવી. જોકે, જે.એન.પી.ના શાંતિલાલ સામે કોંગ્રેસની આ થિયરી કામ ના લાગી. જે.એન.પી. (જે.પી.) પક્ષના જયંતિલાલ શાહ ૨૭,૩૭૮ વોટ મેળવવામાં સફળ રહ્યા. તો કોંગ્રેસના શાંતિલાલને માત્ર ૨૨,૮૭૧ મતો જ મળી શકયા જોકે, આ ચૂંટણીમાં કોંગ્રેસની હાર માટે અપક્ષ ઉમેદવારોએ ગેમ ચેન્જરની ભૂમિકા ભજવી જેમાંથી સરદારજી ઠાકોર પોતાના બળે ૧૦,૨૦૯ મતો ખેંચવામાં સફળ નિવડ્યા, આમ જે.એન.પી. ના જે.વી.શાહ કોંગ્રેસ સામે ૪૫૦૭ મતોથી જીત મેળવી બીજીવાર કાંકરેજના ધારાસભ્ય બનવામાં સફળ સાબિત થયાં. કોંગ્રેસમાંથી ટિકિટ મળે કે ના મળે પરંતુ સદાય પક્ષને વફાદાર રહેલા શાંતિલાલ (ભગત) ને કોંગ્રેસે લોકસભામાંથી સાંસદ બનાવતાં તેઓને કેન્દ્રીય કૃષિ રાજયમંત્રીના પદ સ્વરૂપે વફાદારીનું ઈનામ મળ્યું.

૧૯૯૦ માં જનતાદળે ધારશીભાઈ લાખાભાઈ ખાનપુરાને ટિકિટ આપતાં આ ચૂંટણીથી ધારાશીભાઈની કિસ્મત ચમકવા લાગી અને આ ચૂંટણીથી જ કાંકરેજ સીટ પર જ્ઞાતિગત રાજકારણ જામવા માંડ્યું આ ચૂંટણી જંગમાં જનતાદળનો મુકાબલો કોંગ્રેસ સાથે નહિ પણ ભાજપ સાથે હતો. કોંગ્રેસ આ ચૂંટણીમાં ત્રીજા નંબરે ધકેલાયું. જનતાદળના ધારશીભાઈ ખાનપુરાને ૨૮,૫૯૫ મતો મળ્યાં, જ્યારે ભાજપના મગનસિંહ વાઘેલાને ૨૦,૫૮૭ મતો પ્રાપ્ત થયાં તો કોંગ્રેસના કાળુભાઈ તરક ૧૮,૯૭૮ મતો જ મેળવી શકયાં. આમ, જનતાદળ - ભાજપ વચ્ચેના જંગમાં જનતાદળના ધારશીભાઈ ખાનપુરા ૮૦૦૮ મતોથી જીત મેળવી પ્રથમવાર કાંકરેજના ધારાસભ્ય બની વિધાનસભા પહોંચ્યા.

**૧૯૯૦ માં જનતાદળમાંથી ધારાસભ્ય બનનાર ધારશીભાઈ ૧૯૯૫ માં પક્ષપલ્ટો કરી કોંગ્રેસમાં જોડાઈ ગયા. તેઓ ચાર વખત ધારાસભ્ય બનવામાં સફળ રહ્યાં. હાલમાં તેઓ ધારાસભ્ય પદે ચાલુ છે.**

૧૯૯૫ ની ચૂંટણીમાં કોંગ્રેસે પોતાના હારેલા ઉમેદવાર પર જુગાર રમવાને બદલે વિનીંગ ઘોડા સમાન જનતાદળના ચાલુ ધારાસભ્ય ધારશીભાઈને ટિકિટ આપી પોતાની તરફ ખેંચી લીધા. કોંગ્રેસનો આ રાજકીય વ્યુહ સફળ નિવડ્યો. જ્યારે, ભાજપે મગનસિંહ વાઘેલાને ટિકિટ આપી, જેઓએ પણ મતદારોને ખાસ્સાં પ્રભાવિત કર્યા, પરંતુ તેઓ જીતવામાં નિષ્ફળ રહ્યાં. આ ચૂંટણીમાં કોંગ્રેસના ધારશીભાઈ ખાનપુરાને ૩૭,૮૨૨ મતો મળ્યાં, જ્યારે ભાજપના મગનસિંહ વાઘેલા ૩૨,૭૪૭, મતો સાથે બીજા નંબરે રહ્યાં. આમ, આ ચૂંટણીમાં કોંગ્રેસના ધારશીભાઈ ૫૦૭૫ મતોથી જીતી બીજીવાર કાંકરેજના જનપ્રતિનિધિ બનવામાં સફળ રહ્યાં જનતાદળમાંથી

અનુસંધાન પાના નં.૬

**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી.

વ્હોટસ એપ - મો.૯૪૨૭૦ ૧૯૭૬૪

Email : rakheval@gmail.com

નર્મદા વિભાગનું ડીંડવાણું

# વાવની 'ચોથાનેસડા ડીસ્ટ્રીબ્યુટર'માં જ વીજ થાંભલાને ચણી દીધો




**આવી જ લાઈન પરથી ૧૧ હજાર વોલ્ટેજની હેવીલાઈન પસાર થાય છે**

તા.પ્રતિનિધિ વાવ

વાવ તાલુકાના ટડાવ ગામ પાસેથી ચોથાનેસડા ડીસ્ટ્રીબ્યુટરની નર્મદા નહેરની શાખા પસાર થાય છે. જે ચોથા નેસડા ડીસ્ટ્રીબ્યુટર શાખાની સને ૨૦૧૪ માં કામ ગીરી શરૂ કરાઈ હતી. તે સમય દરમિયાન અહીંયા ચોટીલ રોડ પર વીજ કંપનીની વીજ લાઈન પસાર થતી હતી ત્યારે ગામના જાગૃત નાગરીકોએ નર્મદા બ્રાન્ચના ના.કા. ઈજનેર અને સુપરવાઈઝરનું ધ્યાન દોરી આ વીજથાંભલાને સાઈડમાં ખસેડવાનું સુચન પણ કરવામાં આવ્યું હતું. જેથી જવાબદાર તંત્ર દ્વારા વીજ થાંભલાઓ પણ લવાયા હતા. છેલ્લા ત્રણ વર્ષથી આ થાંભલાઓ ઉપર કાટ વળી ગયો છે પરંતુ નર્મદા વિભાગની બેજવાબદારીભરી નીતીના લીધે કોન્ટ્રાકટરે આ વીજ થાંભલાને ચોથાનેસડા ડીસ્ટ્રીબ્યુટરના આર.સી.સી. બાંધકામ ચણી દીધો છે. ભવિષ્યમાં આ ૧૧ હજાર વીજ વોલ્ટની હેવીલાઈન તુટી અને નર્મદા વિભાગની ચોથાનેસડા ડીસ્ટ્રીબ્યુટરમાં પડે તો મોટો ગોજારો અકસ્માત સર્જાવાની દહેશત વર્તાઈ રહી છે. તે પુર્વ નર્મદા વિભાગના જવાબદાર અધિકારીઓ જાગૃત બની આ હેવીલાઈનના વીજ થાંભલાને અન્ય સ્થળે ખસેડે તેવી સ્થાનિક ગ્રામજનોની ઉગ્ર માંગ છે.

# થરાદના કળશ (લુવાણા)માં ભાજપના મહામંત્રીને અપશબ્દો બોલાતાં ખળભળાટ

**ગામના એક વ્યક્તિએ ભાજપ માટે અપશબ્દ વાપરતાં શાબ્દિક ટપાટપી : વિડીયો વાયરલ**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના કળશ (લવાણા) ગામમાં ગયેલા નર્મદામહોત્સવ રથ દરમ્યાન ગામના એક વ્યક્તિએ ભાજપના તાલુકાના મહામંત્રી અને ભાજપ માટે અપશબ્દનો પ્રયોગ કરી પોતાનો વિરોધ વ્યક્ત કરતાં ખળભળાટ મચવા પામ્યો હતો. જોકે આ ટપાટપીનો વિડીયો વાયરલ થયો હતો.જેમાં ગામના એ વ્યક્તિએ જે થાય તે કરી લેવાની પણ ચિમકી ઉચ્ચારતાં ભારે સનસનાટી મચવા પામી હતી.




થરાદ તાલુકાના કળશ લવાણા (કળશ) ગામમાં રવિવારે નર્મદા મહોત્સવનો રથ શાળામાં જતાં થરાદ તાલુકા ભાજપના મહામંત્રી

અનુસંધાન પાના નં.૬

**શનિવારે થરાદના ઘોડાસરમાં હોબાળો થયો હતો**

શનિવારે થરાદના ઘોડાસર ગામમાં નર્મદનાં પાણી આવતાં નથી અને ગામમાં દારૂની રજુઆત કરવામાં આવતાં તાલુકાના અધિકારીઓએ એક તબક્કે જતા રહેવાની ધમકી આપતાં કેટલાક ગ્રામજનો અકળાયા હતા. નોંધનીય છેકે તાલુકાના આ ગામમાં એક શિક્ષકના સામે અગાઉ પણ દારૂ પી ને આવતો હોવાની ઉચ્ચસ્તરે રજુઆતો કરવામાં આવી હતી.

પુરને દોઢ માસ ઉપરાંતનો સમય...

# ગોઢા ગામના પુરગ્રસ્તો હજુ સુધી સહાયથી વંચિત

**હળાહળ અન્યાયના વિરૂધ્ધમાં જન આંદોલનના ભણકાર**

પ્રતિનિધિ ભાભર

લાખણી તાલુકાના ગોઢા ગામે જુલાઈ-૨૦૧૭માં આવેલા પુરથી વ્યાપક તબાહી અને ખુવારી થઈ હતી. લોકોને જીવ બચાવવા પરિવાર સાથે સ્થાળંતર કરવું પડયું હતુ. તેમ છતાં પુરગ્રસ્તોને સરકારી સહાય મળી નથી. બીજી બાજુ, આ વિસ્તારના ધારાસભ્ય ચૂંટણી જીત્યા બાદ આ સુધી ગામમાં ફરક્યા નથી તેથી ગ્રામજનો હળાહળ અન્યાયની લાગણી અનુભવે છે.

બનાસકાંઠા જિલ્લામાં જુલાઈ-૨૦૧૭ માં ભારે પુર આવ્યું હતુ જે પુરનું પાણી ગોઢા ગામમાં પણ ફરી વળ્યું હતુ. જેના કારણે ઘરો અને દુકાનોમાં પાણી ભરાઈ જતા અનેક પરિવારો પાયમાલ થઈ ગયા હતા. પુરના ઘસમસતા પ્રવાહના કારણે ૨૦ જેટલા પરિવારોનું ઉંચાણવાળા સ્થળે જયારે ૫ પરિવારોનું સ્કૂલમાં સ્થાળાંતર કરાવવામાં આવ્યું હતું. જેથી પુરના કારણે વ્યાપક નુકશાન થયું હતું. તેમ છતાં પુર અસરગ્રસ્તને સરકારી સહાય રૂપે ફૂટી કોડી પણ ચૂકવાઈ નથી. આ ભેદભાવ વચ્ચે ચૂંટણી જીત્યા પછી ધારાસભ્ય કેશાજી ચૌહાણ પુરની વિકટ સ્થિતિમાં પણ

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં ચાર શકુનિ પકડાયા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પી.આઈ. જી.એલ.ચૌધરી સ્ટાફ સાથે રાત્રિ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ધરણીધર કોમ્પલેક્ષમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. તેથી તેમણે આકસ્મીક દરોડો પાડી જુગાર રમતા જબરાજી છોગાજી બારોટ, મહેશભાઈ ખેમજીભાઈ કેશરાણી, ચંદનભાઈ સરૂપાજી રાઠોડ અને જીગરભાઈ નેમચંદભાઈ શ્રીમાળીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂા.૧૮,૫૧૦ અને પાંચ મોબાઈલ મળી કુલ રૂા.૨૬,૦૧૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તમામ વિરૂધ્ધ જુગારધારા મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાલનપુર

પાલનપુરમાં વરલી - મટકાનો જુગાર જાહેરમાં રમાતો હોવાની ઉઠેલી ફરીયાદોના પગલે પોલીસે ગઈકાલે જિલ્લા પંચાયત ક્યાર્ટની સામે આંકડા લખી જુગાર રમી રમાડતા રાજેન્દ્રકુમાર ચીમનલાલ ઠાકોરને રૂા.૫૮૦ ના મુદ્દમાલ સાથે ઝડપી પાડ્યો હતો. જો કે તેનો સાથીદાર અશોક શંકરજી ઠાકોર નાસી છુટ્યો હતો. પોલીસે બંને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચંડીસરમાં પૂજારી લૂંટાયા

પાલનપુર

સુંધા માતા તળેટી ખાતે આવેલ પંચમુખી હનુમાનજી આશ્રમના પુજારી 'મદનપુરી ગુરૂ હરદેવપુરી ગતરોજ ચંડીસરના ટોકરીયા મહાદેવ મંદીરેથી એચ.પી.અસી.એલ. કંપની પાછળના રસ્તેથી ચાલતા જતા હતા. તે દરમિયાન મોટા ગામના કાંતિભાઈ ભીખાભાઈ ઠાકોર અને દશરથજી ઘેમરજી દેલવાડીયા તેમને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તેમની ઝોળીમાંથી રૂા.૨૫૦૦ રોકડા, મોબાઈલ ફોન અને પોસ્ટ ઓફિસ તથા બેંકની ચોપડીઓ, આધાર અને ચૂંટણી-કાર્ડ લૂંટી નાસી ગયા હતા. જે મતલબની તેમણે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# થરાદ સાંચોર રોડ પર ટ્રીપલ અકસ્માત

**ડીસા રોડ પર જીપમાંથી પડી જતાં એકને ઇજા**

(પ્રતિ.) થરાદ

થરાદ સાંચોર રોડ પર ટ્રીપલ અકસ્માતમાં બે ને ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ડીસા રોડ પર જીપમાંથી પટકાતાં એકને ઈજા થવા પામી હતી. આ બનાવની કોઈ ફરીયાદ નોંધાવા પામી હતી.




થરાદ સાંચોર રોડ પર શનિવારની મધરાતે એક હાઈવા ટ્રક અને ટ્રેલર વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. આથી તેમાં બેઠેલા શખ્સ નારણારામ સારણ ઉ.વ.૪૫ને ઈજાઓ થવા પામી હતી. આ બનાવની થરાદ ૧૦૮ના પાયલોટ ભરત માળી અને ઇ એમ ટી અમરાભાઇ ચમારે દોડી જઇ સારવાર માટે સરકારી હોસ્પીટલમાં ખસેડાયા હતા. આ વખતે ઝાણદી ગામના નિલા કરશનભાઇ નાઈની જીપ લઇને તેમના કોઇ સંબંધીને લેવા માટે જીપચાલક

અનુસંધાન પાના નં.૬

પૂરની પરિસ્થિતિને ૫૦ દિવસ વીતવા છતાં

# વાવના માડકા ગામે હજુ પાણીનો પ્રવાહ સતત ચાલુ




તા.પ્રતિનિધિ વાવ

જુલાઈ ૨૦૧૭ એટલે કે તા.૨૧-૭-૧૭ ના રોજ વાવ તાલુકાના માડકા ગામે પાણીનો પ્રવાહ આવતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. જોકે જવાબદાર તંત્રના આગોતરા આયોજનથી કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો પરંતુ માડકા ગામના પુરપીડીતોને ભારે વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો. સતત એક માસ સુધી પાણીના ઘેરાવા વચ્ચે રહી સમય પસાર કરવો પડયો હતો. જોકે, જવાબદાર તંત્ર દ્વારા કીટસ, કેશડોલ્સ, ઘરવખરી જેવી તમામ સહાયો ઉપલબ્ધ કરાઈ હતી પરંતુ પૂરની પરીસ્થિતિને આજે ૫૦ દિવસ પૂર્ણ થયા છતાં માડકા ગામમાં હજુ અડધો ફુટ સુધી પાણીનો પ્રવાહ ચાલુ છે. જયારે નીચાણવાળા વિસ્તારમાં ૧ ફૂટ પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. જેથી કરીને ગંદકી, રોગચાળો અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. સત્વરે માડકા ગામની આરોગ્ય તંત્ર મુલાકાત લઈ ગામમાંથી પાણીનો નિકાલ, ગંદકીનો નિકાલ તેમજ દવાનો છંટકાવ કરવામાં આવે તેવી લોકમાંગ છે. હાલની પરિસ્થિતિ જોતાં મચ્છરોના ઉપદ્રવના લીધે માડકા ગામમાં રોગચાળાનું પ્રમાણ વધી ગયું છે અને લોકો પરેશાની વેઠી રહ્યા છે.